بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## અહલે સુન્નત વ જમાઅત

# માસિક બરકાતે ખ્વાજા

યા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૦૭**

ઝીલ કઅદ-ઝીલ હજ્જ

હિજરી સન : ૧૪૨૮

વર્ષ : ૦૪, અંક : ૧૨, સળંગ અંક : ૪૮

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## હાલાત કિસે પેશ કરું.....

અઝ : બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ *(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

મેરે દિલમેં હૈં જો જઝબાત કિસે પેશ કરું
કલ્બે મુઝતર કી સિયાહ રાત કિસે પેશ કરું

કાફલે ફિરસે ચલે તયબાહ કો દીવાનોં કે
અપની મજબૂરી કે હાલાત કિસે પેશ કરું

આ ગયા હજ્જ કા મહીના મેરી હાલત દેખો
મેરે દિલમેં હે જો બાત કિસે પેશ કરું


કાશ ! મુઝકો ભી બુલાતે મેરે આકા દર પર
દિલ કી ધળકનકી યે સૌગાત કિસે પેશ કરું

ક્યા ખતા મુઝસે હૂઈ જાને કહાં ભૂલ હૂઈ ?!
અપને જુર્મો કી યહ બોહતાત કિસે પેશ કરું

રાત દિન હાલ યહી હે નહીં દિલ બસમેં મેરે
આંસૂંઓં કી જો હે બરસાત કિસે પેશ કરું

તુમહીં હો જાને જહાં જાને સુખન પ્યારે નબી
દર્દે દિલસે ભરે નગ્માત કિસે પેશ કરું

અબ તો **'રિઝવાં'** પે કરમ હો અય મેરે પ્યારે કરીમ
દિલ પે હોતે હૈં જો અષરાત કિસે પેશ કરું



**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

# બરકાતે ખ્વાજા (માસિક) ડિસેમ્બર-૨૦૦૭

વર્ષ : ૦૪ અંક : ૧૨ સળંગ અંક :૪૮


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **હક્ક તથા નાહક્કને પહેચાનવાની વધુ એક તક ! ઈદનો ચાંદ !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૯ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૫ |
| ૦૬. | હજ્જ વિશે અગત્યની જાણકારી | **કાર્યાલય** | ૧૭ |
| ૦૭. | એક મુટ્ઠી દાઢી હદીષથી સાબિતછે! | **કાર્યાલય** | ૨૨ |
| ૦૮. | અલ્લામા મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી નક્શબંદીની જીવન ઝરમરની ઝલક | લેખક : હઝરત મૌલાના અબ્દુલ મુબિન નોઅમાની અનુવાદક : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી | ૨૪ |
| ૦૯. | **પ્રો. તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં** | **કાર્યાલય** | ૨૯ |
| ૧૦. | અઝાનની ફઝીલત હદીષના પ્રકાશમાં | **અઝ** :અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી | ૩૬ |
| ૧૧. | હુઝૂર તાજુશ્શરીઅહ્નું ભાવભર્યું આગમન ! | **કાર્યાલય** | ૪૪ |
| ૧૨. | સુન્ની દા'વતે ઈસ્લામીના ભરૂચમાં થયેલ સુન્ની ઈજતેમાની ઈમાન અફરોઝ ઝલકો ! | **કાર્યાલય** | ૪૫ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


**નોંધ** : આ અંકમાં સ્થળ સંકોચને કારણે ચાલુ લેખમાળા **"ગુનાહોનો ઈલાજ, રહમતે દારૈનના શયદાઈ, કાનૂને શરીઅત, સુન્નતે નબવી અને મેડિકલ સાયન્સ"**નો સમાવેશ કર્યો નથી. આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. ઈન્શાઅલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હક્ક઼ તથા નાહક્ક઼ને પહેચાનવાની વધુ એક તક !

ઈદનો ચાંદ !

તંત્રી લેખ.....

મુસલમાનોમાં વિવાદ તથા વિખવાદને જન્મ આપવાના હેતુસર જ જેનું સર્જન થયું છે તે જમાઅત યાને "તબ્લીગી જમાઅત" (જેના માટે ઈતિહાસ સાક્ષી છે) જેને "દેવબંદી જમાઅત", "જમાઅતી" વગેરે નામોથી લોકો જાણે છે, તો તે પોતાની ફરજ અદા કરવા સદાય સતર્ક છે ! અક઼ીદાથી લઈને મસાઈલ સર્વેમાં વિવાદ ખડો કરવાનો પોતાનો ધર્મ ખૂબ જ સચોટ રીતે આ જમાઅત અદા કરી રહી છે. એનું એક સાધ્યમ સિધ્યમ એટલે પુરવાર થઈ ચૂકેલ દૃષ્ટાંત "રમઝાનની ઈદ" તથા "બક઼ ઈદ" છે. થોડો પણ ન્યાય પ્રિય દરેક કલ્મા ગો કહેશે, ચાહે તે "તબ્લીગી જમાઅત"નો અનુયાયી પણ કેમ નથી, કે છેલ્લા કેટલાય વરસોથી ૨૯ રમઝાન પછીની ૩૦ મી રમઝાનની રાત જે મુસલમાન માટે છેલ્લો મોક઼ો ઈબાદત કરી અઢળક નેકીઓની કમાણી કરવાનો હોય છે, તેવા અમૂલ્ય સમયની સોનેરી ઘડીઓ વાદ વિવાદ, વિખવાદ, લડાઈ ઝઘડા, ટંટા ફસાદ અને નિરર્થક બહષોમાં, ફોન પાછળ હજારોના ખર્ચા કરવામાં ગુજરી જાય અને લોકો ન ઈબાદત કરી શકે ન ચૈનથી સૂઈ શકે ! એવો માહોલ આ તબ્લીગી જમાઅતવાળા ઉભો કરી પોતાની ફરજ પૂરી કર્યાના સંતોષનો શ્વાસ નફફટાઈપૂર્વક લઈ રહ્યા છે.

છેલ્લા ત્રણ વરસોથી તો સતત આ ક્રમ થઈ ગયો છે કે ૨૯મીનો રોઝો છોડયા બાદ આવતી ૩૦ રમઝાનની રાતને જાણે ક઼તલની રાત બનાવી દેવામાં આવી છે ! અમે જોઈ રહ્યા છીએ કે રમઝાનના પ્રથમ રોઝા પહેલાં રમઝાનનો ચાંદ જાહેર કરવા બાબતે કોઈ જ શોર બકોર, કોઈ જ પ્રકારની ધાંધલ ધમાલ કરવામાં આવતી નથી, ન કોઈ ગવાહીઓની તલાશ થાય છે. શાબાનનો ચાંદ ૨૯ થાય કે ૩૦ થાય કોઈ જ પ્રવૃત્તિ કે ગરબડ ખડી થતી નથી, પણ આશ્ચર્યની વાત છે કે ઈદ માટેનો ચાંદ ૨૯ રમઝાન પછીની રાતમાં ગમે ત્યાંથી ખેંચી લાવવામાં આવે છે ! ફક્ત એક દિવસના રોઝાનો જ પ્રશ્ન હોય છે, છતાં તેનાથી જાણે છૂટકારો મેળવવા તનતોડ કોશિશો તથા ભાગદોડ આખી રાત ચાલતી રહે છે !

હિ.સ. ૧૪૨૬ની ૨૯મી રમઝાન પછી પણ ગુજરાતભરમાં એવા જ સૂરત–વ્યારા, વાલોડ તરફના તબ્લીગી જમાઅતી એક બે જણાએ ચાંદ જોવાની ગવાહી સૂરત ચાંદ કમિટીને આપી દીધી અને ગુજરાતભરમાં હંગામો ખડો કરી આપ્યો, અને એમાં તે વરસે ઘણા સુન્નીઓ પણ ગુંચવાઈ ગયા અને કાયદેસર રીતે ૩૦ મો રોઝો હતો તે દિવસે ઈદ કરી બેઠા ! જેના વિશે ખુલાસાવાર લેખ અમે જે તે સમયે લખ્યો હતો. પરંતુ ત્યાર બાદ ફરી હિ.સ. ૧૪૨૭ની ૨૯ મી રમઝાને રોઝો છોડીને ફરી બે ગવાહો ભરૂચ જિલ્લાના ખાનપુર (તા. જંબુસર)થી ખડા થઈ ગયા. વળી જાણવા મળ્યું કે એ તો એવા ગવાહો હતા કે એમણે ચાંદ જોયો છતાં એમના ત્યાં ખાનપુરમાં જ એમની વાતનો વિશ્વાસ ન થતાં ૩૦મી તરાવીહ પઢાયી ! એવા ગવાહોની ગવાહી પર જંબુસરના તબ્લીગી મર્ક઼ઝથી ગુજરાતભરમાં ઈદ કરવા માટે ફોનથી ખબરો ફેલાવી દીધી અને તે વરસે પણ તબ્લીગી જમાઅતીઓએ લગભગ ઘણે ઠેકાણે ઈદ મનાવી કાઢી. પણ જમાઅતીઓને સમજી ગયેલા સુન્નીઓ તે વરસે તેમના ધોકા ફરેબમાં ન આવ્યા અને ઉલમાએ અહલે સુન્નતના ૩૦ રોઝા પૂરા કરવાના શરીઅત મુજબના એલાન પર અટલ

રહ્યા. અને ચાલુ સાલે હિ.સ. ૧૪૨૮ની ૨૯ મી રમઝાને ફરી એ જ જમાઅતીઓના માણસોએ કોલવણા (તા. વાગરા, જિ. ભરૂચ) ખાતે ચાંદ જોયાનું જાહેર થયું. આશ્ચર્યની વાત કે ત્યાં પણ ચાંદ જોનારાઓ ત્યાંના છતાં તરાવીહ ૩૦મી રમઝાનની જમાઅતીઓ પઢયા ! ફોનથી અમોએ ત્યાં પૂછયું તો તરાવીહ થતા સુધી તો ત્યાં જાહેરમાં કોઈને જાણ ન હતી કે ચાંદ અહીં કોઈએ જોયો છે ! અને રાતના મોડેથી ખબરો ફેલાવા માંડી કે કોલવણામાં ચાંદ દેખાયો અને કંથારીયા દારુલ ઉલૂમવાળાએ તેમની ગવાહી પર ઈદ જાહેર કરી દીધી ! અને ફોન પર જ ગામે ગામ જમાઅતી ગામોવાળાને ખબર પહોંચાડી. અને ગલત પ્રોપેગન્ડા સુન્ની ગામોનાં નામો લઈને રાતભર થતા રહ્યા કે ત્યાં પણ ઈદ થઈ ગઈ ! રાતના સાડા ત્રણ વાગ્યા સુધી અમારા ફોન–મોબાઈલની ઘંટડીઓ સત્યતાની ચકાસણી માટે ખખડતી રહી.

એ જ પ્રમાણે સૂરતમાં એક ખૂણેથી કહે છે કે ધરમપુરમાં એમના કોઈ બે ભાઈ ખડા થઈ ગયા અને સૂરત રાંદેર કમિટીને ગવાહી આપી અને એ પણ મોડી રાત્રે ઈદનાં એલાનો ફોન, ફેક્સ પર કરવા લાગ્યા. આમ ગમે ત્યાંથી કોઈ બે જણા ખડા કરીને ૩૦ રમઝાન આવવા જ ન દેવાના સંકલ્પ સાથે મુસલમાનોમાં વિખવાદ ખડો કરવાની આ પ્રવૃત્તિ વરસોથી ચાલી રહી છે.

સુન્નીઓ તો સદંતર એમનાથી અલિપ્ત જ રહ્યા હતા, પણ આ વરસે ખૂદ જમાઅતી ગૃપના માણસો પણ કાંઈ ગંધ પામી ગયા અને તેમનામાં પણ બે ભાગ પડી ગયા અને ભરૂચ, વડોદરા વગેરેમાં પણ અમુક જમાઅતીઓએ ઈદ કરી અમુકે ન કરી અને અંદર અંદર ઝઘડા પણ થયા. અને ઉત્તર ગુજરાતમાં તો જમાઅતીઓએ પણ આ વખતે આ દક્ષિણના જમાઅતીઓની વાત ન સ્વીકારી ! કદાચ તેમને હવે તેમનાં મર્કઝોમાં ચાલતી પોલો સમજાઈ રહી છે.

જગતભરમાં મુસ્લિમોને ગૈર ક઼ૌમ સમક્ષ હાંસી પાત્ર બનાવતા હોય તો આ જમાઅતીઓ છે કે ગમે તેવા મશહૂર જૂઠા તથા અયોગ્ય પાત્રોની છાનબીન વિના ગમે તેની ગવાહીઓ સ્વીકારીને ૨૯ રમઝાન બાદ ઈદ જાહેર કરી પછી તેના વિવાદો ખડા કરી મીડિયાવાળાને ટીકા ટીપ્પણનો સામનો પૂરો પાડે છે.

## ❖❖ ચાંદ વિશે આવુ પણ થઈ શકે છે ?! ❖❖

એક હદીષ ઉલમાથી મેં સાંભળી છે કે, "હઝરત ઉમર رضی اللہ عنہ તથા અન્ય સહાબીઓ હુઝૂર ﷺ સાથે હતા અને ચાંદ જોઈ રહ્યા હતા. આકાશ સ્વચ્છ હતું તો કોઈને ચાંદ ન દેખાયો પણ હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું, કે યા રસૂલલ્લાહ ! મેં ચાંદ જોયો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, હે ઉમર ! ધ્યાનથી જુઓ ! તો અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! દેખાયો ! તો સરકાર ﷺએ ફર્માવ્યું, ઉમર ! આંખો પાણીથી ધોઈ લો ! તો આંખો ધોઈ પછી જોયો તો કહ્યું, ના ! નથી દેખાતો !" સારાંશ કે આકાશ તદ્દન સ્વચ્છ હોય તો વધુ લોકોને દેખાવો જોઈએ. સ્વચ્છ આકાશમાં એકાદ બેને દેખાવું એ ભ્રમ હોઈ શકે છે.

## ❖❖ સૂરત સુન્ની ચાંદ કમિટી મુબારકબાદને પાત્ર ! ❖❖

અમો સૂરત શહેરની "રૂયતે હિલાલ (સુન્ની ચાંદ) કમિટી" બડેખાં ચકલાના મેમ્બરો તથા મુફતી કૈસર આલમ સાહબને મુબારકબાદ પાઠવીએ છીએ કે તેમણે જમાઅતીઓના "એકતા" કરવાના ઢોંગી આગ્રહને ન સ્વીકાર્યો અને અલ્લાહ વ રસૂલના હુકમ, શરીઅતના હુકમ પર અડગ રહ્યા અને ૩૦ રોઝા પૂર્ણ કરવાનો સુન્ની આલમને આદેશ આપી દીધો. તેમજ પ્રેસ કોન્ફરન્સ બોલાવી જમાઅતીઓની ગૈરશરઈ રીત થકી થતી ઈદનો અખ્બારોમાં પણ ભાંડો ફોડી નાખ્યો. એક તો એમણે

સ્પષ્ટ જણાવી આપ્યું કે : **(૧)** "અમો જમાઅતીઓને મુસ્લિમ ગણતા નથી." પછી **(૨)** બીજું એ કે એ લોકોએ જે બે માણસોની ગવાહી પર ઈદ જાહેર કરી તે ઈસ્લામી કાનૂનની સરાસર વિરુધ્ધ છે કેમ કે અસલ મસ્અલો તો એ જ છે કે, **"ઈદના ચાંદ માટે આકાશ સ્વચ્છ હોવાના સંજોગોમાં બે માણસોની ગવાહી નહીં પણ પુષ્કળ પ્રમાણમાં લોકોનું ચાંદ જોવું સાબિત થવું જોઈએ.** **(૩)** ત્રીજુ એ કે તબ્લીગીઓએ ફેક્સ પર આવેલી ગવાહી માન્ય રાખી ઈદ જાહેર કરી, તેના અનુસંધાનમાં જણાવ્યું કે, રેડિયો, ફોન, ફેક્સ, તાર, **E-Mail** ની ખબરથી ઈદ જાહેર ન થઈ શકે, એ માત્ર સમાચાર–ખબર જ ગણાશે. ગમે તેવા દીનદાર (ધાર્મિક) વ્યક્તિની ખબર પણ ઈદનો ચાંદ જાહેર કરવા માન્ય થશે નહીં. એના માટે વિશ્વાસપાત્ર શરીઅત મુજબની ગવાહી (રૂબરૂ) મળવી અનિવાર્ય છે. જ્યારે એ લોકોએ ફોન, ફેક્સને જાણે પોતાની મરજીથી ગવાહનું સ્થાન આપી ઠેર ઠેર ચાંદની જાહેરાત કરાવી ઈદ જાહેર કરી છે. *(વાંચો : ૧૪–૧૦–૨૦૦૭નાં સંદેશ, દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર વગેરે દૈનિકો)*

### ❖❖ અન્યને બિદઅતી કહેનારાઓની એક નવી બિદઅત ! ❖❖

અલ્હમ્દુલિલ્લાહ ! અમને સુન્નીઓને સુન્નિયત પર સંપૂર્ણપણે યક઼ીન છે, અમને અમારા અક઼ીદામાં કોઈ વસવસો કે શંકા કુશંકા નથી. પણ જમાઅતીઓ અંધારામાં તીર મારો ચલાવતા જણાય રહ્યા છે ! કેમ કે અગાઉ પણ એકવાર એવું થયું હતું કે "બક઼ ઈદ" આવી જ રીતે કેવળ જમાઅતીઓએ જાહેર કરી અને સુન્નીઓને વિશ્વસનીય શરીઅત મુજબના ગવાહો ન મળતાં તેમણે બીજે દહાડે કરી. તો ઘણે ઠેકાણે એવું બાક઼ાયદા થયું કે જમાઅતીઓ **ખુત્બો ઈદનો પઢયા પણ પહેલા દિવસે કોઈએ કુર્બાની ન કરી** ! આ તો મશ્હૂર પ્રસંગ થયો છે ! સારાંશ કે એમને એમના મર્ક઼ઝો પર હમેશાંથી શંકા તો રહે જ છે ! **તો એવા લોકો કેવળ ચાંદ બાબતે જ શંકા ન ઉભી કરે પણ જરા તેમના મોલ્વીઓના અક઼ીદાની પણ સહેજ સમય કાઢી છાનબીન કરે** તો ઉમ્મીદ છે કે તેમના હુઝૂર ﷺની ગુસ્તાખી ભરેલા અક઼ીદા પણ તેમને ખોટા હોવાનું સમજાઈ જશે તો તૌબાની તૌફીક઼ થતાં તેઓ જહન્નમના માર્ગેથી જન્નતની રાહ પર આવી જશે !"

હવે અમારો પ્રશ્ન એ છે કે "કઈ કુર્આની આયત, કઈ હદીષમાં, કયા સહાબીનો એ અમલ છે કે પહેલા દહાડે આયોજનપૂર્વક ચાંદના વસવસાના કારણે સૌ ઈદ કરે, ખુત્બો પઢે પણ કુર્બાની ન કરે ?! છે ક્યાંય ?! અને ક઼યામત સુધી આ જમાઅતીઓ બતાવી શકશે નહીં. તો પછી **આ તેમની નવી બિદઅત નથી ?!**

એવી જ **એક બીજી નવી બિદઅત** આ છેલ્લી રમઝાન ઈદ વેળા કેટલાય ઠેકાણે જમાઅતીઓએ ઉભી કરી તે એ કે **એમનાં મર્ક઼ઝો પરથી જાહેર થયેલ ચાંદ વિશે શંકા કુશંકા તથા વસવસો જણાતાં, તેમણે રમઝાનનો ૩૦ મો રોઝો તો ન રાખ્યો પણ તે દહાડે ઈદ ન કરી** ! અને સુન્નીઓની સાથે એટલે **એમની ગણત્રી પ્રમાણે શવ્વાલના બીજા ચાંદે ઈદનો ખુત્બો પઢયા ! અને ઈદ કરી** ! હે જમાઅતીઓ ! એવા શંકા કુશંકાવાળો ધર્મ શા માટે પકડીને બેઠા છો ?! જરા આંખો ખોલો ! અને આજે જ કિતાબોનો અભ્યાસ કરો અને સુન્ની સાહિત્ય વાંચો અને જમાઅતી પેશ્વાઓના અકીદાની અસલિયત સમજી લો તો તમારી આખેરત સંવરી જશે, નહીં તો સિવાય હમેશાંની જહન્નમ કોઈ ઠેકાણુ મળવાનું નથી ! માટે અમારા તરફથી દા'વત છે કે નિષ્પક્ષપણે સુન્ની–વહાબી

અક઼ીદાની સરખામણી કરી મૂળ મતભેદો જે છે કે હુઝૂર ﷺની તૌહીન કરી દેવબંદી જમાઅતના મોલ્વીઓ ઈસ્લામના વર્તુળથી નીકળી ગયા છે તેની હક઼ીક઼તને તપાસી લો તો બંને જહાનમાં ન્યાલ થઈ જશો. સાંભળો ! સુન્ની–વહાબી મતભેદો કાંઈ એ નથી કે દરગાહ પર જવું ન જવું, કબર પર ફૂલ ચઢાવવા ન ચઢાવવા, સલામ પઢવી ન પઢવી બલ્કે જે **મતભેદ અસલ છે તે એ જ છે કે જમાઅતીઓના મોલ્વીઓ પેશ્વાઓએ હુઝૂર ﷺની ગુસ્તાખીભર્યા લખાણો લખ્યાં અને વિશ્વભરના સુન્ની ઉલમાએ તેમને કાફિર જાહેર કર્યા. અને તેમનાં એ કુફ્રી લખાણોથી માહિતગાર થવા છતાં હવે જે તેમને પોતાનો પેશ્વા બલ્કે કેવળ મુસલમાન જ સમજે તો તે પણ કાફિર થશે.** અસલ મસ્અલો આ છે ! તો એના માટે ગંભીર બનીને અભ્યાસ કરો.

## ❖❖ આવા જ અગ્રણીઓ હોય તે ક઼ૌમ ક્યાં જાય ?! ❖❖

**શનિવારના ચાંદની અવધી જોતા શુક્રવારે ચાંદ દેખાયો હતો**

સુરત, શનિવારઃ દરમિયાન ચોકબજાર વિસ્તારના કેટલાક મુસ્લિમ અગ્રણીઓના કહેવા મુજબ આજે ચાંદ દેખાયો હતો, પરંતુ તેની અવધી એટલે સમય ૪૨થી ૪૫ મીનીટ હતો આનો મતલબ એવો થઈ શકે કે ગઈકાલે ચાંદ દેખાયો હતો.

અગ્રણીઓના કહેવા મુજબ ઈદનો વધુમાં વધુ ચારથી પાંચ મીનીટ જ દેખાતો હોય છે અને બીજા દિવસથી સમયગાળો વધી જાય છે.

*ગુજરાત મિત્ર, ૧૪/૧૦/૨૦૦૭*

☞ આ દૈનિક પત્રના લખાણમાં (કહેવાતા) મુસ્લિમ અગ્રણીઓના કહેવા મુજબ ક઼યાસ દર્શાવ્યો કે ચાંદ આગલા દિવસનો હતો, જેથી જમાઅતીઓએ જે ૨૯ રમઝાન પછી ઈદ કરી નાખી તે સહીહ છે અને તેઓ સાચા છે !

હે મુસલમાનો ! કહેવાતા મુસ્લિમ અગ્રણીઓ પોતાની જેહાલતથી શરમાય, પોતાની અજ્ઞાનતાના આ રીતે ડંકા ન વગાડે ! કેમ કે શરીઅતનો સાદો સિમ્પલ મસ્અલો ચાંદ બાબતે જાણતા નથી અને દૈનિક પત્રોમાં નિવેદનો ઠોકવા બેસી જાય છે ! ચાંદના મસ્અલા બાબતે સૌથી પ્રથમ હદીષ કિતાબોમાં જે દર્શાવી તે આ છે :–

"રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ચાંદ જોઈને રોઝા રાખવા શરૂ કરો અને ચાંદ જોઈને ઈદ કરો. જો વાદળને કારણે ચાંદ ન દેખાય તો શાબાનની ૩૦ની ગણત્રી પૂર્ણ કરી લો." *(બુખારી, મુસ્લિમ)*

બીજી હદીષમાં ફર્માવ્યું કે, "રોઝા (રમઝાનના) ન રાખો જ્યાં સુધી ચાંદ ન જોઈ લો, અને ઈદ ન કરો જ્યાં સુધી ચાંદ ન જોઈ લો, અને જો વાદળ હોય તો મહીનાની ગણત્રી (૩૦) પૂરા કરી લો. *(બુખારી, મુસ્લિમ)*

હવે તે દીની ઈલ્મથી પછાત એવા કહેવાતા મુસ્લિમ અગ્રણીઓ જણાવે કે હદીષમાં તો સાફ દર્શાવ્યું કે ચાંદ ન દેખાય વાદળને કારણે (કે ગમે તે કારણે) તો ૩૦ની ગણત્રી પૂર્ણ કરી લો. **ચાંદ થયો કે નથી થયો એના પર ચર્ચા નથી, પણ ચાંદ દેખાયો કે ન દેખાયો એના પર નિર્ણયનો આધાર છે એ યાદ રાખશો.** ખરેખર ! ચાંદ ઉગ્યો હતો, પણ ન દેખાયો તો હવે ૩૦ પૂરા કરો અથવા **જેમણે જોયો તેમનાથી ગવાહી મળે તો મેળવો.** બસ ! આટલી સાદી વાત ન સમજનારા આજે કહેવાતા મુસ્લિમ અગ્રણી બની બેઠા છે ! આવા જ અગ્રણીઓ જે ક઼ૌમના હોય તે ખાડામાં ન જાય તો ક્યાં જશે ?!

## ❖❖ ક઼યાસો તથા ધારણાઓ શરીઅતમાં અમાન્ય ! ❖❖

ઘણા ભાઈઓ ઉપર દર્શાવ્યા તેવા ક઼યાસો તથા ગણત્રીઓ માંડતા હોય છે, તો તેઓ પણ સમજી લે

કે શરીઅતમાં એ બધી વાતોને કોઈ જ સ્થાન નથી. **શરીઅતના ક઼ાનૂનમાં કુર્આન, હદીષથી ફિક઼્હના ઉલમાએ જે નીતિ નિયમો ઘડયા તે જ ફાઈનલ છે.** આવો ! આ સંબંધે આ'લા હઝરત, મુજદિદે દીનો મિલ્લત, શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન **ઈમામ અહમદ રઝા** મુહદિષે બરેલ્વી رحمۃ اللہ علیہ જે ફર્માવે છે તેને સમજી લો અને ગલત ફહમીઓને ત્યજી દો :–

**ક઼્યાસો તથા ધારણાઓ** : દા.ત. ચાંદ મોટો હતો, ચમકદાર હતો, મોડે સુધી રહ્યો જેથી જરૂર કાલનો હતો ! આજે બેસીને નીકળ્યો તો જરૂર પંદરમી છે. ૨૮મીએ ખૂબ જોયો જોવા ન મળ્યો જેથી મહીનો ૨૯નો હશે. આ **ક઼્યાસો તો હિસાબની જેટલી હૈસિયત પણ નથી ધરાવતા પછી એના પર અમલ કરવો તદ્દન જેહાલત તથા ગુમરાહી છે.** હદીષમાં છે; હુઝૂર પુરનૂર ﷺ ફર્માવે છે : **من اقتراب الساعة انتفاخ الاهلّة** ક઼િયામત નિકટ હોવાની અલામતો (નિશાનીઓ)માંથી છે કે ચાંદ ફુલેલા નીકળશે એટલે કે જોવામાં મોટા જણાશે. *(રિવાયત કરી એને તિબ્રાનીએ કબીરમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી)*

બીજી હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

رواه الطبرانی فی الکبیر عن عبدالله بن مسعود رضی الله تعالیٰ عنه. "ક઼િયામતની નિશાનીઓમાંથી છે કે ચાંદ વિના તકલીફે જોવા મળશે, કહેવામાં આવશે કે બે રાતનો છે." *(રિવાયત કરી અવસતે અનસ رضی اللہ عنہ થી)*

મુસ્લિમ શરીફમાં અબુલ બખ્તરી સઈદ ઈબ્ને ફીરોઝથી છે :–

"અમે ઉમરા માટે ચાલ્યા, જ્યારે બતને નખ્લામાં ઉતર્યા તો ચાંદ જોયો. કોઈ બોલ્યો ત્રણ રાતનો છે, કોઈકે કહ્યું બે રાતનો છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મળ્યા અને તેમને અર્ઝ કરી કે, અમે ચાંદ જોયો તો કોઈ કહે છે કે ત્રણ રાતનો છે કોઈ બે રાતનો કહે છે. ફર્માવ્યું, તમે કઈ રાતે જોયો ? અમે કહ્યું, ફલાણી રાત્રે. કહ્યું, **રસૂલુલ્લાહ ﷺ એ તેનો આધાર દેખાવા પર રાખ્યો છે જેથી તે એ જ રાતનો છે જે રાત્રે નજર પડે.**

**અમુક અનુસંધાનથી અમુક મનઘડત કાયદા** : દા.ત. રજબની ચોથી રમઝાનની પહેલી થશે, રમઝાનની પહેલી ઝીલ હજ્જની દસમી થશે. આગલા રમઝાનની પાંચમી આ રમઝાનની પહેલી થશે. ચાર મહીના ત્રીસ ત્રીસના થઈ ચૂક્યા જેથી હવે આ જરૂર ૨૯નો થશે. ત્રણ જોડે ને જોડે ૨૯ના થયા છે જેથી આ જરૂર ત્રીસનો થશે..... વગેરે.

એનો જવાબ આ પ્રમાણે છે કે : **ماانزل الله بها من سلطان** "અલ્લાહ પાકે આ વાતો પર કોઈ દલીલ ઉતારી નથી." જેમ કે વજીઝ ઈમામ કરદારીમાં તથા ખઝાનતુલ મુફતીસમાં ફતાવા કુબરાથી છે. وبالله التوفیق والله تعالیٰ اعلم۔ *(હવાલો : "ચાંદની સાબિતીના સાત તરીક઼ા", અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી, પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા)*

સારાંશ કે કોઈ પ્રકારના ક઼્યાસો, ધારણાઓ કે તુક્કાઓથી ચાંદની સાબિતી થશે નહીં, બલ્કે જે શરીઅતના નિયમો છે તેને જ અનુસરવામાં આવે.

### ❖❖ શું હવે શવ્વાલના ૩૧ દિવસો ગણાશે ?! ❖❖

આશ્ચર્યની વાત છે કે કુદરત પણ આ ૨૯ મીએ ઈદનો ચાંદ અચૂક જાહેર કરનારી જમાઅતને

ઉઘાડા પાડી રહી છે કે આ વખતે ઝીલ કઅદનો ચાંદ આકાશ સ્વચ્છ હોવા છતાં એમની ૨૯ શવ્વાલે ન દેખાયો, ૩૦ શવ્વાલે પણ ન દેખાયો ! બલ્કે સુન્નીઓના હિસાબે ૩૦ શવ્વાલે દેખાયો. એટલે કે **જમાઅતીઓના હિસાબે ૩૧મા દિવસે ઝીલ કઅદનો ચાંદ દેખાયો !** આકાશ તદ્દન સ્વચ્છ છતાં કોઈ જમાઅતીને તેમના ૨૯ તથા ૩૦મા ચાંદે પણ ચાંદ ન દેખાયો ! શું જવાબ છે આનો આ જમાઅતીઓ પાસે ?!

અમારે ત્યાંથી એક ભાઈએ આ જ પ્રશ્ન પૂછવા કંથારીયા દારુલ ઉલૂમ પર ફોન કર્યો તો જવાબ મળ્યો, "હા ! અમે એની જ ચર્ચા કરી રહ્યા છીએ !" સારાંશ કે હજીય તેઓ અશમંજશમાં જ છે ! અલ્લાહ તઆલા મુસલમાનોને આવા હઠધર્મીઓના ફરેબથી બચાવે અને તેમને પણ હિદાયત આપે અને અક઼ીદા તથા અમલ બંને બાબતે હઠધર્મીથી તૌબાની તૌફીક઼ આપે. (આમીન)

## ❖❖ ગુજરાત ચાંદ કમિટીમાં શંભુ મેળો ! ❖❖

અંતમાં આ વાત પણ સમજી લો કે હાલમાં વર્તમાન પત્રોમાં સમાચારો પ્રસિદ્ધ થયા છે કે, "ગુજરાત ચાંદ કમિટીમાં સર્વ ફિર્ક઼ાઓના માણસોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમ કે સુન્ની સિવાય દેવબંદી, મૌદૂદી, ગૈર મુકલ્લિદ....." તો **એવી ચાંદ કમિટી શરીઅતની રૂએ અમાન્ય ગણાશે** અને એના એલાન પર સુન્ની મુસલમાનો અમલ કરી શકશે નહીં. કારણ કે ગવાહ ફાસિક઼ તથા ફાજિર પણ ન હોવો જોઈએ, નહીં તો તેની ગવાહી અસ્વીકાર્ય થશે, તો પછી આ બાતિલ ફિર્ક઼ાવાળા જેઓના અક઼ીદા જ કુફ્ર છે તેઓ કઈ રીતે સુન્નીઓ સાથે ચાંદ કમિટીના સભ્ય કે ગવાહ પણ થઈ શકે ?! જેથી એવી ચાંદ કમિટીની જાહેરાતોથી સુન્ની અવામે છેતરાવું જોઈએ નહીં. અને એવી શંભુમેળાવાળી ચાંદ કમિટીને ગવાહી આપવા પણ ન જવું જોઈએ ન તેમની ચાંદની જાહેરાત માનવી જોઈએ.

---


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ ક઼ુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

તદ્દન નવી આવૃત્તિ

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી (હાલ : લેસ્ટર, યુ.કે.)

હદિયો : **રૂા. ૩૫૦/-** (રજીસ્ટર્ડથી ટપાલ ખર્ચ રૂા. ૧૦૦ અલગ)

**પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન : (૧) દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ,** ઠે. રઝા નગર, મુ. **થામ**, તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૮૨૧૨૪ **(૨) સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


### ★ છેવટે "ગુજરાત સમાચાર"નું માફીનામુ પ્રસિધ્ધ થયું ! ★

અહીં દર્શાવ્યા પ્રમાણે ગુણવંત છો. શાહે "ગુજરાત સમાચાર" દૈનિકમાં તા. ૪–૯–૦૭ના રોજ આપણા નબી ﷺ ની શાનમાં બેઅદબીભર્યા શબ્દો લખેલા તેના વિરુધ્ધમાં "બરકાતે ખ્વાજા" (માસિક) થકી ઓકટો. ૦૭ના તંત્રી લેખ થકી ચળવળ ઉપાડેલી તથા ભરૂચ કલેકટરને આવેદનપત્ર પણ આપેલું તેના પડઘારૂપે છેવટે તેમણે તા. ૧૩/૧૦/૦૭ના દૈનિકમાં માફીનામું પ્રસિધ્ધ કરવુ પડયું. સર્વ સુન્નીઓએ આવી બાબતો સામે ભવિષ્યમાં પણ જાગૃત રહી વિરોધ કરવો જોઈએ અને આવા બેલગામ લખકો તથા વર્તમાનપત્રોની પકડ કરવી જોઈએ. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

■ ગુણવંત છો. શાહ

**ખુલાસો**

તા. ૪-૯-૨૦૦૭ના 'ગુજરાત સમાચાર'ના અંકમાં 'નેટવર્ક' વિભાગમાં મુસ્લિમોની લાગણી દુભાય એવું લખાયું હોવાનું મુસ્લિમોને લાગે છે. લખાણનો ઉદ્દેશ કોઈ એવો નહોતો. છતાં જો કોઈ મુસ્લિમ ભાઈઓની એ લખાણથી લાગણી દુભાઈ હોય તો દિલગીરી વ્યકત કરીએ છીએ. એમાં પયગંબર સાહેબ વિષે જે લખાયું છે તે અમારા મુસ્લિમ વાચકોના જણાવ્યા મુજબ સાચું નથી. તેથી તે લખાણને રદબાતલ ગણવું.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَقَاتِلُوْا فِیْ سَبِیْلِ
اللّٰہِ الَّذِیْنَ یُقَاتِلُوْنَکُمْ وَلَا تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰہَ لَا یُحِبُّ
الْمُعْتَدِیْنَ ﴿۱۹۰﴾ وَاقْتُلُوْھُمْ حَیْثُ ثَقِفْتُمُوْھُمْ وَاَخْرِجُوْھُمْ
مِّنْ حَیْثُ اَخْرَجُوْکُمْ وَالْفِتْنَۃُ اَشَدُّ مِنَ الْقَتْلِ ۚ وَلَا تُقٰتِلُوْھُمْ
عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ حَتّٰی یُقٰتِلُوْکُمْ فِیْہِ ۚ فَاِنْ قٰتَلُوْکُمْ
فَاقْتُلُوْھُمْ ؕ کَذٰلِکَ جَزَآءُ الْکٰفِرِیْنَ ﴿۱۹۱﴾ فَاِنِ انْتَھَوْا فَاِنَّ اللّٰہَ
غَفُوْرٌ رَّحِیْمٌ ﴿۱۹۲﴾ وَقٰتِلُوْھُمْ حَتّٰی لَا تَکُوْنَ فِتْنَۃٌ وَّیَکُوْنَ
الدِّیْنُ لِلّٰہِ ؕ فَاِنِ انْتَھَوْا فَلَا عُدْوَانَ اِلَّا عَلَی الظّٰلِمِیْنَ ﴿۱۹۳﴾

**તર્જુમો** : અને લડો અલ્લાહના માર્ગમાં[૨૩૨] એમની સાથે જેઓ તમારી સાથે લડે અને (તેમના પર પણ) જબરદસ્તી ન કરો, બેશક ! અલ્લાહ તઆલા દોસ્ત નથી રાખતો જોર જુલ્મ કરવાવાળાને, અને કત્લ કરો તેમને જ્યાં પણ તેમને પામો[૨૩૩]. અને કાઢી મૂકો તેમને જ્યાંથી તેમણે તમોને કાઢી મૂક્યા હતા, અને ફિત્નાઅંગેઝી તો[૨૩૪] કત્લથી પણ અધિક સખ્ત છે. અને ન જંગ કરો તેમની સાથે મસ્જિદે હરામની પાસે ત્યાં સુધી કે તેઓ (ખૂદ) તમારી સાથે જંગ કરવા લાગે. જો તેઓ લડે તમારી સાથે તો પછી કત્લ કરો તેમને, એ જ સજા છે (એવા) કાફિરોની. પછી જો તેઓ માની જાય (તો જાણી લો કે) અલ્લાહ તઆલા ઘણો જ બખ્શનાર હમેશાં રહમ ફર્માવનારો છે, અને લડતા રહો તેમની સાથે ત્યાં સુધી કે ન રહે ફિત્ના (તથા ફસાદ)[૨૩૫] અને થઈ જાય દીન કેવળ અલ્લાહના માટે. પછી જો તેઓ માની જાય તો (સમજી લો) કે સખ્તી (કોઈના પર) જાઈઝ નથી, પણ જાલિમો પર.''

### તફસીર...............

**૨૩૨** : આ આયતમાં તે મઝલૂમો તથા જુલ્મથી પીડાતાઓને તાકાતનો જવાબ તાકાતથી આપવાની ઈજાઝત આપવામાં આવી રહી છે જેમના પર ૧૨ થી ૧૩ વરસો સુધી સતત જુલ્મોના પહાડ તોડવામાં આવતા રહ્યા. અને અલ્લાહની રઝામાં રાજી રહેનારા આ લોકો તેને સહન કરતા રહ્યા. કુર્આનના જેહાદના હુકમને સમજવાના માટે જરૂરી છે કે આ ત્રણ ચીજો સારી રીતે દિમાગમાં બેસાડી લે : (૧) ક્યા હેતુસર (૨) કોની સાથે (૩) અને કઈ શરતો તથા નિયમોની સાથે ઈસ્લામે જેહાદની ઈજાઝત આપી છે. આ આયતોમાં ત્રણેવ બાબતોની સ્પષ્ટતા કરવામાં આવી છે. જેહાદના હેતુના સંબંધે તો ફર્માવ્યું : ફી સબીલિલ્લાહ હક્કની સરબુલંદીની માટે. લૂટમાર, વ્યાપારિક તથા ટેક્નોલોજીકલ હરીફાઈ, વતની કે વંશિક અદાવત તથા દુશ્મની અથવા એવા પ્રકારના હલકા હેતુઓ મુસલમાનની જંગમાં નથી હોતા. કેવળ તે લોકોની સાથે الذین یقاتلو نکم ''જેઓ તમારી સાથે જંગ લડી

રહ્યા છે", જેઓ તમારા પર તૂટી પડવા અધીરા બન્યા છે, અને એ શરતની સાથે لا تعتدوا કે જ્યારે ભાવનાઓ પણ કાબૂ નથી રહેતો, બદલાની આગ ભડકી રહી હોય છે, ખબરદાર ! એ સમયે પણ કોઈના પર જુલ્મ જબરદસ્તી ન કરો ! કેમ કે જબરદસ્તી કરનારાઓને અલ્લાહ દોસ્ત નથી રાખતો. સ્ત્રીઓ, નિર્દોષ બાળકો, અપંગો, વૃદ્ધો, ખેડૂતો, મજૂરો અને પાદરીઓ પર હાથ ઉઠાવવાથી ઈસ્લામે મના કર્યું છે. (એ શરતે કે એઓ જંગમાં જોડાયેલ ન હોય.) હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ્યારે પોતાના સેનાપતિ યઝીદ બિન અબૂ સુફયાનને વિદાય કરવા માટે પગપાળા તેમની સાથે ગયા તો વિદાય કરતી વેળા તેમને ફળદાર ઝાડોને કાપવાથી તથા ઊંટો તથા દૂધાળાં ઢોરોને જરૂરત વિના મારી નાખવાથી મના ફર્માવ્યું. મુસ્તશ્રેકીન (ઓરિએન્ટલિસ્ટ) જેઓ ઈસ્લામના જેહાદ સંબંધી બંધારણ પર વિવિધ પ્રકારના વાંધાઓ ઉઠાવે છે **તેઓ જ ન્યાયની સાથે બતાવે કે દુનિયામાં કોઈ કૌમ એવી થઈ છે અથવા આજની સભ્ય તથા સંસ્કૃત દુનિયામાં કોઈ કૌમ એવી મૌજૂદ છે જેના જંગી કાનૂનોમાં અદલો ઈન્સાફનો આવો લેહાઝ (કાળજી) રાખવામાં આવી હોય ?!** આજે તો જંગ શરૂ થાય છે તો **શાંતિથી જીવતા નાગરીકોને એટમ બોમ્બો વડે ઉડાવી દેવાય છે, સ્ત્રીઓ, નિર્દોષ બાળકો, વૃદ્ધો, બીમારો કોઈને છોડવામાં નથી આવતાં. હોસ્પિટલો, સ્કૂલો-કોલેજો, ઈબાદતખાનાંઓ સુદ્ધાંના મોભાનો ખયાલ કરવામાં નથી આવતો.**

**૨૩૩** : જ્યારે સુલહે હુદૈબિયહ પછી કરારના પ્રમાણે મુસલમાન કા'બાની ઝિયારતના માટે જવા લાગ્યા તો તેમના દિલમાં રહી રહીને ખયાલ પેદા થવા લાગ્યો કે જો કાફિરોએ ધોકો કરીને હુમ્લો કરી આપ્યો તો એહરામની હાલતમાં હરમની હદોમાં તેમની સાથે કઈ રીતે જંગ કરીશું. અલ્લાહ તઆલા ફર્માવે છે કે **તેઓ લડવા તૈયાર થઈ જાય તો પછી કા'બાનો માલિક તમને ઈજાઝત આપે છે કે તમે તમારા દુશ્મનને જ્યાં પણ પામો કત્લ કરી દો.**

**૨૩૪** : ફિત્નો શું છે ? જ્યારે સોની મેલ કાઢવા માટે સોનાને પીગળાવે છે તો અરબ કહે છે, فتن الصائغ الذهب અને કસૌટીને "ફતાનહ" કહેવામાં આવે છે. આ તેનો શાબ્દિક અર્થ છે. હવે એનો ઉપયોગ સખ્ત આજમાઈશના માટે કરવામાં આવે છે અને સર્વ આજમાઈશોથી અધિક સખ્ત આજમાઈશ એ છે જે દીનના માટે હોય અથવા દીનથી હટાવવા માટે હોય. મક્કાના કાફિરો ગરીબ મુસલમાનોને દીનથી હટાવવા માટે સખ્ત તરીન સજાઓ આપ્યા કરતા હતા. અલ્લાહ તઆલા ફર્માવે છે : કત્લ પણ ઘણો ભયાનક જુર્મ છે પરંતુ કોઈને તેના પસંદીદા અકીદાઓ (માન્યાતાઓ)થી દૂર રાખવો જેની સચ્ચાઈ તથા સદાકત પર તે સાચા દિલથી યકીન ધરાવતો હોય તે કત્લ કરતાં પણ અધિક ભયાનક જુર્મ છે.

**૨૩૫** : પ્રથમ જંગનું કારણ વર્ણન કર્યું હવે તેના અંતનું વર્ણન છે, એટલે કે જ્યારે વિરોધીઓ આજ્ઞાપાલન સ્વીકારી લે અને દીનના મામલામાં ડખલ તથા બળપ્રયોગ કરવાની શક્તિ તૂટી જાય અને દરેક શખ્સ આઝાદીથી દીને હક્કને કબૂલ કરી શકે તો એ સમયે જંગ બંધ કરી દેવાનો હુકમ છે.

**અમલો પણ મૈયતને પ્રશ્ન કરે છે !**

યઝીદ રક્કાશી رحمۃ اللہ علیہનો કૌલ છે કે મને એ રિવાયત મળી છે કે જ્યારે મૈયતને કબરમાં રાખવામાં આવે છે તો તેના અમલો ભેગા થઈ જાય છે, પછી અલ્લાહ તઆલા તેમને બોલવાની શક્તિ આપે છે અને તે કહે છે, હે કબરના એકલા ઈન્સાન ! તારા સર્વ દોસ્તો અને સગાં સંબંધીઓ તારાથી અલગ થઈ ગયાં ! આજે અમારા સિવાય અન્ય કોઈ સાથી હશે નહીં.

## ★ હદીષ : ૫૬ ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હુઝૂર ﷺને ફર્માવતાં સાંભળ્યાં કે મારી ઉમ્મતમાં ધસવું અને ચહેરા બગડવું થશે એ તક્દીરોના મુન્કિરો (નકારનારાઓ) પર થશે[૧]. અને અબૂ દાઊદે રિવાયત કરી, તિર્મિઝીની રિવાયત એના જેવી જ છે. એમનાથી જ રિવાયત છે ફર્માવે છે ફર્માવ્યું રસૂલુલ્લાહ એ કે ક્દરિયહ્ ફિર્કો આ ઉમ્મતનો મજૂસી ટોળો છે[૨]. જો બીમાર પડે તો તેમની ખબર અંતર ન પૂછો અને જો મરી જાય તો તેમના જનાઝાઓમાં ન જાવ[૩]. *(અહમદ, અબૂ દાઊદ)* હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક્દરિય્યહ (ફિર્કાવાળા)ની સાથે ઉઠક બેઠક ન રાખો[૪] ન તેમની સાથે વાતની શરૂઆત કરો[૫]. (અબૂ દાઊદ)

હઝરત આઈશા رضی اللہ عنہاએ રિવાયત કરી છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, છ માણસો એવા છે જેમના પર મેં અને અલ્લાહે લઅનત કરી[૬], દરેક નબીની દુઆ ક્બૂલ થનાર છે[૭] : (૧) અલ્લાહની કિતાબમાં વધારો કરનાર[૮] (૨) અલ્લાહની તક્દીરને નકારનાર (૩) જબરદસ્તી કબ્જો જમાવનાર, જેથી તેમને બેઈજ્જત કરે જેમને અલ્લાહે ઈજ્જત આપી અને એમને ઈજ્જત આપે જેમને અલ્લાહે ઝલીલ કર્યા[૯] (૪) અને અલ્લાહના હરામને હલાલ સમજનાર[૧૦] (૫) અને મારી આલના સંબંધે તે વાતો હલાલ સમજનાર જેને અલ્લાહે હરામ કરી[૧૧] (૬) અને મારી સુન્નતને છોડનાર[૧૨].

## સ....મ....જૂ....તી....

**૦૧.**. જાહેર એ છે કે અહીં ખસ્ફ તથા મસ્ખ (ધસવું તથા ચહેરો બગડવું)ના હકીકી અર્થ જ મુરાદ છે. અને ખરેખર આખર જમાનામાં અમુક તક્દીરના મુન્કિરોને કારૂનની જેમ જમીનમાં ધસાવવામાં આવશે અને અમુક ઈલાવાળાઓની જેમ વાનર તથા સુવ્વર બનશે. યાદ રાખશો કે હુઝૂરે અકરમ ﷺના આગમન પછી આ પ્રકારના સામાન્ય અઝાબો ક્યામત સુધી બંધ થઈ ગયા, પણ ખાસ અઝાબ આવશે, જેથી હદીષ આ આયત مَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْની વિરુધ્ધ નથી, કેમ કે ત્યાં સામાન્ય (આમ) અઝાબોનો નકાર છે અને અહીં ખાસ અઝાબોની સાબિતી છે. અમુકે ફર્માવ્યું કે આ હદીષનો મતલબ એ છે કે જો મારી ઉમ્મતમાં મસ્ખ અને ખસ્ફ (ચહેરા બગડવું તથા ધસવું) હોત તો ક્દરિયાઓમાં હોત. (લમ્આત) અમુકે ફર્માવ્યું કે ક્દરિયાઓને આ અઝાબ ક્યામતમાં થશે કે હશ્રના મેદાનમાં તેમનાં મોઢાં કાળાં હશે અને પુલ સિરાત પરથી પડીને જહન્નમમાં ધસાવવામાં આવશે. (મિર્કાત) પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે.

**૦૨.** ઉમ્મતથી મુરાદ "ઉમ્મતે ઈજાબત" એટલે કલ્મો પઢનારા (મુસ્લિમ જાતિ) છે. મજૂસીઓનો અકીદો છે કે દુનિયાના સર્જનહાર (ખાલિક્) બે છે : ભલાઈનો ખાલિક્ યઝદાન અને બુરાઈનો ખાલિક્ અહરમન એટલે શેતાન. એ જ પ્રમાણે ક્દરિયા પોતાને અમલોના ખાલિક્ (ખૂદ) માને છે, જેથી મજૂસીઓ (અગ્નિપૂજકો)થી પણ બદ્તર થયા કે તેઓ કેવળ બે ખાલિક્ માને છે અને આ લાખો માને છે !

**૦૩.** એટલે કે તેમનો સંપૂર્ણ બહિષ્કાર કરો જેથી તેઓ તંગ આવીને તૌબા કરી લે. બહિષ્કાર ઘણો જ સંપૂર્ણ ઈલાજ છે. રબ તઆલા નાફર્માન પત્નીઓના બારામાં ફર્માવે છે : وَاهْجُرُوْهُنَّ فِي الْمَضَاجِعِ યાદ રાખશો કે મુસલમાને બેદીનથી એવી જ અલાઈદગી હોવી જોઈએ જેવી કે મૃત્યુ તથા જીવનમાં છે. તેમનાથી અલગ રહે. **જીવ બચાવવો હોય તો સાપથી ભાગો, ઈમાન બચાવવું છે તો બેદીનોથી ભાગો.** ક્દરિયા તો કાફિર છે અથવા ગુમરાહ, ગમે તેમ પણ તેમની સોહબત ક્ાતિલ ઝહેર છે.

**૦૪.** મહોબ્બત અને મેળ મેળાપના રૂપે તબ્લીગ અથવા મુનાઝરોના માટે ઠોસ (મજબૂત) આલિમોનું તેમની પાસે જવું જાઈઝ છે, કમજોર મુસલમાન ગમે તે હોય પણ તેમનાથી દૂર રહે. **વર્તમાનકાળમાં ક઼ાદયાનીઓ, વહાબીઓ, રાફઝીઓ સૌનો આ જ હુકમ છે.** જો મુસલમાન **આ હદીષ પર અમલ કરત તો એ દીનો ફેલાતા જ નહીં.** રબ તઆલા ફર્માવે છે : فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ

**૦૫.** لَاتُفَاتِحُوا એ فَتْحٌથી બન્યુ છે, પ્રારંભ અથવા ફેંસલાના અર્થમાં. رَبَّنَا افْتَحْ بَيْنَنَا એટલે તેમને હાકિમ કે પંચ ન બનાવો અથવા તેમનાથી વાતચીત તથા મુનાઝરો વગેરેનો પ્રારંભ ન કરો જેથી ફિત્નો ન થાય. એનાથી જાણવા મળ્યું કે **બેદીનોના જલ્સામાં જવું, તેમની કિતાબો વાંચવી, તેમને દા'વતો ખવડાવવી સૌ નાજાઈઝ છે.**

**૦૬.** ‘લઅનત’નો અર્થ છે દૂરી. જ્યારે એનો કર્તા બંદો હોય તો એનો અર્થ થાય છે : ''રહમતથી દૂરી માટેની બદ્દુઆ કરવી". અને જો કર્તા રબ હોય તો અર્થ થાય છે : રહમતથી દૂર કરવું. **કોઈ મુસલમાન પર નામ લઈને લઅનત જાઈઝ નથી.** સંક્ષિપ્તમાં ખાસિયત સાથે લઅનત જાઈઝ છે, જેમ કે **જૂઠાઓ તથા ઝિનાકારો પર ખુદાની લઅનત, તેમજ કાફિર પર પણ લઅનત જાઈઝ છે** જેમનું કુફ્ર પર મરવું યક઼ીની થઈ ચૂક્યું, જેમ કે અબૂ જહલ અબૂ લહબ વગેરે. ‘લિઆન’માં લઅનત વસ્ફ (ખાસિયત) પર છે, આ હદીષમાં પણ એ જ લઅનત છે.

**૦૭.** એટલે કે દરેક નબીની દરેક દુઆ કબૂલ છે, પણ તેમની કોઈ દુઆ જો ક઼ઝા તથા ક઼દર વિરુધ્ધ થઈ જાય તો તેમને દુઆ માંગવાથી રોકી દેવામાં આવે છે, રદ તો પણ નથી થતી. રબે ઈબ્રાહીમ عليه السلامથી ફર્માવ્યું :– يَاإِبْرَاهِيْمُ اَعْرِضْ عَنْ هٰذَا

**૦૮.** કુર્આન હોય કે કોઈ આસ્માની કિતાબ શાબ્દિક વધારો કરે અથવા અર્થમાં કરે, એનાથી તે લોકો બોધ ગ્રહણ કરે જેમણે આજે કુર્આનની તફસીરને ખેલ સમજી રાખ્યો છે અને આયતના તે અર્થ કરી રહ્યા છે જે આજ સુધી કોઈ મુસલમાનના ખયાલમાં પણ ન હતા. ઉલમા ફર્માવે છે કે અમુક દુર્લભ ક઼િરાઅતો હદીષના હુકમમાં છે તે કુર્આન નથી, ન તેની તિલાવત જાઈઝ. *(મિર્ક઼ાત)*

**૦૯.** એટલે કે લોકોની મરજી વિરુધ્ધ તેમનો નાજાઈઝ હાકિમ બની જનાર, જેમ કે આજકાલ સામાન્યતઃ થઈ રહ્યું છે. યાદ રાખશો કે ક઼ૌમ તથા દેશના બગડવાના સંજોગોમાં હુકૂમતની લગામ પોતાના હાથમાં લઈ દેવી યૂસુફ عليه السلامની સુન્નત છે. અહીં તે હાકિમો મુરાદ છે જેઓ દીન તથા દેશને બગાડવામાં માટે હાકિમ બન્યા જેથી ફાસિક઼ોને મર્તબા આપે અને ઉલમા તથા ઔલિયાને ઝલીલ કરવાની કોશિશ કરે.

**૧૦.** એટલે કે મક્કા મુકર્રમાની હદીષોમાં ફિત્ના ફસાદ, શિકાર તથા ઝાડો કાપવાં વગેરે. તે કામ કરનારો જે શરીઅતે સામાન્યતઃ દરેક જગાએ અથવા ત્યાં હરામ કર્યાં.

**૧૧.** એટલે કે હુઝૂર صلى الله عليه وسلمની ઔલાદની બેહુર્મતી તથા તેમના પર જુલ્મો સિતમ કરનાર, **આલે રસૂલ એ ફાતિમા ઝહ્‌રાની ઔલાદ છે, તેમની તા'ઝીમ દીનમાં દાખલ છે. જ્યારે કા'બાની નજદીકીના કારણે હરમની જમીનનો એહતેરામ છે તો પછી મુસ્તફા صلى الله عليه وسلمની નિકટતાના કારણે સાદાતે કિરામનો એહતેરામ યક઼ીનન લાઝિમ છે.** અથવા આ વાક્યનો અર્થ એ છે કે જે મારી ઔલાદ હોય અને અલ્લાહના હરામને હલાલ જાણે એના પર લઅનત છે. *(અશ્અતુલ લમ્આત)* કે જો કે **જુર્મ સૌના માટે બુરો છે પણ સાદાતના માટે અધિક બુરો છે,** એનાથી સૈયદ હઝરાતે બોધ ગ્રહણ કરવો જોઈએ અને **તેઓ પોતાના બાપ દાદાઓના નમૂના બને,** કેવળ સૈયદ હોવા પર ઘમંડ ન કરે.

**૧૨.** તુચ્છ જાણીને રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની સુન્નત જે મોઅક્કદહ્ હોય કે ગૈર મોઅક્કદહ, માઈદા હોય કે હુદા તેને હક઼ીર (તુચ્છ) જાણવું, મઝાક઼ ઉડાડવી ક઼તઅન્ (તદ્દન) **કુફ્ર** છે. **સુન્નતે મોઅક્કદા** (એટલે હુદા)ને હમેશાં **ત્યજનારા** હુઝૂરની **શફાઅતથી મેહરૂમ** છે.

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## હુઝૂર ﷺની નમ્રતા હદીષની રોશનીમાં

જાણી લેવું જોઈએ અને અલ્લાહ તઆલા અમને અને તમને તૌફીક આપે કે તમામ અંબિયા અને મુરસલીન સલ્વાતુલ્લાહિ તઆલા અલયહિમના ગુણો આવા જ હતા. તેઓ કમાલે ખુલ્ક (સંસ્કારની પરાકાષ્ટા), હુસ્ને સૂરત (સુંદર દેખાવ), શર્ફે નસબ (ખાનદાની પ્રતિષ્ઠા), હુસ્ને ખુલ્ક (સુંદર સર્જન) અને સમગ્ર ખૂબીઓમાં આવા જ હતા કેમ કે આ ખૂબીઓ તો સિફાતે કમાલિયા (ઉચ્ચતમ ગુણો) છે. અને અંબિયાએ કિરામ દરેક ખૂબીઓ અને માનવીય ગુણોથી માલામાલ હોય છે. અંબિયાએ કિરામ સલ્વાતુલ્લાહિ અલયહિમને તમામ મખ્લૂક પર ફઝીલત છે. કેમ કે તેમના મર્તબા સૌથી ઉચ્ચતમ અને તેમના દરજ્જા સૌથી ઉચ્ચ અને બુલંદ છે. પરંતુ અંબિયાના સમુદાયમાં અમુકને અમુક પર ફઝીલત (ઉચ્ચતા) છે, જેવું કે અલ્લાહ ﷻ એ ફર્માવ્યું છે, (અર્થાત) : "આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર અફઝલ કર્યા." *(સૂરએ બકરહ્, આયત–૨૫૩)*

બીજી જગ્યા પર આમ ઈર્શાદ ફર્માવ્યો છે, (અર્થાત) : "અને બેશક ! અમે તેમને જાણી જોઈને ચૂંટી લીધા તે સમયવાળાઓમાંથી." *(સૂરએ દુખાન, આયત–૩૨)*

સરવરે કોનો મકાં ﷺએ ફર્માવ્યું છે :–

**જન્નતમાં સૌથી પ્રથમ જે જમાઅત દાખલ થશે તે ચૌદહવી રાતના ચાંદની જેમ ખૂબસૂરત હશે.** પછી આ હદીષના અંતે ફર્માવ્યું કે, તમામ એક જ આદમીની સૂરત પર હશે એટલે પોતાના બાપ આદમ علیہ السلامની સૂરત પર, જેમનું કદ આસમાનમાં સાઈઠ હાથ હતું.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہવાળી હદીષમાં છે કે, મેં હઝરત મૂસા علیہ السلامને જોયા કે તેઓ પર ઓછું ગોશ્ત છે, તેમના વાળ વાંકડીયા છે, નાક બુલંદ જાણે તે કબીલા સનવાના લોકોમાંથી છે. એ પણ ફર્માવ્યું કે, મેં હઝરત ઈસા علیہ السلامને જોયા, તેમનું કદ મધ્યમ અને ચહેરા પર કેટલાય તલ હતા. રંગત–લાલ છે જાણે તેઓ અત્યારે હમામમાંથી નીકળ્યા છે. બીજી હદીષમાં છે કે તેમની કમર તલવારની જેમ પાતળી છે. ફર્માને રિસાલતમાં છે કે, હઝરત ઈબ્રાહીમની તમામ અવલાદમાં તેમના સાથે સૌથી વધુ સમાનતા હું ધરાવું છું. એક હદીષમાં છે કે, ઘઉં વર્ણ રંગવાળાને જો જોવામાં આવે તો તેમાં હઝરત મૂસા علیہ السلام સૌથી વધુ ખૂબસૂરત જોવામાં આવશે. અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે, રસૂલ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ હઝરત લૂત علیہ السلامના સિવાય દરેક નબીને એવી કૌમમાં મોકલ્યા જેઓ બીજા લોકોથી સન્માનિત હતા. અને બીજી રિવાયતમાં છે કે, એવા લોકોમાં મોકલ્યા જેઓ સમૃદ્ધ હતા.

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી رحمۃ اللہ علیہએ હઝરત કતાદહ رحمۃ اللہ علیہ થી રિવાયત કરી જેને ઈમામ દારે કુતની رحمۃ اللہ علیہ, ઈમામ કતાદહ رحمۃ اللہ علیہ અને તેમણે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી છે કે, અલ્લાહ તઆલાએ કોઈ નબીને મોકલ્યા નથી, પરંતુ તેમને સારી રીતે સૂરત અને સારા અવાજથી નવાઝયા, અને આપણા નબી સૈયદના મુહમ્મદ ﷺને તેમના બધાથી ખૂબસૂરત અને સૌથી વધુ

સારા અવાજવાળા બનાવ્યા. અને આવી રીતે હદીષે હરકલમાં છે કે, જ્યારે મેં તમારાથી આ નબીના નસબ પૂછયા ત્યારે તમે કહ્યું હતું કે, તેઓ અમારામાં ઉચ્ચ ખાનદાનમાંથી છે અને એ સચ્ચાઈ છે કે, રસૂલ હમેશાં પોતાની કૌમના ઉચ્ચ ખાનદાનવાળા લોકોમાં જ મોકલવામાં આવ્યા છે. જેવું અલ્લાહ તઆલાએ હઝરત ઐયૂબ علیہ السلامના વિશે ફર્માવ્યું છે :–

(અર્થાત) : "બેશક ! અમે તેને ધીરજવાન પામ્યો, કેટલો સારો બંદો. બેશક ! તે ખૂબ જ રુજૂઅ લાવનાર (તૌબા કરનાર) છે." *(સૂરએ સ્વાદ, આયત–૪૪)*

અને અલ્લાહ તઆલાએ હઝરત યહ્યા علیہ السلامના વિશે ફર્માવ્યું, (અર્થાત) : "અય યહ્યા ! કિતાબ મજબૂત પકડ અને અમે એને બાળપણમાં જ નબુવ્વત આપી. અને અમારી તરફથી મહેરબાની અને સ્વચ્છતા (આપી) અને (એ) ખૂબ ડરવાવાળો હતો અને પોતાના માં બાપ સાથે સારું વર્તન કરનાર હતો, અઘરો અને અનાજ્ઞાંકિત ન હતો. અને તેના પર સલામતી છે જ્યારે તે જન્મ્યો અને જે દિવસે મરણ પામશે અને જે દિવસે મુડદાં ઉઠાડવામાં આવશે." *(સૂરએ મરયમ, આયત : ૧૨, ૧૩, ૧૪ અને ૧૫)*

અને બીજે સ્થળે તેમના વિશે ફર્માવ્યું છે, (અર્થાત) : "બેશક ! અલ્લાહ આપને યહ્યા (ની જન્મ)ની ખુશખબરી આપે છે કે, જે અલ્લાહ તરફના એક કલેમાનું સમર્થન કરશે અને સરદાર અને સદા માટે સ્ત્રીઓથી દૂર રહેનાર અને નબી અમારા ખાસ બંદાઓમાંથી." *(સૂરએ આલે ઈમરાન, આયત–૩૮)*

અને બીજા અંબિયા કિરામ સંબંધી ફર્માવ્યું, (અર્થાત) : "બેશક ! અલ્લાહે ચૂંટી લીધા આદમ અને નૂહ અને ઈબ્રાહીમ અને ઈમ્રાનની આલને આખી દુનિયામાં (થી) આ એક વંશ છે એક બીજાથી. અલ્લાહ સાંભળનાર જાણનાર છે." *(સૂરએ આલે ઈમરાન, આયત–૩૨)*

હઝરત નૂહ علیہ السلامના વિશે બારી તઆલાનો ઈર્શાદ છે :–

(અર્થાત) : "બેશક ! તે ઘણો શુક્ર ગુઝારનાર બંદો હતો." *(સૂરએ બની ઈસરાઈલ, આયત–૩)*

હઝરત ઈસા علیہ السلام વિશે ફર્માવ્યું છે :–

(અર્થાત) : "બેશક ! અલ્લાહ તને ખુશખબરી આપે છે પોતાના પાસેથી એક કલેમાની જેનું નામ છે મસીહ ઈસા મરયમનો પુત્ર. શિષ્ટાચારી, દુનિયા અને આખિરતમાં અને નઝદીકીવાળો અને લોકો સાથે વાત કરશે પારણામાં અને પાકી ઉંમરમાં અને ખાસ બંદાઓમાં હશે." *(સૂરએ આલે ઈમરાન, આયત : ૪૩, ૪૪, ૪૫)*

અને એમના વિશે આ પણ બારી તઆલાનો ઈર્શાદ છે, (અર્થાત) : "બાળક બોલ્યું ! હું અલ્લાહનો બંદો છું તેણે મને કિતાબ આપી અને મને ગયબની ખબરો આપનાર (નબી) બનાવ્યો અને તેણે મને મુબારક કર્યો હું ગમે ત્યાં હોઉં. અને નમાઝ અને ઝકાતની તાકીદ કરી જ્યાં સુધી જીવું અને પોતાની માં સાથે સદ્‌વર્તન કરનાર અને મને અઘરો બદ્‌નસીબ કર્યો નહીં અને મારા પર તે જ સલામતી જે દિવસે હું જન્મ્યો અને જે દિવસે મરણ પામું અને જે દિવસે જીવંત ઉઠાડવામાં આવું." *(સૂરએ મરયમ, આયત : ૩૦, ૩૧ અને ૩૨)*

હઝરત મૂસા علیہ السلامના સંબંધે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

(અર્થાત) : "અય ઈમાનવાળાઓ ! તેમની જેવા થશો નહીં જેમણે મૂસાને સતાવ્યા, તો જે વાત તેમણે (સતાવનારાઓએ) કહી તેનાથી અલ્લાહે તેને (મૂસાને) અલિપ્ત જાહેર કર્યો અને મૂસા અલ્લાહ પાસે આબરૂદાર છે." *(સૂરએ અહઝાબ, આયત : ૬૮, ૬૯)*

# કુર્બાનીનો ગોશ્ત ગૈર મુસ્લિમને આપવો કેવો ?!

## ફતવા વિભાગ

કાર્યાલય

**સવાલ** : શું કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો જાઈઝ છે ? વહાબી, દેવબંદી, જમાઅતે ઈસ્લામીવાળા આલમગીરીના હવાલાથી દર ઈદે બહાર પાડે છે કે કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો જાઈઝ છે, તો હક્ક઼ જાહેર ફર્માવશો.

**અલ્‌જવાબ** : કુર્બાનીના ગોશ્તમાં અફઝલ એ છે કે તેના ત્રણ ભાગ કરવામાં આવે : એક ભાગ ગરીબોને, એક ભાગ પોતાના સગાં સબંધીઓને આપવામાં આવે અને એક ભાગ પોતાના માટે રાખે. કુર્બાનીનો ગોશ્ત હિંદુસ્તાનના ગૈર મુસ્લિમોને આપવો જાઈઝ નથી. હદીષ શરીફમાં કુર્બાની વિશે પ્યારા નબી ﷺએ ફર્માવ્યું, "ખાઓ અને જમા કરો અને તે કામ કરો જેમાં સવાબ હોય." *(અબૂ દાઊદ)* આથી જાણવા મળ્યું કે કુર્બાનીનો ગોશ્ત અને ચામડુ તેને આપી શકાય છે જેને આપવું જાઈઝ છે અને સવાબ મળવાનું કારણ હોય અને અહીંના કાફિર હર્બી છે, તેમને આપવું સવાબ નથી, માટે તેમને આપવું જાઈઝ નથી.

અલ્ બહરૂર્રાઈક઼માં છે, "કાફિર ગૈર હર્બીને આપવું જાઈઝ છે." *(ભાગ–૫, પેજ–૨૦૪)* બયહકી શરીફમાં છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી એક લાંબી હદીષ મરવી છે જેમાં છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે પડોશી ત્રણ પ્રકારના છે : અમુકના ત્રણ હક્ક઼ છે, અમુકના બે અને અમુકનો એક જ હક્ક઼ છે. જે પડોશી મુસલમાન અને સગા સંબંધી હોય તેના ત્રણ હક્કો છે : **(૧)** પડોશી હોવાનો હક્ક઼ **(૨)** મુસલમાન હોવાનો હક્ક઼ અને **(૩)** સંબંધી હોવાનો હક્ક઼. અને મુસલમાન પડોશીના બે હક્કો છે : **(૧)** મુસલમાન હોવાનો હક્ક઼ (૨) પડોશી હોવાનો હક્ક઼. અને કાફિર પડોશીનો માત્ર એક જ હક્ક઼ છે : **(૧)** પડોશી હોવાનો હક્ક઼. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તઓને અમારી કુર્બાનીઓમાંથી પણ આપીએ ? ફર્માવ્યું કે, "મુશ્રિકોને કુર્બાનીમાંથી કાંઈ ન આપો."

ફિક઼્હની ખૂબ જ મશહૂર તથા વિશ્વસનીય કિતાબ બદાઉસ્સનાઈઅ્માં છે : **નઝર (મન્નત)નો કફ્ફારો, સદક઼એ ફિત્ર, કુર્બાની વગેરે ગૈર મુસ્લિમ હ઼ર્બીને આપવું જાઈઝ નથી અને ઝિમ્મી (જે કાફિર ઈસ્લામી હુકૂમતમાં ટેક્સ આપી રહેતો હોય)ને આપવું જાઈઝ છે.** અમુક લોકો (દેવબંદી, વહાબી, જમાઅતે ઈસ્લામીવાળા) આલમગીરીના હવાલાથી આ મસ્અલો છાપતા રહે છે કે કાફિરને કુર્બાનીનો ગોશ્ત આપવો જાઈઝ છે, આ સહીહ નથી. આ હુકમ ઝિમ્મી ગૈર મુસ્લિમ માટે છે અને ભારતમાં કાફિરો હ઼ર્બી છે ઝિમ્મી નથી, માટે આલમગીરીનો મસ્અલો અહીંના કાફિરો પર લાગુ નહીં થાય. ફતાવા આલમગીરીનું લખાણ આ પ્રમાણે છે, "કુર્બાનીનો ગોશ્ત અમીર, ગરીબ, ઝિમ્મી વગેરે જેને ઈચ્છે આપી શકે છે. *(ભાગ–૫, પેજ–૩૦૦)*

તફસીરાતે અહમદિયામાં હઝરત અલ્લામા મુલ્લા જીવન رحمۃ اللہ علیہ ઉસ્તાદ સુલ્તાન ઔરંગઝૈબ આલમગીર બાદશાહે હિંદુસ્તાન ફર્માવે છે, "અહીંના કાફિરો હ઼ર્બી છે અને આ વાત ઈલ્મવાળા જ જાણે છે.

તો જ્યારે સાબિત થયું કે અહીં કાફિરો ઝિમ્મી નથી હર્બી છે અને હર્બીને આપવું સવાબનું કામ નથી, માટે તેઓને કુર્બાનીનો ગોશ્ત ન આપે. અહલે સુન્નત વ જમાઅત એના પર જ અમલ કરે જે હદીષ તથા ફિક઼્હની કિતાબોથી સાબિત છે. ગૈરોની વાતો પર કાન ન ધરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફ્તી) **મુહમ્મદ નસીમ અહમદ** (જામિઆ અશરફિયહ્ મુબારકપુર, યુ.પી.) ૧૯, રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૨૮

**અનુવાદક** : જનાબ મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરા

### ❐ પોતાનો વાજિબ પ્રથમ અદા કરો ❐

**સવાલ** : જેના પર કુર્બાની વાજિબ છે તે જો પોતાના પુત્ર, પત્ની (તથા મર્હૂમો) વગેરેના નામથી કરે તો તેના માથે જે વાજિબ છે તે ઉતરી જશે ? અને એ કુર્બાની સહીહ થશે કે મોઅલ્લક (અધ્ધર) રહેશે ત્યાં સુધી કે તે કુર્બાનીના દિવસોમાં પોતાની કુર્બાની કરી લે અથવા દિવસો જતા રહે તો એટલી કિંમતનો સદકો કરી આપે ?

**જવાબ** : જેના પર કુર્બાની વાજિબ છે તેણે ખૂદ પોતાના નામથી કુર્બાની કરવી જોઈએ. પુત્ર કે પત્નીની તરફથી કરશે તો વાજિબ તેના માથેથી ઉતરશે નહીં. પોતાના નામથી કુર્બાની કર્યા બાદ જેટલી ચાહે બીજાનાં નામની કુર્બાનીઓ કરે, વાંધો નથી. પણ પોતાના માથે રહેતા વાજિબને અદા ન કરવું અને બીજાઓ તરફથી નફ્લ અદા કરવો એ ઘણી જ મહાન ગલતી છે. છતાંય બીજાઓ તરફથી જે કુર્બાની કરી તે થઈ ગઈ. જો કુર્બાનીના દિવસો (ઐયામે નહર) બાકી હોય તો ખૂદ કુર્બાની કરે અને વહી ગયા હોય તો એટલી કિંમત સદકો કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

### ❐ ઉધાર લઈને પણ કુર્બાની કરો ! ❐

**સવાલ** : એક જણે તેના મિત્રને કહ્યું કે એક ઘેટુ મારા માટે પણ લઈ લેજો. અને કુર્બાની પછી કુર્બાનીના દિવસો બાદ પૈસા ચૂકવ્યા. તો કુર્બાનીનો સવાબ મળશે કે નહીં. અને ઉધાર લઈને કુર્બાની કરવી કેવી ?

**જવાબ** : જે મિત્ર ખરીદી લાવ્યો છે તે એનો વકીલ છે. તેને એ અધિકાર હતો કે રકમ ચૂકવ્યા વિના તેના મિત્રને જાનવર ન આપે, પણ જ્યારે તેણે તેને આપી દીધું તો તે હવે તે જાનવરની કુર્બાની કરી શકે છે, એમાં કોઈ જ વાંધો નથી. કુર્બાનીની કિંમત અગાઉથી જ અદા કરી આપવી જરૂરી નથી. હા ! કુર્બાનીના જાનવરના માલિક થવું જરૂરી છે અને તેમ થયું છે. જો કુર્બાની તેના પર વાજિબ છે અને અત્યારે એની પાસે રૂપિયા નથી તો ઉધાર લઈને અથવા કોઈ ચીજ વેચીને કુર્બાનીનું જાનવર મેળવે અને કુર્બાની કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા અમજદિયહ, ભાગ–૩, પેજ–૩૧૫)*

### ❐ ખસ્સી કરેલાની કુર્બાની અફઝલ ❐


**સવાલ** : ખસ્સી કરેલા જાનવરની કુર્બાની જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીય્યિનુલ હકાઈક શરહે કન્ઝુદદકાઈકમાં છે : (અર્થ) : "ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે." એ જ અર્થમાં ગુરૂરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહુરમાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(પેજ–૩૦૪)*

### ❐ કુર્બાનીના ચામડાનો મસ્અલો ❐

**સવાલ** : કુર્બાનીના ચામડાની કિંમત વડે મસ્જિદમાં ડોલ અને લોટો વગેરે ખરીદીને મૂકવું જાઈઝ છે કે નહીં ? અને મસ્જિદના સમારકામમાં લાવી શકાય કે નહીં ?

**જવાબ** : કુર્બાનીના ચામડાને મસ્જિદના ઉપયોગમાં લઈ શકાય છે અને તેની કિંમતથી મસ્જિદનું સમારકામ કરાવવું તથા લોટો વગેરે ખરીદવું પણ જાઈઝ છે. જ્યારે કે તે નિય્યત સાથે વેચ્યું હોય અથવા મસ્જિદના મુતવલ્લીને ચામડુ આપ્યું અને તેણે તેને વેચી તે વસ્તુઓમાં વાપર્યા. ફતાવા આલમગીરીમાં છે : "ગોશ્ત ચામડાની જગ્યાએ ગણાશે." અને હદીષમાં ફર્માવ્યું, "ખાવો, જમા કરો અને બદલો મેળવો." અને જો કિંમતથી વેચ્યા અને તેનો મકસદ તે કિંમત પોતાના ઉપયોગમાં લાવવાનું હતું તો હવે મસ્જિદમાં તેનો ઉપયોગ જાઈઝ નથી કારણ કે હવે આ મિલ્કિયતે ખબીષ છે અને તેનું ગરીબોમાં ખર્ચવું જરૂરી છે. આલમગીરીમાં છે : "તેને દિરહમોથી ન વેચો જેથી પોતાના તથા પોતાની ઔલાદ પર તેને ખર્ચ કરો." દુર્રે મુખ્તારમાં છે : " કુર્બાનીના ગોશ્ત તથા ચામડાને ખરીદે તો તેની કિંમત સદકો કરી આપે." *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૦૭)*



## હજ્જ વિશે અગત્યની જાણકારી

✧✧ કાર્યાલય ✧✧

મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી** *(સદર મુફ્તી જામિઆ અશ્રફિયહ્-મુબારકપુર, યુ.પી.)*ને તા. ૧૦/૧૧ નવેમ્બર-૨૦૦૭ શનિ-રવિ **"સુન્ની દા'વતે ઈસ્લામી''**ના ભરૂચ ખાતે થયેલ સુન્ની ઈજતેમામાં અવામમાંથી કરવામાં આવેલ પ્રશ્નોના જવાબો જે હજ્જ સંબંધે છે તે અતિ જાણકારીપૂર્ણ હોવાથી અત્રે રજૂ કરીએ છીએ.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### લબ્બૈક ન પઢી શકે તે શું પઢે ?!

**સવાલ** : જો કોઈ હાજી એહરામ બાંધતી વખતે **લબ્બૈક** ન પઢે તો શું એના બદલે કોઈ બીજી ચીજ પઢી શકાય છે ?

**જવાબ** : હજ્જનો આ મસ્અલો થોડો વિગતવાર છે એની સ્પષ્ટતા કરી દઉં કે હજ્જનો તમે એહરામ બાંધો અથવા ઉમરાનો એહરામ બાંધો તો એના માટે સૌ પ્રથમ બે રકાત નમાઝે એહરામ પઢવામાં આવે છે. નમાઝે એહરામ બે રકાત નફ્લ છે. સલામ ફેરવ્યા પછી જો તમે ઉમરા કરવા ચાહો છો તો ઉમરાની નિય્યત કરો અને હજ્જ કરવા ચાહો છો તો હજ્જની નિય્યત કરો. પણ કેવળ નિય્યત કરી લેવાથી આપનો એહરામ ન બંધાશે, બલ્કે જરૂરી છે કે કમસે કમ એક વાર મોટા અવાજે તમે **લબ્બૈક** પઢો. એટલે કે બંનેવ ચીજો હોવી જોઈએ, નિયત પણ અને લબ્બૈક પણ. **લબ્બૈક** એટલે **લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લા શરીક લક લબ્બૈક. ઈન્નલ હમ્દ વન્નિઅ્મત લકવલ્ મુલ્ક લા શરીક લક.** તો કમસે કમ એકવાર મોટા અવાજે પઢી લેવામાં આવે. અને બેહતર એ છે કે ત્રણવાર પઢવામાં આવે, ત્યારે તમારો એહરામ બંધાશે. કેવળ **લબ્બૈક** પઢશો તો એહરામ ન બંધાશે અથવા કેવળ નિય્યત કરશો તો એહરામ ન બંધાશે, બંનેને જોડશો ત્યારે એહરામ બંધાશે. પણ સવાલ એ કરવામાં આવ્યો કે કોઈ માણસ **લબ્બૈક** ન પઢે તો શું પઢે કે તેનો એહરામ બંધાશે ? તો અમે તો એ જ કહીશું કે તેને યાદ કરી લે, કેમ કે તલબિયહ્ એટલે લબ્બૈક એ દુઆ છે કે જે વારંવાર પઢવી પડે છે, પૂરા ઉમરામાં પઢવાની છે, પૂરા હજ્જમાં પઢવાની છે. પણ જ્યારે કે યાદ ન હોય અને એહરામ બાંધવાનો સમય આવી ગયો તો તમે એની જગા પર અલ્લાહ તઆલાનો કોઈ પણ ઝિક્રે જમીલ કરી આપો જેમ કે **અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન, સુબ્હાનલ્લાહ ! અલ્હમ્દુલિલ્લાહ** અથવા **અલ્લાહુ અકબર વલિલ્લાહિલ્ હમ્દ** તો આ પ્રકારના શબ્દો પણ તમે મોટા અવાજે પઢી લો તો પણ તમારો એહરામ બંધાય જશે, પણ સુન્નતની વિરુધ્ધ છે. જેથી તમે કોશિશ એ કરો કે તલબિયહ્ યાદ કરી લો. નાની સરખી દુઆ છે અને એ દુઆ ખૂબ જ પ્રમાણમાં પઢવાની છે જેથી એને યાદ કરી લેવી જોઈએ.

### હજ્જે બદલ વિશેના મસાઈલ

**સવાલ** : હજ્જે બદલને માટે અમદાવાદથી હવાઈ જહાઝ મારફત જનાર હાજી મીક઼ાતથી ઉમરાની નિય્યત કરશે કે હજ્જની ?

**જવાબ** : અમદાવાદ મીક઼ાતથી ઘણુ દૂર છે જેથી બેહતર એ છે કે અમદાવાદ એરપોર્ટ પર જ્યારે તમારી કાનૂની કાર્યવાહી સર્વ પતી જાય તે સમયે તમો પહેલેથી ગુસ્લ કરીને જાવ અને એહરામનાં કપડાં પણ પહેરીને જાવ. હવે તે વખતે તાજુ વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢો અને કેમ કે

તમે હજ્જ માટે જઈ રહ્યા છો એટલે બેહતર શું છે તે એ કે તમે **હજ્જે ક઼િરાન**ની નિય્યત કરો. સવાલ બેહતર વિશે છે જેથી જાણી લો કે હજ્જ ત્રણ પ્રકારના છે, **હજ્જે ઈફ઼રાદ** : કે કેવળ હજ્જ કરવામાં આવે, એ સફરમાં ઉમરા તેની સાથે ન જોડવામાં આવે. એક છે **હજ્જે તમત્તુઅ** : એનો મતલબ એ થાય છે પ્રથમ ઉમરા કરવામાં આવે, મક્કા શરીફ જઈ ઉમરા કરીને એહરામ ખોલી નાખે અને જયારે હજ્જનો સમય આવી જાય ત્યારે હજ્જની નિય્યતથી એહરામ બાંધે જેથી એક સફરમાં બે ઈબાદતો તમે કરી, એને હજ્જે તમત્તુઅ કહે છે. **હજ્જે ક઼િરાન** : એ છે કે અહીં અમદાવાદથી જ તમે એહરામ બાંધ્યો તો ઉમરા તથા ક઼િરાન બંનેની નિય્યત એક સાથે કરે. **અફ઼ઝલ** હજ્જ **હજ્જે ક઼િરાન** છે એના બાદ **હજ્જે તમત્તુઅ** એના બાદ **હજ્જે ઈફ઼રાદ** છે. તો બેહતર તરીકો એ છે કે તમો હજ્જે ક઼િરાન કરો. પણ હજ્જે ક઼િરાનની પાબંદીઓ ઘણી છે. જો તમે અંતિમ ફ્લાઈટથી જઈ રહ્યા છો તો ત્યાં ઉમરા કરી એકાદ બે રોજ પછી તમારે હજ્જ માટે જવાનું થશે તો તમે અહીંથી હજ્જ તથા ઉમરા બંનેની નિય્યત કરીને જાવ. કેમ કે આપણા આક઼ા વ મૌલા ﷺએ હજ્જે ક઼િરાન જ કરી હતી. હજ્જ તથા ઉમરાની નિય્યત એક સાથે જ કરી હતી. અને જ્યાં સુધી તમે હજ્જ પૂરી નહીં કરી લો અને હજ્જ પૂરી કરી તવાફે ઝિયારત નહીં કરી લો ત્યાં સુધી સંપૂર્ણપણે હલાલ નહીં થાવ. એટલા માટે એહરામની સર્વ પાબંદી તમારે ઉઠાવવી પડશે. તો સવાબના લેહાઝથી સૌથી બેહતર આ જ છે. પણ એ ત્યારે કરવું જોઈએ જયારે હજ્જનો સમય ઓછામાં ઓછો બાકી હોય. નહીં તો જે એનો લેહાઝ નહીં કરે અને કયાંક તેણે હજ્જના એહરામની વિરુધ્ધ કાર્ય કરી નાખ્યું તો તેણે દમ આપવો પડશે. અને તે પણ એક જુર્માનાના બે દમ આપવા પડશે. જેથી આસાની એમાં છે કે તમો હજ્જે તમત્તુઅ કરો. હજ્જે તમત્તુઅમાં આપ અમદાવાદથી પ્રથમ ઉમરાનો એહરામ બાંધો, એટલે એવું કહો કે ''નિય્યત કરીને મેં ઉમરાની.'' અને મક્કા મોઅઝ્ઝમા જઈને ઉમરા કરી લો એટલે કે કા'બા શરીફનો તવાફ સાત ચક્કર, પછી સફા મરવાની સઈ સાત ચક્કર ત્યાર બાદ વાળ મૂંડાવીને હલાલ થઈ જાવ. પછી જ્યારે હજ્જનો સમય આવે ત્યારે એટલે ૭ ઝીલ હજ્જે રાત્રે અથવા આઠની સવારે નહાઈ ધોઈને હજ્જનો એહરામ બાંધી હજ્જ માટે મિના ચાલ્યા જાવ. એમાં આસાની વધુ છે. અને હજ્જે ઈફ઼રાદથી એનો સવાબ પણ ઘણો વધુ છે એટલા માટે તમારા માટે હું બેહતર એ સમજું છું કે તમે હજ્જે તમત્તુઅ કરો.

''હજ્જે બદલ''ના મસ્અલામાં પણ થોડી વિગતવાર ચર્ચા જરૂરી છે કે તે એ કે તમે કોઈ મૈયતના તરફથી પોતાની રીતે હજ્જે બદલ માટે જઈ રહ્યા છો તો તમને અધિકાર છે કે તમે પહેલાં ઉમરાની નિય્યત કરો અને એના બાદ હજ્જની નિય્યત કરો જેમ કે હમણા હજ્જે તમત્તુઅ વિશે જણાવ્યું. અને કુર્બાની પોતાના તરફથી કરો અને તેનો સવાબ મૈયતને પહોંચાડો. અને જો તમારા ભાઈ કે દોસ્ત સંબંધી કે મુસલમાન ભાઈઓમાંથી કોઈ માણસ એવો છે જે મજબૂર થઈ ગયો છે, જેના પર હજ્જ ફ઼ર્ઝ છે અને હવે પોતે હજ્જમાં નથી જઈ શકતો, જેથી તેણે તમને હજ્જે બદલ માટે મોકલ્યા છે અને તમને હજ્જે બદલનો ખર્ચ આપ્યો છે તો આવા સંજોગોમાં હુકમ એ છે કે તમે એકલા હજ્જના માટે જાવ અને એકલી હજ્જ કરો. એ જ તમારા માટે અફ઼ઝલ છે, એટલે કે હજ્જે ઈફ઼રાદ કરો. પણ ઘણા હાજી હજ્જે તમત્તુઅ પણ કરે છે, તો એનું કારણ એ હોય છે કે સામાન્યતઃ હજ્જને માટે જે લોકો મોકલે છે તેમના તરફથી સામાન્યતઃ ઈજાઝત હોય છે કે તમે હજ્જમાં જઈ રહ્યા છો તો

ઉમરા પણ કરી શકો છો અને હજ્જ પણ કરી શકો છો. બેહતર એ છે કે જો તમારે હજ્જે તમત્તુઅ કરવી હોય એટલે ઉમરા પણ અને હજ્જ પણ તો તમે જે ભાઈ હજ્જ માટે તમને પોતાના તરફથી મોકલી રહ્યા છે તેમનાથી તમે રજા લઈ લો કે હું ઉમરા પણ કરીશ અને સાથોસાથ તમારા માટે હજ્જ પણ કરી લઈશ. તે રજા આપી દે તો પ્રથમ તમે ઉમરા કરી લો, ત્યાર બાદ હજ્જ કરો, એ જાઈઝ છે. અને તે ઈજાઝત ન આપે તો તમે કેવળ હજ્જે ઈફરાદ કરો તેની સાથે ઉમરા ન કરો. પણ યાદ રાખશો કે ગમે તેમ પણ **તમે હજ્જે તમત્તુઅ કરશો તો કુર્બાની તમારે તમારા પૈસા વડે કરવી પડશે અને પોતાની તરફથી કરવી પડશે.** હા, જે ભાઈ હજ્જ માટે મોકલી રહ્યા છે તે કહી દે કે મારા જ પૈસા વડે કુર્બાની પણ કરી દેજો, તો પછી તમારા માટે જાઈઝ થશે અને ખુસાલાવાર ન કહે તો જાઈઝ ન થશે કે તમે તેના પૈસાથી કુર્બાની કરો કેમ કે તે તમને હજ્જે બદલ માટે મોકલી રહેલ છે. અને હજ્જે બદલ માટે મોકલવાનો મતલબ છે એકલી હજ્જ. અને એકલી હજ્જ (હજ્જે ઈફરાદ)માં કુર્બાની ફર્ઝ નથી, વાજિબ નથી જેથી તેમના પૈસા તમે કુર્બાનીમાં ખર્ચી નથી શકતા. ઈજાઝત આપે તો કરો ન આપે તો પોતાના પૈસાથી પોતાના તરફથી કરો. હજ્જે ઈફરાદમાં હજ્જની નિય્યત મોકલાનાર તરફથી કરે અને તમત્તુઅમાં ઉમરાની નિય્યત પોતાની તરફથી કરે.

**સવાલ** : હજ્જે બદલવાળો હાજી જો તમત્તુઅની નિય્યત કરીને અહીં ગયો, પોતાનો ઉમરો તેણે કરી લીધો અને હવે તે હલાલ છે અને હજ્જના દિવસોની રાહ જોઈ રહ્યો છે તો એ દરમ્યાન એની પાસે સમય છે તો પોતાના તરફથી નફલી ઉમરા કરી શકે છે ?!

**જવાબ** : હા, નફલી ઉમરા તે જેટલા ચાહે કરી શકે છે, પરંતુ બેહતર એ છે કે જો હજ્જ પછી તેની પાસે સમય છે એટલે કે એની ફ્લાઈટમાં હજી આઠ દસ દિવસ કે એથી વધુ દિવસોનો સમય છે તો બેહતર એ છે કે અહીંથી જઈને તેણે એક ઉમરો પોતાના તરફથી કરી લીધો તો હવે ઉમરા ન કરે. હજ્જથી પ્રથમ તે કેવળ તવાફ કરે અને કોશિશ કરે કે પચાસ તવાફ કરી લે. કેમ કે હદીષે પાકમાં છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જેણે ૫૦ તવાફ કા'બા શરીફના કરી લીધા તે ગુનાહોથી એવો પાક થઈ ગયો જેમ કે એ દિવસે પાક હતો જ્યારે પોતાની માંના પેટથી પૈદા થયો હતો.** (સુબ્હાનલ્લાહ !) તો ૫૦ તવાફ કરવાની ઘણી ફઝીલત છે જેથી ૫૦ તવાફ કરે. અને કેટલાક ઉલમા હજ્જથી પહેલાં એક ઉમરા બાદ બીજો ઉમરો કરવાની મના કરે છે એટલા માટે અમે ફત્વો એ આપીએ છીએ કે જો તેની પાસે હજ્જ પછી સમય ઉમરા કરવાનો છે તો હજ્જ પહેલાં એક ઉમરો કરી લે પછી ઉમરો ન કરે જેથી અન્ય ઉલમા તથા ફકીહોની મુખાલફત ન થાય, બલ્કે એની જગાએ તવાફ કરે. કદીક પોતાના તરફથી, કદીક હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہની તરફથી, કદી હુઝૂર ﷺની તરફથી, કદીક પોતાના મર્હૂમ માંબાપ, સગાં વહાલાં તરફથી, સૌના તરફથી કરે અને ખૂબ કરે. અને ૧૪ ઝીલ હજ્જ પછી જેટલા ઉમરા તે કરવા ચાહે કરી શકે છે અને એક દિવસમાં બે કરે એક કરે, બેથી વધુ ન કરે કેમ કે થાકી જશે તો આગળના માટે તેને પરેશાની થશે. અને જો તેની પાસે હજ્જ પછી વધુ સમય નથી, બેચાર દિવસમાં જતો રહેશે અને હજ્જથી પહેલાં તેની પાસે સમય વધારે છે તો તેના માટે જાઈઝ છે કે હજ્જથી પહેલાં જેટલા ઉમરા કરવા ચાહે ઉમરા કરે જેટલા તવાફ કરવા ચાહે તવાફ કરે, સૌની ઈજાઝત છે.

**સવાલ** : જો કોઈ શખ્સ "હજ્જે બદલ" કરી રહ્યો હોય અને તેણે પોતાનો હજ્જ હજી નથી કર્યો અથવા તેના પર હજી હજ્જ ફર્ઝ નથી થયો,

તો એવી વ્યક્તિ પાસે "હજ્જે બદલ" કરાવવું કેવું ?

**જવાબ** : જે શખ્સે હજી પોતાનો ફર્ઝ હજ્જ અદા નથી કર્યો અને કોઈ માણસ ચાહે છે કે તેને "હજ્જે બદલ" માટે મોકલે, તો એવું ન કરવું જોઈએ. સામાન્યતઃ લોકો એવું કરે છે પણ એવું ન કરવું જોઈએ. તેનાં બે કારણો છે : એક તો એ કે જ્યારે તેણે ફર્ઝ હજ્જ અદા નથી કર્યો તો ત્યાં પહોંચતાં જ તેના પર હજ્જ ફર્ઝ થઈ જશે. અને પોતાનો હજ્જ તે કરી નથી શક્તો, કેમ તે બીજાના પૈસાથી ગયો છે અને બીજાના માટે હજ્જ પઢવા ગયો છે. તો **હવે એના પર ફર્ઝ થઈ જશે કે આવતા વરસે તે હજ્જ માટે જાય અને પૈસા ન મળે તો કરજ લઈને જાય.** બીજું એટલા માટે કે જે નવો જનારો હોય છે હજી હજ્જ માટે નથી ગયો તો તે ઘણી જગાઓ એવી આવે છે જ્યાં હજ્જના મસાઈલમાં ગુંચવાઈ જાય છે, પરેશાન થાય છે. અને જે હજ્જ કરી ચૂક્યા હોય છે તેઓ સહીહ તૌર પર હજ્જ કરી શકે છે. એટલા માટે મસ્અલો એ છે કે જેણે હજી પોતાનો ફર્ઝ હજ્જ અદા નથી કર્યો તેને હજ્જે બદલ માટે ન મોકલવામાં આવે. જે ફર્ઝ હજ્જ અદા કરી ચૂક્યો તેને મોકલવામાં આવે. અને એમાં પણ ગમે તે શખ્સને ન મોકલવામાં આવે, જે આલિમે દીન હોય, શરીઅતનો પાબંદ હોય, હાફિઝે કુર્આને પાક હોય, જે હજ્જના મસાઈલ સારી રીતે સમજી ચૂક્યો હોય અને સહીહ રીતે હજ્જ કરી શક્તો હોય તેને મોકલો.

## તવાફે ઝિયારતની સઈ એડવાન્સમાં

**સવાલ** : જો કોઈ હજ્જે તમત્તુઅ કરી રહ્યો છે તો તવાફે ઝિયારતની સઈથી તે એડવાન્સમાં સાત ઝીલ હજ્જના રોજ ફારિગ થવા ચાહે છે તો તે એવું કરી શકે છે ? અને બાદમાં પણ સઈ કરી શકે છે તો બંનેમાં અફઝલ શું છે ?

**જવાબ** : જો કોઈ માણસ એવું ચાહે છે કે હજ્જ પછી જે તવાફે ઝિયારત કરવામાં આવે છે અને એ તવાફે ઝિયારત પછી એક સઈ કરવામાં આવે છે તો અફઝલ તો એ છે કે ૧૦મી અથવા ૧૧મી અથવા વધુમાં વધુ ૧૨મી તારીખે તવાફે ઝિયારત કરે અને એના પછી જ સઈ કરે. પણ શરીઅતની તરફથી એ છૂટ છે કે જો તે ભીડ ભાડથી બચવા માટે પહેલેથી જ તવાફે ઝિયારતવાળી સઈ કરવા ચાહે તો તેને પણ તે કરી શકે છે. પણ એ સઈનો તરીકો એ છે કે સઈ તે એ જ સમયે કરી શકે છે કે એનાથી પહેલાં કોઈ તવાફ કરવામાં આવે. ઉમરાનો તવાફ તો તમે પહેલાં કરીને હલાલ થઈ ચૂક્યા છો એ કારણે જ્યારે તમે આઠમી તારીખે હજ્જનો એહરામ બાંધો તો એ જ દિવસે તમે નફલ તવાફની નિય્યતે કા'બા શરીફનો તવાફ કરો અને કેમ કે તમો એહરામની હાલતમાં છો એટલે તમો પહેલાં ત્રણ ચક્કરમાં "રમલ" પણ કરો અને "રમલ" કરવા માટે સુન્નત એ છે કે "ઈસ્તિબાઅ" પણ કરો. પછી બાકીના ચાર ચક્કર નોર્મલ તરીકાથી કરો, પછી બાદ જઈને આજે જ તમે સફા મરવાની સઈની નિય્યત કરીને "સઈ" કરી લો. તો આ જે આઠમીએ (સાતમીએ) તમે સઈ કરશો એમાં ૧૦મી કરતાં ભીડ ઘણી ઓછી હશે, અને આસાની સાથે એ સઈ થઈ જશે. તો આજે તમે સઈ કરી લીધી તો હજ્જની વિધિ પૂર્ણ કર્યા બાદ, કુર્બાની પછી મક્કા આવી તવાફે ઝિયારત કરી લો અને હવે સઈ કરવાની જરૂરત રહેશે નહીં. જો કે બેહતર તો ઉપર જણાવ્યું તે જ છે. જો કે આનો સવાબ પણ ઓછો નથી. આ પણ કરી શકો છો તે પણ કરી શકો છો. આઠમી, સાતમીએ પણ કરી શકો છો.

## કરજદાર હજ્જ માટે જાય તો ?

**સવાલ** : જો કોઈ શખ્સ કરજદાર છે અને

બીજો કોઈ શખ્સ તેને પોતાના પૈસાથી હજ્જ કરાવી રહ્યો છે. બાદમાં તે શખ્સ ખૂદ સાહિબે માલ થઈ ગયો તો શું તેણે ફરીથી હજ્જ કરવી પડશે ?

**જવાબ** : જે શખ્સ ફકીર હતો, મોહતાજ હતો અને કરજ લઈને હજ્જ કરવા જતો રહ્યો તો તેનો હજ્જે ઈસ્લામ (ફર્ઝ હજ્જ) અદા થઈ ગયો. **હવે એના પછી જો તે કરોડપતિ પણ થઈ જાય તો તેના ઝિમ્મે હજ્જ ફર્ઝ નથી, કેમ કે જિંદગીમાં હજ્જ કેવળ એકવાર ફર્ઝ છે.** મસ્અલો એ છે કોઈ ગમે તેવો ફકીર મોહતાજ પગપાળા પણ મક્કા મોઅઝ્ઝમા પહોંચી જશે તો તેના પર હજ્જ ફર્ઝ થઈ જશે. જ્યારે કા'બા શરીફ પાસે તે પહોંચી ગયો તો પહોંચતાં જ તેના પર હજ્જ ફર્ઝ થઈ ગયો. ભલે ગમે તેટલો નાદાર, કમજોર હોય. **હવે જ્યારે હજ્જ ફર્ઝ થઈ ગયો તો હવે જે હજ્જ કરી રહ્યો છે તે ફર્ઝ હજ્જ અદા થઈ રહ્યો છે. અને એના બાદ હવે કરોડપતિ પણ થઈ જાય તો હવે તેના પર હજ્જ ફર્ઝ થશે નહીં.** હવે પછી જે કરશે અલ્લાહની આપેલ દૌલત વડે તો તે નફ્લ હજ્જ ગણાશે. કરજદારને કોઈ બીજો માણસ પણ હજ્જ કરાવે તો તેનો પણ હજ્જ ફર્ઝ અદા થઈ જશે બાદમાં માલદાર થવા છતાં પર હજ્જ ઉપર મુજબ જ ફર્ઝ ન થશે. (એ જ પ્રમાણે પત્નીને પતિ હજ્જ કરવા લઈ જાય તો તેણીનો પણ ફર્ઝ હજ્જ અદા ઉપર મુજબ થઈ જશે.)

## હજ્જ ન કરી હોય તે શવ્વાલનો ચાંદ મક્કામાં જુએ તો ?

**સવાલ** : જેણે ફર્ઝ હજ્જ અદા નથી કર્યો તે શવ્વાલનો ચાંદ હરમની હદમાં જોઈ લે તો એના માટે શો હુકમ છે ?

**જવાબ** : હરમની હદથી મુરાદ કેવળ મક્કા શરીફ નથી બલ્કે મક્કા શરીફથી કેટલાય કિ.મિ. દૂર ચારેવ તરફ જે હદ બનેલી છે તે પૂરી છે, બલ્કે મદીના શરીફમાં કોઈ હોય, જિદ્દા શરીફમાં કોઈ હોય અને એની પાસે એટલી રકમ છે કે મક્કા મોઅઝ્ઝમાં આરામની સાથે આવી શકે છે, અને ધારો કે મદીના પાકમાં તે છે ત્યાં ઈદનો ચાંદ થઈ ગયો અને તેણે હજી પોતાનો ફર્ઝ હજ્જ અદા નથી કર્યો અને તેની પાસે ૧૦૦-૨૦૦ રિયાલ છે એટલા તો સામાન્યતઃ રહેતા જ હોય છે. તો ભાડુ તો કુલ ૩૦, ૩૫ થી ૪૦ હજાર થાય છે, પચાસ હજાર થાય છે તેના માટે ઈસ્તિતાઅતનો માર્ગ છે તે આરામથી મક્કા આવી શકે છે હજ્જ કરી શકે છે. તો ભલે તે મદીના પાકમાં છે પણ તેના પર પણ હજ્જ ફર્ઝ થઈ જશે, જિદ્દામાં છે હજ્જ ફર્ઝ થઈ ગયો, મક્કામાં છે હજ્જ ફર્ઝ થઈ ગયો. જેથી જો કોઈ જાણે છે કે તે આ વરસે હજ્જ નહીં કરી શકે તો રમઝાનની ૨૯ તારીખ આવતાં પહેલાં જ સઊદિયાથી બહાર નીકળી જાય. રમઝાનની ૨૯ તારીખ પહેલાં પોતાની ફલાઈટ હિંદુસ્તાન, પાકિસ્તાન જયાં પણ જવાનું હોય નીકળી જાય.

## હજ્જમાં હૈઝ-નિફાસવાળી શું કરે ?!

**સવાલ** : સ્ત્રી હજ્જ માટે એહરામ બાંધે પછી જો તેણીને બાળ જન્મ થાય કે માસિક આવે તો શું કરે ?

**જવાબ** : જો કોઈ સ્ત્રીએ હજ્જનો એહરામ બાંધ્યો અને બાળ જન્મ થાય કે માસિક આવે તોય કેવળ તવાફે ઝિયારતથી રોકાય રહે. એ સિવાયની હજ્જની સર્વ ક્રિયા કરી શકે છે અને કરે. તથા પાક થયા બાદ હવે તવાફે ઝિયારત કરી લે તો તેની હજ્જ અદા થઈ જશે.

કાર્યાલય

# એક મુઠ્ઠી દાઢી હદીષથી સાબિત છે !

અલ્હમ્દુલિલ્લાહ ! સુન્નીઓનો કોઈ અકીદો તથા અમલ કુર્આન, હદીષથી બહારનો નથી. આજકાલ ખાસ કરીને મૌદૂદી જમાઅત એટલે કહેવાતી જમાઅતે ઈસ્લામીના ગુરૂ મૌલાના મૌદૂદીની રાહ પર ચાલીને કેટલાક રાહ ભૂલેલા કહેવાતા સુન્ની મૌલાના પણ દાઢી વિશે ગરબડમાં પડેલા છે ! મૌદૂદીની રવિશ પર ચાલીને તેઓ પણ પબ્લિકમાં એલાનો કરી આપે છે કે, દાઢી એક મુઠ્ઠી હોવી જરૂરી નથી, કેવળ દૂરથી જોનારને દાઢી રાખી એવું જણાય એટલી દાઢી પણ પૂરતી છે. આવી વાતો કરીને પૂર્વજ બુઝુર્ગો તથા ઈમામોના માર્ગથી લોકોને હટાવવામાં આવી રહ્યા છે અને અસલ ઈસ્લામના ઠેકાણે એક ડુપ્લિકેટ ઈસ્લામ પેશ કરી રહ્યા છે. આવી ગુમરાહીઓથી સુન્ની પબ્લિકને સાવચેત કરવા આ મસ્અલાનો હલ પણ મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી** થકી રજૂ કરીએ છીએ જે **સુન્ની દા'વતે ઈસ્લામી**ના ભરૂચ ૧૦/૧૧–નવેમ્બર/૨૦૦૭ના સુન્ની ઈજતેમામાં આપે રજૂ કર્યો હતો. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સવાલ** : એક સાહબ કહે છે કે હદીષ શરીફમાં કોઈ વાત એવી નથી જેનાથી સાબિત થઈ જાય કે એક મુઠ્ઠી દાઢી રાખવી વાજિબ છે. (જેમ કે મૌલાના તાહિરુલ કાદરી પાકિસ્તાનીએ કહ્યું છે) તો કુર્આન હદીષનીમાં રોશની એની હકીકત જણાવો !

**જવાબ** : એક મુઠ્ઠી દાઢી રાખવી વાજિબ છે, એ રસૂલુલ્લાહ ﷺની હદીષથી સાબિત છે. કઈ રીતે સાબિત છે એને સમજો. કેટલાક આલિમોએ લોકોમાં એ ગુમરાહી ફેલાવી છે એટલા માટે અમે તેની થોડીક વિગતવાર સ્પષ્ટતા કરીશું, જો અવામમાં આ વાત હોત તો કેવળ મસ્અલો દર્શાવી આપવો પૂરતો હતો. સાંભળો ! હદીષે પાકમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **અવફુલ્લુહા** "દાઢીઓ વધારો !" અહીં હુઝૂર ﷺ હુકમ આપી રહ્યા છે, અને જ્યારે હુઝૂર કોઈ વાતનો હુકમ આપી રહ્યા છે તો તે કાર્ય કરવું **વાજિબ** થઈ જાય છે. જેમ કે હજ્જ દર વરસે કરવા વિશેના સવાલમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **જો હું "હા" કહી આપત તો દર વરસે હજ્જ વાજિબ થઈ જાત !** જ્યારે **"હા" કહેવાથી વાજિબ થઈ જાય તો હુઝૂર જો હુકમ આપે તો વાજિબ નહીં થાય ?!** એ તો જરૂર વાજિબ થઈ જશે. તો હુઝૂર હુકમ આપી રહ્યા છે **અવફુલ્લુહા** "દાઢીઓ વધારો !" **તો દાઢી વધારવું વાજિબ થયું કે નહીં ?**

હવે રહ્યો પ્રશ્ન કે કેટલી વધારશો ?! એની કોઈ હદ છે ? એની કોઈ હદ આ હદીષમાં નથી. જેથી આ હદીષનો તકાઝો એ થયો કે દાઢીને વધતી છોડી આપો. પરંતુ બીજી હદીષમાં એ છે કે હુઝૂર ﷺ પોતાની દાઢીને થોડીક લંબાઈથી અને થોડીક પહોળાઈ કાપી લેતા. હજી પણ વાત ફાઈનલ ન થઈ કે સરકાર કેટલી કાપતા હતા ! એટલું નક્કી થયું કે હુઝૂર કાપતા હતા, કેમ કે જો દાઢીને તદ્દન વધતી છોડી દેવામાં આવે ત્યાં સુધી કે દૂંટી સુધી આવી જાય તો તે સાધુ થઈ જશે ! અને ચહેરો પણ બેડોળ લાગશે. ઈસ્લામ એવું નથી ચાહતો. દાઢી તો હુકમ તો એટલા માટે હતો કે ચહેરાની શોભા બને, કદરૂપુ બનાવવા માટે તો નથી. ચહેરાને દાઢીનો સજાવવાનો શણગારવાનો છે, ઝીનત (શોભા) બનાવવાનો છે એટલા માટે કાંઈક કાટ છાટ કરવું પડશે અને હુઝૂર લંબાઈ તથા પહોળાઈમાં કાંઈક કાટ છાટ કરતા હતા. પણ કેટલી કરતા હતા તે પણ વર્ણન નથી.

હવે ત્રીજી હદીષ સાંભળો ! હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ સહાબીઓમાં અતિ તકવાવાળા

અને મહાન જલીલુલ કદર સહાબી થઈ ગયા. આપ સુન્નતે રસૂલુલ્લાહ ﷺ પર અમલ કરવાના ખૂબ જ શોખિન હતા. હુઝૂર ﷺની સુન્નત પર તેમના અમલના શોખની સ્થિતિ એ હતી કે એકવાર આપ હજ્જ કરીને પોતાના સાથીઓની સાથે પાછા ફર્યા તો માર્ગમાં એક બાવળનું ઝાડ આવ્યું તો તેને સ્પર્શીને ગયા કે એમનો પાલવ બાવળના કાંટાઓમાં ભેરવાઈ ગયો, જોઈ રહ્યા છે ફસાઈ રહ્યો છે બલ્કે ફસાવી રહ્યા છે ! ઘસાઈને જશે તો ભેરવાવાનો જ હતો. થોડેક આગળ વધતાં કૂરતો ખેંચાયો તો પાછા વળ્યા, પાલવ છોડાવ્યો અને ફરી જમણી બાજુ થઈને નીકળ્યા. સાથીઓએ પૂછયું, હુઝૂર ! તમે આશિકે રસૂલ છો, તમારો તક્વો તથા તમારી શરીઅતની પાબંદી એકદમ છે પણ તમે આવું કામ કર્યું ?! તો ફર્માવ્યું કે એટલા માટે જ તો કર્યું ! હું હુઝૂર ﷺની સાથે અંતિમ હજ્જના પ્રસંગે હતો. હુઝૂર ﷺ આ જ માર્ગેથી આ જ બાવળના ઝાડ પાસેથી ગુજર્યા તો સરકાર ﷺનો પાલવ બેતવજ્જોહીમાં આ જ બાવળના કાંટામાં ફસાઈ ગયો, સરકાર ﷺ એટલા જ દૂર આગળ વધ્યા જેટલો હું વધ્યો હતો. પછી સરકાર ﷺ એટલા જ દૂર પાછળ આવ્યા હતા જેટલો હું પાછળ આવ્યો હતો. પછી સરકાર ﷺ એ જ પ્રમાણે દામન છોડાવ્યો હતો જેમ કે મેં છોડાવ્યો છે. પછી સરકાર ﷺ જમણી તરફથી એ જ રીતે ચાલ્યા હતા જેમ કે હમણાં હું ચાલ્યો હતો. તો હું તો સરકાર ﷺની સુન્નત પર અમલ કરી રહ્યો છું. સરકાર ﷺએ આવું કર્યું હતું એટલે હું એવું કરી રહ્યો છું. હુઝૂર ﷺની દરેક અદા મને મહબૂબ છે, હુઝૂર ﷺ થી મને ઈશ્ક છે, મહોબ્બત છે. આ છે તેમના ઈશ્કનો આલમ ! મહબ્બતે રસૂલનો આલમ !

તેમના થકી આ સહીહ હદીષ રિવાયત થયેલી છે કે **તે દાઢી પોતાની મુઠ્ઠીમાં લેતા હતા અને એક મુઠ્ઠીથી દાઢી જે વધારે થતી તેને કાતરથી કટ કરી લેતા.** તો એનાથી સાબિત થઈ ગયું કે તેમણે પોતાના આકા ﷺને જોયા હતા કે સરકાર ﷺ દાઢીને લંબાઈથી કટ કરતા હતા તો આ રીતે કટ કરતા હતા. દાઢીને મુઠ્ઠીમાં પકડી અને એનાથી બહારનાને કટ કરી નાખ્યા. આ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہના અમલથી સાબિત થઈ ગયું. સહાબી એ જ કાયમ કરે છે જે સરકાર ﷺથી જોયેલું હોય છે. એનાથી જણાઈ ગયું કે **દાઢી રાખવી વાજિબ, અને ક્યાં સુધી વાજિબ છે ? એક મુઠ્ઠી વાજિબ છે.** બંનેવ હદીષોને મિલાવવાથી સાબિત થઈ જાય છે કે દાઢી રાખવી વાજિબ છે અને એક મુટ્ઠી રાખવી વાજિબ છે.

હવે કોઈ ભાઈ કહેશે કે આ તો જોડ ગાંઠ થઈ ! તો હું કહીશ કે પ્યારે ! એવી જોડ ગાંઠ શરીઅતના એક હુકમમાં નથી ! ઘણા બધા મસ્અલાઓમાં છે. એક મસ્અલો અમે નમૂના રૂપે રજૂ કરીએ છીએ. કુર્આન શરીફમાં વુઝૂના બયાનમાં અલ્લાહ તઆલાએ એ હુકમ આપ્યો છે : وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ "તમારા માથાનો મસહ કરો !" કેટલા માથાનો મસહ કરો ? ચોથાઈ, અડધુ, ત્રીજા ભાગના કે પૂરા માથાનો ? એ નથી દર્શાવ્યું. પણ એના પર એકમતિ છે કે પૂરા માથાનો મસહ ફર્ઝ નથી, અમુક જ માથાનો મસહ ફર્ઝ છે, એટલે સુધી કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો બે ત્રણ વાળો પર પણ મસહ કરી લીધો તો ફર્ઝ અદા થઈ જશે. અને ઉલમાએ ફર્માવ્યું કે وَامْسَحُوْا بِرُءُوْسِكُمْમાં જે **બા** (ب) છે તે તમઈઝના માટે છે જેના લેહાઝથી આ આયતે કરીમાનો અર્થ થશે કે, "તમારા અમુક માથાનો મસહ કરો." અથવા بને તમઈઝના માટે ન માને તો અર્થ થશે "તમારા માથાનો મસહ કરો", તો કેટલા માથાનો મસહ કરશો ? પૂરા માથાનો ? અડધો, ચોથાઈ, ત્રીજા ભાગના એવું કાંઈ કુર્આને પાકમાં નથી સૂચવ્યું. હવે કેટલો કરવામાં આવે ? કુર્આને પાકથી કાંઈ સમજમાં નથી આવતું. હવે

વધુ પેજ નં. ૪૩ પર....

## મોહસિને અહલે સુન્નત, શરફે મિલ્લત હઝરત અલ્લામા

# મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી નક્શબંદીની

## જીવન ઝરમરની ઝલક

લેખક : **હઝરત મૌલાના અબ્દુલ મુબિન નોઅમાની સાહબ**

અનુવાદક : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી**

૧ સપ્ટેમ્બર ૨૦૦૭, ૧૮ શાબાન હિજરી ૧૪૨૮ સોમવારના દિવસે અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી સાહબ (બાની દારુલ કલમ દેહલી)એ જોધપૂરથી ફોન કરી આ અફસોસનાક ખબર સંભળાવી કે મોહસિને અહલે સુન્નત હઝરત અલ્લામા શરફ કાદરી લાહોરીનો ઈન્તેકાલ થઈ ગયો. (اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ)

અલ્લામા શરફ કાદરી સાહબ શું ગયા પોતાની સાથે ઈલ્મ તથા અદબની એક દુનિયા લઈ ગયા ! લેખન, સંપાદન અને તેહકીક અને તર્જુમાની સજાવેલી મેહફિલ સુની થઈ ગઈ. તે શું ગયા એવું લાગ્યું કે લેખન અને પ્રકાશનના ઈન્કિલાબનો એક રેહનુમા ચાલ્યો ગયો, મઝહબે હક્કનો એક સાચો પાસબાન ચાલ્યો ગયો.

જમાઅતની લાગણી, કૌમની પરેશાની અને અહલે સુન્નતને ફેલાવવાની તડપ આપના અંગ અંગમાં પરોવાએલી હતી. કૌમને ભેગી રાખવા આપે કેટલીયવાર કૌમના રેહનુમાઓને અવાજ આપી અને મળી બેઠકો કરી ઈત્તેહાદની કોશિશ કરી. સુન્ની કોન્ફરન્સ મુલ્તાન રાખવામાં ભરપૂર હિસ્સો લીધો અને તેનો મુકમ્મલ રિપોર્ટ તૈયાર કરી પ્રસિદ્ધ કર્યો. આપ રહેતા તો પાકિસ્તાનમાં હતા પરંતુ તેમની નજર આખી દુનિયા પર હતી, ક્યાં શું થઈ રહ્યું છે ? તેની પણ ખબર રાખતા અને શક્ય તે રીતે પોતાની ખિદમત આપવાની કોશિશ કરતા. પાકિસ્તાનના એક વહાબી આલિમ એહસાન ઈલાહી ઝહીરે જ્યારે "અલ બરેલ્વિયત" નામની કિતાબ લખી અને સઊદી નજ્દી હુકૂમતે જ્યારે તેને છપાવી આખી દુનિયામાં ફેલાવી, ત્યારે સૌથી પહેલાં તેમણે "અંધેરે સે ઉજાલે તક" અને "શીશે કે ઘર" બે કિતાબો તેના જવાબમાં લખી. પછી તે જ બે કિતાબોને "અલ્ બરેલ્વિયત કા તેહકીકી વ તન્કીદી જાઈઝા"ના નામથી છપાવી. એ કિતાબે "અલ્ બરેલ્વિયત" નામની કિતાબનું જોર તોડી નાખ્યું અને તેના ફેલાવેલા ગલત ઈલ્ઝામોનો એવો જવાબ આપ્યો કે વિરોધીઓ પરેશાન થઈ ગયા. જે ન્યાય પસંદ કરવાવાળાએ એ કિતાબને પઢી તે અચંબામાં પડી ગયા કે તેહકીકના નામ પર આવા જૂઠા ઈલ્ઝામો પણ કોઈના ઉપર થોપવામાં આવે છે ! અને એના પર અધિક આશ્ચર્ય એ કે સઊદી હુકૂમત જે તૌહીદ અને ઈસ્લામની અલમબરદાર બને છે તેણે કઈ રીતે આવી જૂઠી કિતાબને છપાવી નાખી ? આ કિતાબ તો ઉર્દૂમાં હતી પછી તેના જવાબમાં વધારો કરી અરબીમાં લખી, જેનું નામ "અકાઈદે અહલે સુન્નત" રાખ્યું જેને છપાવી આખા અરબમાં વહેંચવામાં આવી જેનાં ઘણા સારાં પરિણામો જોવા મળ્યાં. ઘણા બધા અરબ ઉલ્મા જે બરેલ્વીના વિશે ગલત ફેહમીમાં હતા તે હકીકત જાણ્યા બાદ ખુશ પણ થયા અને હૈરતમાં પણ પડયા. વર્તમાનકાળમાં મિસરના ઉલમાને આ'લા હઝરતની ઓળખ કરાવનાર પણ તમે જ છો. અને 'બસાતીનુલ ગુફરાન' હદાઈકે બખ્શિશનો અરબી તર્જુમો અને "અલ્મન્જુમતુસ્સલામિયહ" અરબી નઝમ સલામે રઝાના તર્જુમાનું પ્રકાશન પણ આપની કોશિશનું પરિણામ છે. ખિદમતના ઝાંખા બયાન પછી તેમના જીવનનાં અમુક પાસાંઓ પણ જોઈ લઈએ.

**પૈદાઈશ** : અલ્લામા શરફ કાદરી સાહબનો જન્મ ૨૪ શાબાન ૧૩૬૩ હિજરી ૧૩ ઓગષ્ટ મિર્ઝાપૂર જિલ્લા હોશિયારપૂર (પંજાબ)માં થયો. તેમના

વાલિદ મૌલ્વી અલ્લાહદત્તાહ્ બિન નૂર બખ્શ સાહબ નમાઝ રોઝાના પાબંદ અને એક સૂફી બુઝુર્ગ હતા જેમની સરપરસ્તી અને તર્બિયતે અલ્લામા શરફ ક઼ાદરી સાહબમાં એવા જૌહર પૈદા કર્યા કે આપ પોતાના સમયના મહાન આલિમ, મુહદ્દિષ અને લેખક, મુહક્કિક઼ હોવાની સાથો સાથ ઉચ્ચ પાયાના દાઈ (ઈસ્લામની દા'વત આપનારા) અને મુબલ્લિગ બની ગયા અને ઘણા આપે સારાં કારનામાં અન્જામ આપ્યાં.

બચપનમાં જ આપ વાલિદ સાહબ સાથે હિજરત કરી લાહોરમાં સ્થાયી થયા. નજીકની જામેઅ મસ્જિદમાં અલ્લામા ગુલામુદ્દીન عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પોતાની ખિતાબતનાં જોહર દેખાડતા હતા. અલ્લામા સાહબ વાલિદ સાહબ સાથે તેમની ખિદમતમાં જતા હતા, તેમની વઅઝ સાંભળતા. મૌલાના પ્યારથી તેમને અલ્લામા અને ફાઝિલે લાહોરી કહેતા, ખુદાએ તેમની ઝબાન રાખી લીધી અને પછી અબ્દુલ હકીમ ફાઝિલે લાહોરી થઈને રહ્યા.

શરૂઆતની તા'લીમ પછી નીચે મુજબ દર્સગાહોથી ઈલ્મ પ્રાપ્ત કર્યો. જામિઆ રઝવિય્યહ મઝહરે ઈસ્લામ ફૈસલાબાદ, જામિઆ નિઝામિયા રઝવિય્યહ લાહોરી દારુલ ઉલૂમ ઝિયાએ શમ્સુલ ઈસ્લામ સિયાલ શરીફ. એ મદરસાઓમાં જે ઉચ્ચ કોટીના ઉલ્માથી ઈલ્મ પ્રાપ્ત કર્યો તેમાંથી અમુકનાં નામો આ મુજબ છે :–

(૧) મોહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન અલ્લામા સરદાર અહમદ ચિશ્તી ક઼ાદરી રઝવી (શાગિર્દ સદરુશ્શરીઅહ આ'ઝમી) સરપરસ્ત જામિઆ રઝવિય્યહ મઝહરે ઈસ્લામ ફૈસલાબાદ. (૨) હઝરત અલ્લામા ગુલામ રસૂલ રઝવી શૈખુલ હદીષ જામિઆ રઝવિય્યહ ફૈસલાબાદ (૩) ઉમ્દતુલ મુદર્રિસીન હઝરત મૌલાના અતા મુહમ્મદ ચિશ્તી ગોલરવી બંદયાલવી (૪) હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલ ક઼ય્યૂમ હઝારવી મુફ્તીએ આ'ઝમે પાકિસ્તાન નાઝિમે આ'લા જામિઆ નિઝામિયા રઝવિય્યહ લાહોર (૫) હઝરત અલ્લામા મુફ્તી અમીન સાહબ જામિઆ અમીનિયહ રઝવિય્યહ, ફૈસલાબાદ (૬) હઝરત અલ્લામા મૌલાના અશરફ સિયાલવી શૈખુલ હદીષ ઝિયાએ શમ્સુલ ઈસ્લામ, સિયાલ શરીફ

જે દીની ઈદારાઓમાં આપે દર્સ આપ્યો તેનાં નામ આ મુજબ છે :–

(૧) દારુલ ઉલૂમ ઈસ્લામિયહ્ રહમાનિયહ હરીપૂર હઝારી (૨) મદરસા ઈસ્લામિયહ ઈશાઅતુલ ઉલૂમ ચકવાલ (૩) જામિઆ નઈમિયહ, લાહોર (૪) જામિઆ નિઝામિયહ રઝવિય્યહ, લાહોર

તેઓ જ્યાં પણ રહ્યા લેખન અને પ્રકાશનનું કામ જારી રાખ્યું. તેમની કોશિશો વધારે તે વેળા નિખરીને સામે આવી જયારે આપ જામિઆ નિઝામિયા લાહોરના મુદર્રિસ પછી શૈખુલ હદીષના હોદ્દા પર રહ્યા. ઉસ્તાદે ગિરામી મુફ્તી અબ્દુલ ક઼ય્યૂમ હઝારવી સાહબના સાથ અને સોહબતની ઘણી અસર રહી. રઝા ફાઉન્ડેશન લાહોરની સ્થાપ્નામાં પણ આપ મુફ્તી સાહબ સાથે રહ્યા, જયાંથી ફતાવાએ રઝવિય્યહ્ની ત્રીસ જિલ્દો છપાઈ, છેલ્લે દર્સ તથા તદરીસ છોડી કિતાબોના લેખન અને સંપાદનમાં લાગી ગયા. કુર્આન શરીફનો તર્જુમો પણ કરી રહ્યા હતા જે પૂરો ન થયો, ખુદા કરે તેમના શાગિર્દો, પૂત્રોમાંથી કોઈ એ તરીકા પર તેને પૂરો કરે.

સરહિંદ શરીફમાં મુજદ્દિદે અલ્ફેષાનીના ઉર્સના સમયે મારી પહેલી મુલાકાત અલ્લામા શરફ ક઼ાદરી સાથે થઈ તો ખુશીનો પાર ન રહ્યો, એટલા માટે કે વરસોથી અમારા દરમ્યાન પત્ર વહેવારનો સંબંધ હતો, પણ રૂબરૂ મુલાકાત ન થઈ હતી, તે વેળા અથવા બીજી કોઈ મુલાકાતમાં આપે આપના ઉસ્તાદ મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન વિશે ફર્માવ્યું કે, ''બધા સબક પઢાવે છે પરંતુ મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન પીવડાવતા હતા, એવું લાગતું હતું કે કોઈ વસ્તુ

ઉઠાવીને સીનામાં નાખી દીધી !'' હું કહું છું કે સદરુશ્શરીઅહના બીજા ચહીતા શાગિર્દ હઝરત હાફિઝે મિલ્લત (બાની અલ્ જામિઅતુલ અશ્રફિયહ)નો પણ એ જ હાલ હતો કે હાફિઝે મિલ્લત પણ પોતાના શિષ્યોમાં ઈલ્મનું દીપક તો જલાવતા જ હતા સાથો સાથ અમલથી પણ સજાવતા હતા. એટલા જ માટે આજે હાફિઝે મિલ્લતનો ફયઝાન પૂરી દુનિયામાં છવાયેલો છે. ચારે બાજુ હાફિઝે મિલ્લતના ફરઝંદોનાં ઈલ્મી અને દીની કામોની ધૂમ છે.

હઝરત અલ્લામા શરફ કાદરી સાહબમાં મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન અને બીજા ઉસ્તાદોએ જે ઈલ્મનો જૌહર કુટી કુટીને ભર્યો હતો અને દીનની ઈશાઅત (પ્રચાર) અને તબ્લીગની જે તડ઼પ પૈદા કરી હતી તેનો જ અસર હતો કે હઝરત અલ્લામા શરફ કાદરી આખી જિંદગી ઈલ્મ અને દીનને ફેલાવવામાં વ્યસ્ત રહ્યા, આપની દીની તડ઼પ અને દા'વતી ફિક્ર પર અલ્લામા ગુલામ રસૂલ સઈદી સાહબ લખે છે :–

''અલ્લામા શરફ કાદરી નવ જવાન આલિમે દીન છે, તેમના દિલમાં સુન્નિયતનું સાચુ દર્દ છે, મસ્લકના માટે કામ કરવાની લગન અને ભરપૂર જઝબો ધરાવે છે. મસ્લકે અહલે સુન્નતની તબ્લીગ માટે પોતાની કેપેસેટીથી વધારે કામ કરે છે. તેમનો ઈરાદો અને બુલંદ હોસલો અને તેમની ખિદમત રશ્ક કરવા લાયક અને તક઼લીદના કાબિલ છે.

હું અલ્લામા શરફ કાદરી સાહબને તા'લીમના જમાનાથી ઓળખું છું જ્યારે નૂરી કુતુબખાના સિવાય અહલે સુન્નતનું કોઈ મર્કઝ ન હતું ન કોઈ કહેવા લાયક રિસાલો, ન કુતુબખાનુ લેખન અને સંપાદન અને પ્રકાશનના ક્ષેત્ર પર પૂરેપૂરી ખામોશી છવાયેલી હતી. એના મુકાબલામાં ગૈરોની અસંખ્ય કિતાબો છપાઈ રહી હતી, અલ્લામા શરફ કાદરી સાહબ એના પર અફસોસ જાહેર કરતા હતા. તેમનું દિલ એ ખામોશીથી પરેશાન રહેતું હતું અને આ ખ્વાહિશ દિલમાં કરવટો લેતી હતી કે ઈશાઅત (પ્રકાશન) કરી મઝહબે અહલે સુન્નતની વધુથી વધુ તબ્લીગ કરવી જોઈએ.

પછી થોડા વરસો પછી અહલે સુન્નતમાં જાગૃતિ આવી દેશમાં કેટલાક ખૂબસૂરત માસિકોનું ઉદ્ઘાટન થયું, અલગ અલગ શહરોમાં કેટલાંક નવા કુતુબખાનાં કાયમ થયાં. પૂર્વજ બુઝુર્ગોની કેટલીક કિતાબો છપાવવામાં આવી અને વર્તમાન લેખકોને પણ હોસલો મળ્યો અને કેટલીક નવી કિતાબો માર્કેટમાં આવી ગઈ.'' *(પેજ : ૧૮, ૧૯, તઝકેરએ અકાબિરે અહલે સુન્નત, પાકિસ્તાન)*

થોડા શબ્દોમાં અલ્લામા સઈદ સાહબે અલ્લામા શરફ કાદરી સાહબની ખિદમતોનો જે નક્શો પેશ કર્યો તે અલ્લામા શરફ કાદરી સાહબને સમજવા માટે પૂરતો છે. પછી આ વાત પણ વિચારવા જેવી છે કે અલ્લામા સઈદ સાહબનો આ અભિપ્રાય બત્રીસ વરસો પહેલાંનો છે, જે સમયે અલ્લામા શરફ કાદરી સાહબ જવાન હતા અને બત્રીસ વરસના હતા, યક઼ીનન ત્યાર પછી તેમણે જે કારનામાં અંજામ આપ્યાં તે એટલાં છે કે તેને સમેટવાં મુશ્કેલ છે.

હઝરત અલ્લામા શરફ કાદરી સાહબ ઘણા પાયાના મુદર્રિસ તો હતા જ સાથે સાથે મન્તિક અને તત્વચિંતન જેવા અક઼લી ઉલૂમથી પણ દિલ ચશ્પી ધરાવતા હતા. આપે પોતાની શફાઅતી તદરીસમાં હમ્દુલ્લાહ પર અહમદ હસનનો હાશિયો છપાવ્યો જે બિલકુલ દુર્લભ હતો અને કદાચ ત્યાર પછી બીજી કોઈ વેળા હજુ સુધી ન છપાયો હોય, એના સિવાય આપે પ્રકાશનના મેદાનમાં કદમ મૂક્યો પછી સૌ પ્રથમ આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબો તરફ ધ્યાન આપ્યું. અમુક કિતાબો પર હાશિયા અને તર્જુમાનું કામ પણ કર્યું. યાદે આ'લા હઝરતના નામથી એક નાની કિતાબ પણ છપાવી જેનાથી એ વાતનો સારી રીતે અંદાજો લગાડી શકાય છે કે આપને આ'લા હઝરત સાથે ખાસ અક઼ીદત હતી

જે મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાનની તર્બિયતનું પરિણામ હતું.

મૌલાનાએ તબ્લીગ અને પ્રકાશન માટે મકતબા કાદરિયા લાહોરની સ્થાપ્ના કરી અને તેનાથી ઉલ્માએ અહલે સુન્નતની ઘણી મહત્વની કિતાબો છપાવી. એના સિવાય બીજા સુન્ની મકતબો (કુતુબખાનાં)થી ફર્માઈશ કરી અહમ કિતાબો પ્રકાશિત કરાવી. ઘણી ઉર્દૂ અરબી કિતાબો પર આપે મુકદ્દમા (પ્રસ્તાવના) પણ લખ્યા જેમાં અમુક એટલા સંશોધનાત્મક તથા તહકીકી છે કે જેને એક મકાલાનો દરજ્જો દઈ શકાય છે, જેમ કે અસ્સીરતુલ હિદિંયાનો તર્જુમો, "બાગીએ હિંદુસ્તાન" પર પ્રસ્તાવના તથા અંતિમ બોલ એટલા મબસૂત (તહકીકી) છે કે જેને એક કિતાબનું સ્થાન આપી શકાય છે. અલ્લામા અબ્દુલ ગની નાબેલ્સીની કિતાબ અલ્હદીકતુન્નદિય્યહને મકતબાએ નૂરિય્યહ રઝવિય્યહથી પોતાના મુકદ્દમા સાથે છપાવી. અલ્લામા અર્શદુલ કાદરી સાહબને જ્યારે આ કિતાબ મળી તો આપે એક કાગળ લખ્યો જેનું લખાણ જોઈએ :–

"કાલે અલ્હદીકતુ ન્નદિય્યહ જોઈને આંખો ઠંડી થઈ દિલ ખુશ થયું. મૌલાના શરફ કાદરી સાહબના બે બોલ પોતાના જમાનાના ઉલમા માટે પણ કલ્મએ તકદીમ (અનુસરણીય) છે, ખુદાએ તઆલા ગયબના પર્દાથી એ ઈમામના મુક્તદી પૈદા કરે. ઘણો શાનદાર અને જાનદર ફિક્ર, ચિંતનવાળો અને જાણવા લાયક મુકદ્દમો (પ્રસ્તાવના) છે. ભાષા પરથી પણ અજમિયત (ગૈર અરબ હોવું) નથી જાહેર થતું. અલ્લાહ તઆલા તમોને જઝાએ ખૈર આપે અને તમારા ઉપર ગૈબી દરવાજા ખોલી દે. ઈલ્મ અને સમજની મહાનતાની ઘણી સારી રાહ કાઢી છે."

*(પત્ર અલ્લામા અર્શદુલ કાદરી, બનામ મૌલાના મનશા તાબિશ કિસ્વરી, ૧૩ ફેબ્રુઆરી ૧૯૭૯, પેજ–૨૪, અકાબિરે અહલે સુન્નત)*

## ✦ આપની ઉર્દૂ કિતાબો ✦

હવે જરા આપણે હઝરત અલ્લામા શરફ કાદરી સાહબની કૃતિઓ અને તર્જુમાની પણ સૈર કરી લઈએ :–

(૧) યાદે આ'લા હઝરત (પેજ : ૮૦) તેમાં આ'લા હઝરતના વાલિદ સાહબનો રિસાલો "ફઝલુલ ઈલ્મિ વલ ઉલ્મા"નો પણ સમાવેશ છે. (૨) તઝકેરએ અકાબિરે અહલે સુન્નત પાકિસ્તાન (પેજ : ૫૯૨) આ મહત્વની કિતાબ ફૈયાઝુલ હસન બુક સેલર કાનપૂરે પણ છપાવી છે. (૩) સવાનેહ સિરાજુલ ફુકહા, મુફતી સિરાજ અહમદ કાનપૂરીનું જીવન ચરિત્ર, જેમાં વારસા પર આ'લા હઝરતનો એક ઘણો અહમ ફત્વો પણ છે. (૪) અહસનુલ કલામ ફી મસ્અલ તિલ કિયામ (૫) મસાઈલે અહલે સુન્નત (૬) સુન્ની કાન્ફરન્સ મુલ્તાન (૭) સુન્ની કાન્ફરન્સ મુલ્તાન કા પસ મન્ઝર (૮) અંધેરેસે ઉજાલે તક (૯) શીશે કે ઘર (૧૦) અલ્બરેલ્વિયત કા તહકીકી વ તન્દીકી જાએઝા (૧૧) ગાયતુલ એહતેયાત ફી મસ્અલતે હીલાતુલ ઈસ્કાત (ઈબાદતના ફિદયા)ના બયાનમાં (૧૨) નિદાએ યા રસૂલલ્લાહ ﷺ (૧૩) અઝમતોં કે પાસબાન યાની તઝકેરએ અખ્યારે મિલ્લત (૧૪) નૂર નૂર ચેહરે (અન્ય મહાન હસ્તીઓ તથા પૂર્વજ બુઝુર્ગોનું વર્ણન) (૧૫) ખુલફાએ ઈમામ અહમદ રઝા (૧૬) લમઆતે ઈમામે રબ્બાની (૧૭) મકાલાતે રઝવિય્યહ (૧૩૬ પેજ ઉપર ૧૨ મકાલાતનો સંગ્રહ જેમાં હર એકનો તઅલ્લુક આ'લા હઝરતથી છે. હિંદુસ્તાનમાં અલ મજમઉલ મિસ્બાહી મુબારકપુરે છપાવી છે અને મળે છે.) (૧૮) મકાલાતે સીરતે તયબાહ (સીરતે નબવી અને સુસંસ્કાર પર લખેલા મકાલાઓનો સંગ્રહ) (૧૯) અકાઈદ વ નઝરિયાત

## ✦ આપની અરબી કિતાબો ✦

(૨૦) મિન અકાઈદે અહલે સુન્નત (૨૧) હવલિ

મુબહિસત્તવસ્સુલ (૨૨) અલ્ હયાતુલ ખાલિદા (૨૩) અલ્ મુ'જિઝાત વ કરામતુલ અવલિયા (૨૪) અલ મિર્દાત હાશિયા મિર્કાત (૨૫) મદીનતુલ ઈલ્મ

## ✦ આપના તર્જુમાઓ ✦

(૨૬) બરકાતે આ'લે રસૂલ (તર્જુમો અશ્શરફુલ મોઅબ્બદ, અઝ : અલ્લામા મઅરિફતિલ્ નબહાની) (૨૭) મઝારાતે અવલિયા (તર્જુમો કશફુન્નૂર અન અસહાબિલ કુબૂર, અઝ : અલ્લામા અબ્દુલ ગની નાબેલસી) (૨૮) ઈસ્લામી અકાઈદ (તર્જુમો અદિલ્લએ અહલે સુન્નત વલ જમાઅત, અઝ : અલ્લામા સૈયદ યૂસુફ હાશિમ રિફાઈ) (૨૯) તઆરુફિ ફિક્હ વ તસવ્વુફ, તર્જુમો : તહસિલુત્તારીફ ફી મઅરિફતિલ્ ફિક્હ વ ત્તવસ્સુફ, અઝ : શૈખ અબ્દુલ હક્ક્ દહેલ્વી) (૩૦) તર્જુમો અશ્અતુલ લ્મઆત, અઝ શૈખ અબ્દુલ હક્ક્ દહેલ્વી (૩૧) ઝિંદા વ જાવિદ ખુશ્બએં, તર્જુમા મિન નફહાતિલ ખુલૂદ, શૈખ મુહમ્મદ સાલેહ ફરફૂર(દમિશ્ક) (૩૨) સદા બહાર ખુશ્બૂએં, તર્જુમો મિન નફહાતિલ ખુલૂદ, અઝ : શૈખ મુહમ્મદ સાલેહ ફરફૂર (૩૩) તર્જુમો તહકીકુલ ફતાવા, અઝ : અલ્લામા ફઝલે હક્ક્ ખૈરાબાદી (૩૪) તર્જુમો મતાલિઉલ મુસર્રિરાત શરહે દલાઈલુલ ખૈરાત, અઝ : અલ્લામા મુહમ્મદ મેહદી ફાસી. કેટલીક કિતાબો આ યાદીમાં સામેલ નથી જે મુકદમા (પ્રસ્તાવના) અથવા મકાલા (લેખો)ની સૂરતમાં લખી.

હવે હાશિયા જોઈએ : મિર્દાત હાશિયા મિર્કાતનું બયાન થઈ ગયું હવે બીજા બાકીના હાશિયા જોઈએ :–

## ✦ અરબી–ઉર્દૂ હાશિયા ✦

(૩૫) હાશિયા તોહફાએ નસાઈહ, અઝ : સૈયદ યૂસુફ હુસૈની (૩૬) હાશિયા બદાઈએ મન્ઝૂમ, અઝ : શૈખ અલી રઝા (૩૭) હાશિયા કરીમા, અઝ : શૈખ સઅદી સીરાઝી (૩૮) હાશિયા નામે હક્ક્, અઝ : શૈખ શરફુદ્દીન (૩૯) હાશિયા નહવમીર, અઝ : મીર સૈયદ શરીફ જુરજાની (૪૦) હાશિયા કાઝી મુબારક (અરબી) (૪૧) હાશિયા મુતવ્વલ (અરબી) (૪૨) હાશિયા હમ્દુલ્લાહ (ઉર્દૂ) (૪૩) હાશિયા સદરા (ઉર્દૂ) (૪૪) હાશિયા મીર ઝાહિદ (ઉર્દૂ) (૪૫) હાશિયા રિસાલએ કુતુબિયા (ઉર્દૂ) (૪૬) હાશિયા મેબઝી (ઉર્દૂ)

અલ્લામા શરફ કાદરી સાહબના વધારે પડતા મુકદમા મબસૂત (સંશોધનાત્મક) છે. અમુક સંક્ષિપ્ત છે પણ તેનો પણ ખુલાસો લખવામાં આવે છે.

(૧) સૈફુલ જબ્બાર (૨) બાગીએ હિંદુસ્તાન (૩) દો અહમ ફતાવા (૪) અલ્ હદીકતુન્નદિય્યહ (૫) ગાયતુત્તેહકીક, અઝ : આ'લા હઝરત (૬) તહકીકુલ ફતાવા (૭) મિર્અતુત્તસાનીફ (૮) ગુન્યતુત્તાલેબીન (૯) ફુયૂઝે ગૌષે યઝદાની (૧૦) શિફા શરીફ (૧૧) નહવ્ મીર (૧૨) મિર્કાત (૧૩) મતાલિઉલ મસર્રાત

ઉડતી નજરે હાલ આટલી પ્રસ્તાવનાઓની ભાળ મળી છે, છાનબીન કરતાં અધિક પ્રસ્તાવનાઓની ભાળ મળી શકે છે.

દીનના પ્રચારમાં એક અધિક કારનામુ અલ્લા શરફ કાદરી સાહબનું એ છે કે હઝરત શૈખ અબ્દુલ હક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہની ઉમદા કિતાબ "ફત્હુર્રહમાન ફી અષ્બાતિ મઝહબિન્નુઅમાન"નો તર્જુમો કરાવીને પ્રસિદ્ધ કરાવ્યો, જેના અનુવાદક મૌલાના મુહમ્મદ મોહયુદ્દીન છે. આ કિતાબ હનફી મઝહબના સમર્થનમાં અજોડ છે. તર્જુમાને નામ આપવામાં આવ્યું છે : "તાઈદે મઝહબે હનફી અહાદીષે મુબારકા કી રોશનીમેં" આ કિતાબ હિંદુસ્તાનમાં પણ અર્શદ બ્રધર્સ–દિલ્હીએ પ્રસિદ્ધ કરી છે, જે અભ્યાસ પાત્ર છે.

સારાંશ કે હઝરત અલ્લામા શરફ કાદરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની આખી જિંદગી દીન તથા ઈલ્મે દીનની ખિદમતમાં ગુજરી જે સમકાલિન તથા નવયુવાન આલિમો માટે બેહતરીન નમૂનો છે.

*–(કન્ઝુલ ઈમાન, ઉર્દૂ માસિક, ઓકટો. ૦૭)*

**પ્રો. તાહિરુલ ફ઼ાદરી**

# હક઼ીક઼તના આઈનામાં

કાર્યાલય

સુન્ની પબ્લિકને હક્ક઼ની પહેચાન કરાવવાની અને નાહક્ક઼થી બચાવવાની ફરજ રૂપે અમોએ **''મૌલાના તાહિરુલ ક઼ાદરી વિશે જાણવા જેવું''** એવો એક લેખ આપણા **બરકાતે ખ્વાજા (માસિક) સપ્ટે. ૦૭**માં રજૂ કરેલો જેનાથી ઘણા અજાણ સુન્ની ભાઈઓની આંખો ઉઘડી ગઈ હતી. પણ અમુક સુન્ની મિત્રોએ અમારી સાથે નારાજગી દર્શાવી એ સંબંધે અધિક વિગતવાર પુરાવા રજૂ કરવા આગ્રહ રાખ્યો હતો. જેના લીધે પાકિસ્તાનમાં પ્રસિદ્ધ થયેલી આ સંબંધે સચોટ પુરાવા રજૂ કરતી કેટલાક વિશ્વસનીય ઈદારાથી પ્રસિદ્ધ મશહૂર ઉલમાની કેટલીક કિતાબો તેમજ પ્રો. તાહિરુલ ક઼ાદરીની CD અમે હાંસલ કરી છે જેના હવાલાથી અત્રે પ્રો. સાહબ વિશે વિગતે ચર્ચા રજૂ કરી દઈએ છીએ.

અલ્હમ્દુલિલ્લાહ ! અમે હર પલ સુન્નિયતની પ્રગતિ ચાહીએ છીએ, પણ સુન્નિયતના ઓઠા હેઠળ ''સુલેહ કુલ્લિયત''ની ચળવળ જે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે છુપી રીતે ચલાવવામાં આવી રહી છે તેને અમો કદી સાંખી લઈશું નહીં. ''ઈમાન'' નામ છે દિલની માન્યતા તથા ''યક઼ીન''નું અને જે બાતિલ ફિર્કાઓ અલ્લાહની, રસૂલની, સહાબાની, નબી વલીઓની, કુર્આનની ગુસ્તાખીઓ કરીને ખૂદ ઈસ્લામથી ખારિજ (Out) થઈ ગયા, તેમને પણ ''મુસલમાન'' જ સમજવા એવું ગમે તેવો પ્રભાવશાળી વાક છટાવાળો, ગમે તેટલા ઈલ્મવાળો ભલે તેના દુનિયાભરમાં ડંકા વાગતા હોય કે ઈન્ટરનેશનલ ટી.વી.માં પ્રોગ્રામો કરીને કે અઢળક કિતાબો લખી લખાવી પ્રખ્યાત થનાર અલ્લામા કે ફહ઼ામા કહેવાતો હોય પણ **અક઼ીદા તથા ઈમાન સંબંધે ભેળસેળ વાળુ કોઈ સમાધાન અમે માન્ય કરીશું નહીં !** કારણ કે **કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોમાં ક્યાંય આવી ભેળસેળની તા'લીમ છે જ નથી.** અને **અમારું ઈમાન તથા યક઼ીન કુર્આન, હદીષ તથા તેના પ્રમાણે ચાલતા ઉલમા તથા બુઝુર્ગો પર છે** ન કે કોઈ આજકાલના ઝબાન ચાલાક તથા બળપૂર્વક પોતાનો એક્કો ખરો કહેવડાવનાર મોલ્વી પર. માટે હે સુન્ની ભાઈઓ ! બહેનો ! શાંત ચિત્તે ઈમાનનું મહત્વ સમજીને ફરી ફરીને આ લેખ વાંચશો અને તમારા દીન ઈમાનની સલામતી કાજે હક્ક઼ને સ્વીકારી લેશો એમાં જ આપણી બંને જહાનની ભલાઈ છે. *-તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

**પ્યારા સુન્ની ભાઈ બહેનો !** આવો ! સૌ પ્રથમ પાકિસ્તાનના મશ્હૂર સુન્ની ઈલ્મી ઈદારા **દારુલ ઉલૂમ અમજદિયહ્-કરાચી**થી પ્રસિદ્ધ થયેલ ફતાવાની કિતાબ **''વક઼ારુલ ફતાવા''** (અઝ : હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ વક઼ારુદ્દીન સાહબ)ના અમુક ફત્વાનો અભ્યાસ કરી લઈએ જેનાથી પ્રોફેસર સાહબની અસલિયતની સ્પષ્ટ ભાળ મળે છે :-

## તાહિરુલ ક઼ાદરીની અસલિયત ફત્વાઓની રોશનીમાં

**સવાલ** : પાછલા ત્રણ મહિનાઓથી ''રઝાએ મુસ્તફા'' માસિક (જેને હઝરત અલ્લામા અબૂ દાઊદ મુહમ્મદ સાદિક઼ સાહબ ગુજરાનવાલા (પાક.)થી પ્રસિદ્ધ કરે છે.) આપણા દેશમાં પ્રગતિ કરી રહેલા મુબલ્લિગ પ્રો. તાહિરુલ ક઼ાદરીના વિરુધ્ધ લખી રહેલ છે અને એમાં એવો નિર્દેશ કર્યો

છે કે **ગલતીથી જેને આપણે આપણો સમજી રહ્યા છીએ તે મૌદૂદી જેવા ખયાલો ધરાવે છે,** તે ઉપરાંત તેમણે **"સુલહે કુલ્લી"વાળો મઝહબ** પણ અપનાવી રાખ્યો છે.

હવે આપની ખિદમતમાં અર્ઝ એ છે કે શું પ્રો. તાહિરુલ કાદરી મસ્લકે અહલે સુન્નત વ જમાઅત (બરેલ્વી)થી સંબંધ ધરાવે છે કે નહીં ?! આપણે એના વિશે શું રાય રાખવી જોઈએ ?! "રઝાએ મુસ્તફા" માસિકના પ્રમાણે તે દેવબંદીઓ પાછળ નમાઝ જાઈઝ સમજે છે અને તેમની સાથેના મતભેદોને ઉપર ઉપરના (મામૂલી) ગણે છે. તો એનો સાફ મતલબ એ છે કે એ રસૂલે પાક ﷺના ગુસ્તાખોને કાફિર નથી સમજતા અને એ કે એમની નજીક રસૂલે પાકની તા'ઝીમનો મસ્અલો પણ મામૂલી મસ્અલો છે. શું એ શખ્સ **મન્ શક્ક્ ફી કુફરિહી વ અઝાબિહી ફક્દ કફર** (જે શખ્સ બદ્‌મઝહબોના કાફિર હોવા અને તેમના પર અઝાબ થવામાં શક કરશે તો બેશક ! તે શખ્સ કાફિર થઈ જશે)ના હેઠળ આવશે કે નહીં ?! આશા છે કે ઉલમાએ કિરામ આ દિશામાં જલ્દી ધ્યાન કરશે અને આપણા પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની જેમ કોઈ ટીકા કરનારની ટીકાથી ડર્યા વગર વિના સંકોચે હક્ક્ ગોઈનું પ્રદર્શન કરશે.

*(પ્રશ્નકર્તા : મુહમ્મદ અબ્દુર્રશીદ નૂરી)*

**જવાબ** : પ્રો. તાહિરુલ કાદરીના સંબંધે હાફિઝ અબૂ દાઊદ મુહમ્મદ સાદિક્ સાહબ "રઝાએ મુસ્તફા" માસિકમાં જે કાંઈ લખી રહ્યા છે તે દુરુસ્ત (બરાબર) છે. પ્રો. તાહિરુલ કાદરીનું કહેવું પણ એ જ છે કે આ મતભેદો મામૂલી છે. ૨૮–સપ્ટે. ઈ.સ. ૧૯૮૭ના જંગ અખબારમાં આ ખબર છપાઈ છે કે તેમણે હોટલોમાં સ્ત્રીઓને સંબોધન કર્યું. એક સ્ત્રીએ જ્યારે તેમને એ પ્રશ્ન કર્યો કે ઈસ્લામ ઈત્તેહાદ (એકતા)નો પાઠ આપે છે, તો પછી આટલા ફિર્કા શાથી થયા ? એના જવાબમાં પ્રો. તાહિરુલ કાદરીએ જવાબ આપ્યો કે તમામ ફિર્કાઓનો પાયો એક જ છે કે, "કેવળ તરીકા જુદા જુદા છે એટલા માટે એકતાને અસર નથી થતી." અને તેમણે પોતાના ઈન્ટરવ્યૂમાં પહેલાં પણ કહ્યું હતું કે તેમને ત્યાં બે મુદર્રિસ દેવબંદી છે અને એક શીઆ છે.

જેથી એના પરથી અંદાજો કરી લો કે તેમના ખયાલમાં અને "નદવા"વાળાઓના ખયાલ તથા અકીદાઓમાં શું ફરક છે ?!

**સવાલ** : ઝયદ કહે છે કે પ્રો. તાહિરુલ કાદરી સાચા આશિકે રસૂલ ﷺ છે અને ઈખ્લાસની સાથે દીનની ખિદમત કરનારા મુસલમાન છે. મને તાહિરુલ કાદરીની એ વાત સિવાય (કે દેવબંદી પાછળ નમાઝ થઈ જાય છે) સર્વ વાતોથી સંમતિ છે. અને હું તેમના કાર્યથી સંતુષ્ઠ છું અને તાહિરુલ કાદરીને ગુમરાહ કે શીઆ તથા બદ્‌મઝહબોને ચાહનાર નથી સમજતો અને ન તો તે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہના ગુસ્તાખ છે." વધુમાં એ કે ઝૈદ નીપા ચોરંગીમાં આવેલ શૈખ જવ્વાદના દારુલ ઉલમ (જે ગૈર મુકલ્લિદોનો છે)માં પણ પઢવાનો મશ્વરો આપે છે. તો (૧) ઝયદ ક્યાંક ઈમામત કરાવે તો તેની પાછળ નમાઝ પઢવી કેવી ? (૨) ઝયદમાં તથા અહલે સુન્નત બરેલ્વી વિચારશ્રેણીમાં જે ફરક છે તેની સ્પષ્ટ કરશો. *(પ્રશ્નકર્તા : અબ્દુસ્સમદ કાદરી, ધોરાજી કોલોની–કરાંચી)*

**જવાબ** : વર્તમાનકાળમાં ઈસ્લામનો દાવો કરવાવાળા વિવિધ ગૃપો છે અને દરેક એ જ દાવો કરે છે કે હું આશિકે રસૂલ ﷺ છું અને મહબ્બતે નબી ﷺના બારામાં ખૂબ આગળ વધીને દાવો કરે છે.

પણ કોઈ શખ્સના સ્ટેજ પરનાં બયાનોથી તેના

અકીદાઓની જાણ નથી થઈ શકતી, કોઈપણ વ્યક્તિના અકીદા તથા મઝહબની જાણ તેના લખાણો થકી થાય છે. તાહિરુલ કાદરી ઘણા સમયથી પોતાના વિવિધ ઈન્ટરવ્યૂમાં એવું કહેતા રહ્યા છે કે શીઆ, દેવબંદી, ગૈર મુકલ્લિદ તથા બરેલ્વી ચારેવ મઝહબોમાં મામૂલી ઉપર ઉપરના મતભેદો છે, તેમનામાં પાયાના મતભેદો નથી. એનો મતલબ એ થયો કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا પર આક્ષેપ મૂકવો, હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ને બરહક્ક ખલીફા ન માનવા, તેમની ખિલાફતનો ઈન્કાર કરવો, કુર્આન કરીમને ઉસ્માનગનીનો લખાવેલ નુસ્ખો (બયાઝે ઉષ્માની) સમજવું..... (જે શીઆના અકીદા છે) આ સર્વ વાતો પ્રોફેસર સાહબની નજરમાં ઉપર ઉપરની છે ! જ્યારે કે અબૂબક્રની ખિલાફત હક્ક હોવા બાબતે સહાબાએ કિરામનો ઈજમાઅ (એકમતિ) છે, અને **સહાબાના ઈજમાઅનો મુન્કિર કાફિર** છે. હઝરત આઈશા رضی اللہ عنہا પર તોહમત (આક્ષેપ) લગાડનાર કુર્આને કરીમનો મુન્કિર (નકારનાર) છે અને કુર્આનને ઉસ્માનગનીનો લખાવેલ નુસ્ખો (બયાઝે ઉષ્માની) કહેનાર પણ **કાફિર** છે. તાહિરુલ કાદરીએ પોતાના આ અકીદાને ઉઘાડે છોગે સમર્થન કરી આપ્યું છે. "મિન્હાજુલ કુર્આન" એ તેમનું પોતાનું માસિક છે તેના ડિસમ્બેર–૧૯૯૦ના અંકમાં પેજ નં. ૪૨ પર પ્રો. મહબૂબ અલી ઝયદીનું લખાણ છપાયું છે જેમાં લખ્યું છે :–

"વર્તમાન ગંભીર સંજોગોમાં શીઆ લોકોને કાફિર ઠરાવનાર અને ભોળાભાળા મુસલમાનોમાં તેનો કુપ્રચાર (પ્રોપેગન્ડો) કરનાર અમુક સ્વાર્થી કટ્ટરવાદી મોલ્વી તો હોઈ શકે છે પણ અહલે સુન્નત વ જમાઅત કદી પણ નથી હોઈ શક્તા." તેની અમુક લીટીઓ પછી લખે છે :–

"આ જાહેર હકીકત તથા કતઈ દલીલો છતાં સર્વ શીઆઓને કાફિર સમજવા, કહેવા અથવા ઠરાવવા તદ્દન બાતિલ (ગલત) છે. બરાબર એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિ એહલે સુન્નતને કાફિર સમજે, કહે અથવા ઠરાવે તે પણ સંપૂર્ણપણે બાતિલ થશે. **હકીકતમાં હનફી, દેવબંદી, બરેલ્વી, શીઆ, માલિકી, હંબલી, શાફઈ અને અહલે હદીષ તમામે તમામ મુસલમાન છે. એ ફિર્કાઓમાં ઉપર ઉપરના મતભેદો તો છે જ પણ પાયાના કોઈ મતભેદો નથી."**

દેવબંદીઓની નબી કરીમ ﷺની તૌહીન કરતી કિતાબો જેના પર હરમૈન શરીફૈન (મક્કા–મદીના) તથા સીરિયા તથા મિસ્રના ઉલમાએ કાફિર હોવાનો હુકમ આપ્યો અને લખ્યું કે, "જે તેમના કુફ્રમાં શંકા કરે તે પણ કાફિર !" (જુઓ હુસ્સામુલ હરમૈન) તે જ દેવબંદી કિતાબો હજી પણ એ જ પ્રમાણે (તૌહીનવાળાં લખાણો સાથે) છપાઈ રહી છે. પણ **પ્રોફેસર સાહબની નજીક એ પણ ઉપર ઉપરના મતભેદો છે.** આ થોડાક દષ્ટાંતોથી એ જાહેર થઈ ગયું કે **પ્રોફેસર સાહબનો એક નવો ધર્મ છે** અને **તેમના ધરમમાં આ બાતિલ ફિર્કાઓ તથા અહલે સુન્નતમાં કોઈ ફરક નથી !** તેઓ **સૌને મુસલમાન સમજે** છે અને **તેમના પાછળ નમાઝ પણ જાઈઝ** સમજે છે.

તો ઝયદનું કથન જો અજાણતાના કારણે છે તો તેને સમજાવવો જોઈએ અને તેમને (પ્રો. તાહિરુલ કાદરી)ને આશિકે રસૂલ ﷺના બદલે ઈસ્લામને બર્બાદ કરનાર કહેવા જોઈએ. અને જો ઝયદે જાણી બુઝીને કહ્યું છે તો તેનો હુકમ પણ એ જ છે જે હરમૈન શરીફૈનના ઉલમાએ વર્ણન કર્યો છે, જેથી તેની ઈમામત બાતિલ તથા નાજાઈઝ છે. મુસલમાનોએ તેનાથી દૂર રહેવું જોઈએ અને તેની સલાહથી એવા (ગૈર મુકલ્લિદ)ના મદરસામાં

દાખલો ન લેવો જોઈએ કે જેમાં બદ્અકીદગીની તા'લીમ આપવામાં આવે છે.

**સવાલ** : ''મિન્હાજુલ કુર્આન'' ઈદારાના સ્થાપક પ્રો. તાહિરુલ કાદરીનો પ્રોગ્રામ મસ્લકે અહલે સુન્નતના પ્રચાર તથા પ્રગતિ માટે છે કે નહીં ? અને જે મોલ્વીઓ પ્રો. તાહિરુલ કાદરીના સમવિચાર છે તેઓ મસ્લકે અહલે સુન્નતથી સંબંધિત છે કે નહીં ? તાહિરુલ કાદરીના સમવિચાર મોલ્વી પાછળ નમાઝ પઢવી એ શરીઅતની રૂએ જાઈઝ છે કે નહીં ?!

**જવાબ** : તાહિરુલ કાદરીએ જ્યારે એવું કહેવાનું શરૂ કર્યું કે બરેલ્વી, દેવબંદી, ગૈર મુકલ્લિદ તથા શીઆના મતભેદો ઉપર ઉપરના (મામૂલી) છે, અને સૌને મુસલમાન ગણ્યા, તો એનાથી જાહેર થઈ ગયું કે તે પાકિસ્તાનમાં નવા 'નદવા' (જેઓ સુલેહકુલ્લી છે)ની સ્થાપના કરી રહ્યા છે. અને **તેમની નજીક અબૂબક્ર તથા ઉમર** رضی اللہ عنہما**ને ગાળ આપવી અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા તૈયેબહ તાહિરા** رضی اللہ عنہا **પર તોહમત લગાડવી પણ મામૂલી વાત છે !** અને તેમની નજીક એ લોકો પણ મુસલમાન છે અને જે લોકોની કિતાબો નબી કરીમ ﷺની તૌહીનથી ભરેલી પડી છે તે (દેવબંદીઓ)ને પણ મુસલમાન ઠરાવવા....... જેથી **આવો શખ્સ કઈ રીતે સુન્ની થઈ શકે છે ?** અને અત્યારે હાલમાં જે પાર્ટીઓ સાથે તેમણે એકતા કરી છે તેનાથી પણ જાહેર થઈ જાય છે (કે એઓ શું છે ?)

જેથી આ શખ્સ સુન્નિયતને **તબાહ કરનાર છે**, અહલે સુન્નતથી તેને કોઈ સંબંધ નથી. તેના સમવિચારવાળા, સાથી મોલ્વી તથા ઈમામો એ ઈમામતને લાયક નથી. અહલે સુન્નત તેમની સાથે પોતાના સંબંધો કટ કરે. *(હવાલો : વકારુલ ફતાવા, પેજ–૨૨૪ થી ૨૨૮, અઝ : મુફ્તી મુહમ્મદ વકારુદ્દીન, દારુલ ઉલૂમ અમજદિયહ, કરાચી, પાકિસ્તાન)*

## તાહિરુલ કાદરીની ગુમરાહીઓની અધિક ઝલકો !

★ તાહિરુલ કાદરી જણાવે છે કે, ''અમારી સંસ્થા 'મિન્હાજુલ કુર્આન'માં જમાઅતે ઈસ્લામી (મૌદૂદી)ના માણસો પણ સભ્ય બની શકે છે, અહલે હદીષ, શીઆ, દેવબંદી પણ 'મિન્હાજુલ કુર્આન'ના સભ્ય છે. *(ઈન્ટરવ્યૂ જંગ, ૨૭–૨–૧૯૮૭, બહવાલા ખતરેકી ઘંટી)*

★ પ્રો. તાહિરુલ કાદરી જણાવે છે : ''અલ્હમ્દુલિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો અને વિચાર શ્રેણીવાળા મક્તબોમાં **અકીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી,** જો કે ઉપર ઉપરના (મામૂલી) મતભેદો કેવળ શાખાકિય તથા વિગતોની હદ સુધી છે જેની સ્થિતિ તા'બીરી તથા તશરીહી છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અકીદાઓના વર્તુળને છોડીને કેવળ શાખાકિય તથા ઉપર ઉપરની બાબતોમાં ઉલઝવું અને એના આધારે બીજા મસ્લકને ટીકા ટીપ્પણનું નિશાન બનાવવું કોઈ શાણપણ કે ન્યાયી વાત નથી.'' *(કિતાબ : ફિર્કા પરસ્તીકા ખાત્મા ક્યૂં કર હો સક્તા હૈ ? પેજ–૬૫, લેખક : તાહિરુલ કાદરી)*

★ પ્રો. તાહિરુલ કાદરી જણાવે છે : ''હું શીઆ તથા વહાબી આલિમો પાછળ નમાઝ પઢવાનું કેવળ પસંદ જ નથી કરતો બલ્કે જ્યારે પણ મોકો મળે ત્યારે તેમની પાછળ નમાઝ પઢુ છું.'' *(પખવાડિક દીદ શુનીદ–લાહોર, ૪ થી ૧૯ એપ્રિલ ૧૯૮૬, હવાલો : રઝાએ મુસ્તફા, ગુજરાનવાલા, ઝીલ કઅ્દ, હિ.સ. ૧૪૦૭)*

★ પ્રો. તાહિરુલ કાદરી કહે છે : ''હું ફિર્કાપણા પર લઅનત મોકલું છું, **હું કોઈ ફિર્કાનો નથી,** બલ્કે હુઝૂરની ઉમ્મતનો પ્રતિનિધિ છું.'' *(હવાલો : ઉપર મુજબ)*

★ પ્રો. તાહિરુલ કાદરી કહે છે : "હું હનફિયત કે મસ્લકે અહલે સુન્નત વ જમાઅતની ઉચ્ચતા (પ્રગતિ) માટે કામ નથી કરી રહ્યો." *(મેગેઝીન 'નવાએ વક્ત', પેજ-૪, ૧૯-સપ્ટે. ૧૯૮૬, બહવાલા 'રઝાએ મુસ્તફા'-ગુજરાનવાલા)*

## શું વિવિધ ફિર્કા વચ્ચે મતભેદો મામૂલી છે ?!

ઉપરોક્ત વાતો પર મુફતી ગુલામ સરવર કાદરી, ગુલબર્ગ-લાહોરે પ્રો. તાહિરુલ કાદરી સંબંધે ફત્વો આપ્યો છે કે, વિના શંકાએ **પ્રો. સાહબના ખયાલો મસ્લકે અહલે સુન્નત વ જમાઅતથી તદન તથા યકીનન વિરુધ્ધ છે.** એઓ અહલે સુન્નત તથા અન્ય **ફિર્કાઓ વચ્ચે મૌજૂદ મતભેદોને ઉપર ઉપરના મામૂલી ગણે છે,** જ્યારે કે એ મતભેદો ઘણા ફિર્કા સાથે સિદ્ધાંતિક તથા પાયાના છે. જેમ કે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીએ "હુસ્સામુલ હરમૈન"માં સ્પષ્ટતા કરી છે, જેમાં રસૂલે પાક ﷺની તા'ઝીમનો મસ્અલો પણ છે અને **હુઝૂર ﷺની ગુસ્તાખી વિના શંકાએ કુફ્ર છે,** તેમાં પડનાર ઈસ્લામથી ખારિજ છે.... **છતાં તાહિરુલ કાદરી તેને પણ ઉપર ઉપરના મતભેદો ઠરાવે છે !** જેથી તે કતઅન ! યકીનન ! અહલે સુન્નતથી ખારિજ તથા બેદીન, અધર્મી (મુલ્હિદ) છે. તેના આ લખાણો તથા બયાનોથી માહિતગાર થઈને તેને સહીહુલ અકીદા સુન્ની સમજનાર પણ મસ્લકે અહલે સુન્નતથી ખારિજ છે..... *(વધુ માટે વાંચો કિતાબ : ફિત્નાએ તાહિરુલ કાદરી, પેજ નં. ૧૩, ૧૪, ૧૫)*

## સહાબા તથા ઈમામોના ઈજમાઅનો ઈન્કાર

ઉપરાંત મૌલાના મૌદૂદી (જમાઅતે ઈસ્લામીના સ્થાપકની) જેમ આ મૌલાના તાહિરુલ કાદરી આઝાદ તથા બેલગામ બની લખાણો બયાનો કરી ચૂક્યા છે, જેમ કહે છે : "સ્ત્રીની દિયત (ખૂનના બદલામાં માલ) મર્દના જેટલી છે, અને સહાબાના ઈજમાઅ તથા ચારેવ ઈમામોના ઈજમાઅનો ઈન્કાર કરે છે."

એના જવાબમાં મુફતી સાહબનો હુકમ કિતાબમાં દર્શાવ્યો છે કે, "સ્ત્રીની દિયત મર્દથી અડધી છે, આ મસ્અલો મુસલમાનોમાં સર્વ સંમતિવાળો છે. સર્વ સહાબાએ કિરામ તથા ચારેવ ઈમામો (હનફી, શાફઈ, માલિકી, હંબલી) رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની એના પર એકમતિ છે કે સ્ત્રીનું દિયત પુરૂષ કરતાં અડધુ છે અને આ ઈજમાઅ સુકૂતી છે. **ઈજમાઅ પર અમલ વાજિબ હોય છે, એના પર ચર્ચાની ઈજાઝત નથી.** સહીહુલ અકીદા સુન્ની માટે ઈજમાએ સુકૂતીના સામે સર નમાવી લેવા સિવાય કોઈ ચારો નથી. અને **સહાબા તથા ચારેવ ઈમામોના ઈજમાઅનો મુન્કિર (નકારનાર) ગુમરાહ, ખારજી કે મોઅતઝલી હોઈ શકે છે, સહીહુલ અકીદા હરગિઝ નથી હોઈ શકતો.** પ્રો. તાહિરુલ કાદરીએ સસ્તી ખ્યાતિ પામવા માટે સ્ત્રીની દિયત પુરૂષ સમાન હોવાનો દાવો કર્યો અને હદીષે પાકને ઝઈફ કહેવાની દિલેરી કરી છે. વિચારવાની વાત છે કે સહાબા તથા ચારેવ ઈમામોના ઈજમાઅના પ્રમાણે જે હદીષ હોય તે તે ઝઈફ કઈ રીતે હોય શકે છે ! *(ફિત્નાએ તાહિરુલ કાદરી, પેજ-૪)*

## પ્રો. તાહિરુલ કાદરી મૌદૂદીની કેડી પર!

સ્ત્રીના દિયત (ખૂનના બદલામાં માલ આપવા) વિશે ઈજમાઅ વિરુધ્ધ મસ્અલો પોતાની આઝાદાના રવિશ પર ચાલીને બહાર પાડયો, તે તો તમે જોઈ ગયા, હવે એ જ પ્રો. તાહિરુલ કાદરીએ મૌલાના મૌદૂદી જેમ આઝાદી અપનાવતાં "જંગ" દૈનિક ૨૭-ફેબ્રુઆરીથી ૫ માર્ચ, ઈ.સ. ૧૯૮૬ને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, "છોકરા તથા છોકરીઓ જો શૈક્ષણિક તથા દીની મકસદના માટે આપસમાં મળે તો બરાબર (ઠીક) છે."

એના જવાબમાં કિતાબમાં મુફતી સાહબ જણાવે છે કે : ''કો–એજ્યુકેશન (સહાધ્યય) હોય કે અન્ય કોઈ દીની હેતુ હોય ગૈર મેહરમો સાથે મળવું શરીઅતની રૂએ નાજાઈઝ છે. ગૈર મેહરમોથી પર્દો કરવો લાઝમી છે. કિતાબુલ્લાહ તથા રસૂલુલ્લાહ ﷺની એ જ તા'લીમ છે. *(હવાલો : ઉપર મુજબ)*

★ વળી એક ઠેકાણે પ્રો. તાહિરુલ કાદરીએ જણાવ્યું કે, ''મને એનાથી કોઈ લેવાદેવા નથી કે જલ્સો અને તેની દા'વત કોના તરફથી છે, અહલે હદીષ, શીઆ, દેવબંદી, જમાઅતે ઈસ્લામીના લોકો, ગમે તે પણ દા'વત આપે તે દા'વત જરૂર કબૂલ કરીશ, ભલે તે સ્ટેજ ગમે તેનું હોય.'' *(અહમ ઈન્ટરવ્યૂ, પેજ–૨૫)*

એક ઠેકાણે પ્રો. તાહિરુલ કાદરી જણાવે છે કે, ''જમાઅતે ઈસ્લામી નાઅહલ (અયોગ્ય) નથી અને બેશક ! મૌલાના મૌદૂદીએ ખૂબ કામ કર્યું છે.'' *(ઈન્ટરવ્યૂ–જંગ)*

★ હવે મૌલાના મૌદૂદીએ શું કહ્યું તે પણ સાંભળો ! : ''ખુદાની શરીઅતમાં કોઈ એવી ચીજ નથી જેના કારણે હનફી, બરેલ્વી, શીઆ, સુન્ની વગેરે અલગ અલગ ઉમ્મતો બની શકે. આ ઉમ્મતો જેહાલતની ઉપજ છે.'' *(ખુત્બાતે મૌદૂદી, પેજ–૮૨)*

આ લખાણોથી પ્રો. તાહિરુલ કાદરી (મૌલાના) મૌદૂદીના હમખયાલ જણાય રહ્યા છે કે નહીં ?! તેમજ મૌદૂદીએ ઈસ્લામના ફકીહોના એક મહાન ગિરોહનો સ્વીકાર કરવા છતાં તેમની વિરુધ્ધ કર્યું છે, ઈજમાઅ વિરુધ્ધ વાતો કરી છે. એ જ રીતે તાહિરુલ કાદરીએ સ્ત્રીઓના દિયત પર ઉમ્મતના ઈજમાઅનો ઈન્કાર કરી, સહાબા તથા ચારેવ ઈમામોના ઈજમાઅ (સર્વસમંતિ) વિરુધ્ધ સ્ત્રીની પુરૂષ સમાન દિયત પર જોર આપ્યું છે.

તેમજ અમે ખૂદ ''મિન્હાજુલ કુર્આન''ના એક માસિક અંકમાં વાંચ્યું છે કે પ્રો. સાહબે ''મૃત્યુ પામનારની ગાઈબાના નમાઝે જનાઝા''ને જાઈઝ ઠરાવતો મસ્અલો પોતાની તેહકીકથી રજૂ કર્યો છે, જ્યારે કે હનફી મઝહબમાં એ હરગિઝ જાઈઝ નથી. આ રીતે હનફી ફિકહની વિરુધ્ધ હુકમ કાઢયો.

## પ્રો. તાહિરુલ કાદરી સંબંધે બરેલી શરીફ મર્કઝનો હુકમ

પ્રો. તાહિરુલ કાદરીના સર્વ ફિર્કાઓના એકત્રીકરણની વાતો તથા વિવિધ ફિર્કા થવા વિશે આવેલ હદીષોના ઈન્કારના જવાબમાં જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ, **તાજુશ્શરીઅહ હુઝૂર અખ્તર રઝા અઝહરીમિયાં** مدظله العالی એ તેની રદ કરતાં જણાવ્યું કે, (સારાંશ) : સર્વ ફિર્કાને એક કરવા એ એવું છે કે હક્ક તથા બાતિલ, કુફ્ર તથા ઈસ્લામની એકતા છે, અને બે વિરોધાભાસીઓનું એક થઈ જવું અશક્ય છે, એને તમે કઈ રીતે શક્ય બનાવશો ?!.......'' આગળ હઝરત જણાવે છે : ''કેમ જનાબ ! શું સરકારે અબદ કરાર ﷺએ આ નથી ફર્માવ્યું કે, **મારી ઉમ્મત ૭૩ ફિર્કા થઈ જશે, સર્વ જહન્નમી છે સિવાય એકના,** અને તે જમાઅત એ છે જે એ દીન પર કાયમ છે જેના પર હું અને મારા સહાબા છે. તેમ છતાં પણ એવું કહી આપવું કે ખુદા વ રસૂલે કોઈ ફિર્કા તથા મસ્લકના નામ પર જન્નતનો પરવાનો નથી જારી કર્યો....'' એ સરાસર કુર્આન તથા હદીષના ઈર્શાદોને અવગણવું છે તથા દરેક શખ્સને અંગત અકીદાની છૂટ આપવું છે. પ્રો. સાહબ જો ''હુસ્સામુલ હરમૈન''ને સમર્થન (તસ્દીક) કરે તો ખૂદ તેમનું આ સર્વ કલામ (કથનો) ખત્મ થઈ જશે અને ઈન્કાર કરે તો તસ્દીકના અસ્વીકારની દલીલો આપે. નહીં તો **ઉઘાડી હઠધર્મી** તથા **તેમના માટે પણ એ જ હુકમો છે જે દેવબંદી વગેરેના માટે ઉલમાએ ઈર્શાદ ફર્માવ્યા છે.** વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હવાલો : ખતરે કી ઘંટી, પેજ–૫૩)*

## અન્ય મહાન ઉલમાનાં મંતવ્યો

**અલ્લામા સઈદ અહમદ કાઝમી** (عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان) જેમનો ગિઝાલીએ દૌરાં લક઼બ છે. આપ પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે લખે છે કે, સ્ત્રીની દિયત (ખૂનના બદલે માલ) પુરૂષ કરતાં અડધી હોવા વિશે **સહાબાએ કિરામ** તથા **તાબઈને એઝામનો ઈજમાઅ** સુકૂતી છે..... **ચારેવ ઈમામો** અને તેમના **સૌ અનુયાયીઓ** બલ્કે **મુહદ્દિષો** સ્ત્રીની અડધી દિયત પર **એકમત** છે..... તેનો ઈન્કાર **ખૂબ મોટી બહાદુરી** છે, **સવાદે આઝમ (અહલે સુન્નત)થી બહાર થવું**, બલ્કે **સિરાતે મુસ્તક઼ીમથી દૂર થવું** ગણાશે. સહાબાના ઈજમાઅને નકારનારને ઉલમાએ **"દ઼ાલ્લ"** એટલે **"ગુમરાહ"** ઠરાવેલ છે. *(કિતાબ : ઈસ્લામમેં ઔરત કી દિયત, પેજ: ૩૭, ૪૫, ૪૮, બહવાલા : ખતરે કી ઘંટી)*

**અલ્લામા અબ્દુલ હકીમ શરફ ક઼ાદરી નક્શબંદી** رحمۃ اللہ علیہ એ જણાવ્યું છે કે, "........તો (તાહિરુલ ક઼ાદરી) **સુલેહ કુલ્લિયત પર આધારિત** કોઈ **ફિર્કાની સ્થાપ્ના** કરી રહ્યા છે..... તે ખૂદ ઈજતેહાદના દરવાજાને એટલો વિશાળ કરી રહ્યા છે કે કોઈ પણ ઈમામ સાથે મતભેદ કરી શકાય છે તો પછી તેમની સાથે મતભેદ કેમ ન કરી શકાય ?

**મૌલાના કૌકબ નૂરાની ઓકાળવી** (સાહબઝાદા હઝરત મૌલાના શફી ઓકાળવી رحمۃ اللہ علیہ) લખે છે કે, "જ્યારે મેં પ્રો. તાહિરુલ ક઼ાદરીનો સાત મુદ્દાનો કાર્યક્રમ વાંચ્યો જેને તેમણે "ફિર્કાપણા"ને ખત્મ કરવાના માટે તજવીઝ કર્યો છે, તો એ કાર્યક્રમ વાંચીને હું તે દિવસે ઊંઘી ન શક્યો, કેમ કે મેં મારા અંતરમાં અનુભવ્યું કે જાણે આ **એક નવા ફિર્કાનો પાયો** નંખાઈ રહ્યો છે." *(ખતરે કી ઘંટી)*

ઉપરાંત ઘણા અકાબિર ઉલમાએ પ્રો. સાહબને ઉપરોક્ત સર્વ બાબતોને કારણે ગુમરાહ જાહેર કરેલ છે. *(વધુ માટે કિતાબો વાંચો : ખતરે કી ઘંટી, ફિત્નાએ તાહિરુલ ક઼ાદરી, પ્રો. તાહિરુલ ક઼ાદરી જવાબ દેં, ઈલ્મી ગિરફ્તે પ્રોફેસર... વગેરે)*

## પ્રો. સાહબ આજેય એ જ મત પર !

કેટલાક ભાઈઓએ કહ્યું કે, "પ્રો. તાહિરુલ ક઼ાદરી હવે એવી વાતો નથી કરતા, બલ્કે અહલે સુન્નતના સર્વ અક઼ીદા પર ચુસ્ત છે. અગાઉની વાતો તો જૂની થઈ ગઈ એને ભૂલી જવી જોઈએ. તો અમે કહીએ છીએ કે ઈ.સ. ૧૯૮૬થી અત્યાર સુધીમાં તેમણે પોતાની વાણી કે વર્તનથી તૌબા કરી હોય અને "હુસ્સામુલ હરમૈન"ની તસ્દીક઼ (સમર્થન) કરી હોય તો દર્શાવી આપો જેથી અમે તમારી વાત માની લઈએ. પણ એવું થયું હોય તેવું જાહેર નથી. ભાઈઓ ! જેમ પત્નીને ત્રણ તલાક઼ આપનાર પતિ જો હલાલા વિના નિકાહ વિના તેણી સાથે રહેવા લાગે, પછી તેને બાળકો થઈને યુવાન પણ થઈ જાય, બંનેમાં ખૂબ જ મહોબ્બત પણ હોય, પણ શું શરીઅતમાં એ વાત માન્ય થશે કે હવે તલાક઼ને વરસો થઈ ગયાં જેથી ભૂલી જાવ ?! નહીં ! એ જ રીતે અહીં પણ તૌબાની જાહેરાત તથા "હુસ્સામુલ હરમૈન"ની તસ્દીક઼ (સમર્થન) જરૂરી છે.

એ ઉપરાંત હાલમાં ઓકટોબર–૦૭ના છેલ્લા અઠવાડિયાના ઉર્દૂ દૈનિક પત્ર "જંગ" (લંડન)માં મૌલાના તાહિરુલ ક઼ાદરી સાહબનું એક નિવેદન રજૂ થયું જેને તેમણે બર્મિંગહામ (યુ.કે.) ખાતે એક મજલિસમાં કહ્યું હતું તે પણ એ જ છે કે, "સર્વ ફિર્કાઓ શીઆ, વહાબી, દેવબંદી વગેરે વચ્ચેના મતભેદો ઉપર ઉપરના મામૂલી છે, પાયાના કોઈ મતભેદ નથી, અને સૌને મુસલમાન સમજવા વગેરે. તેમજ વિવિધ ફિર્કાઓની એકતાની વાતો કહી છે." આટલું છતાંય જેઓ તેમને સુન્ની તેમજ સુન્ની પેશવા ગણતા હોય તેઓ પોતાની સુન્નિયતની ખૂદ તપાસ કરી લે. *(સંપૂર્ણ)*

اَللّٰہُ اَکْبَرُ ط اَللّٰہُ اَکْبَرُ ط اَللّٰہُ اَکْبَرُ ط اَللّٰہُ اَکْبَرُ ط
اَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ ط اَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ
اِلَّا اللّٰہُ ط اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ ط اَشْھَدُ
اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ ط حَیَّ عَلَی الصَّلٰوۃِ
حَیَّ عَلَی الصَّلٰوۃِ ط حَیَّ عَلَی الْفَلَاحِ ط حَیَّ عَلَی
الْفَلَاحِ ط اَللّٰہُ اَکْبَرُ ط اَللّٰہُ اَکْبَرُ ط لَآ اِلٰہَ اِلَّا اللّٰہُ ط

# અઝાનની ફઝીલત હદીષના પ્રકાશમાં

અઝ : અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી

ફખ્રે ગુજરાત **હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** (રૂહે રવાં ઈસ્લામિક વેલ્ફેર મિશન–યુ.કે. તથા ખતીબો ઈમામ નૂર મસ્જિદ, નૂર હોલ, પ્રેસ્ટન–યુ.કે., નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, યુ.કે. બ્રાન્ચ) એ હસ્તી ઓળખની મોહતાજ નથી. આપે ગુજરાતીમાં **'તોહફાએ નજાત'** નામથી **કુલ ૧૫** ભાગો લખ્યા છે જેમાંથી ૧૪ ભાગ પ્રસિદ્ધ થઈ ગુજરાતભર તથા વિશ્વના ગુજરાતીઓમાં ઈલ્મી સુવાસ ફેલાવી રહ્યા છે તેમજ રમઝાનમાં કરેલ તફસીર ઉર્દૂમાં તથા અન્ય ઉર્દૂ કિતાબો પણ હવે પ્રસિદ્ધ થશે. (ઈન્શાઅલ્લાહ !) આપના બયાનોની ગુજરાતી ઉર્દૂ **mp3 CD** પણ ખૂબ જ મક્બૂલ થયેલ છે.

ગુજરાતી જગતની આવી ઈલ્મી શખ્સિયતના ઈલ્મથી સમૃદ્ધ કલમ વડે અઝાનની, ઈકામતની તથા તેના જવાબની ફઝીલતમાં ૪૦ હદીષો અત્રે રજૂ થઈ રહી છે જેને વાંચો અને એના પર અમલ કરી અઢળક સવાબ કમાવો ! આ સંબંધે આટલી હદીષોની માહિતી ગુજરાતીમાં શાયદ જ કોઈ કિતાબમાં હશે, તો અચૂક આ લેખ વાંચો અને દીની ઈલ્મી ફયઝથી માલમાલ થાવ. ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

દિવસની ફર્ઝ નમાઝો માટે અઝાન આપવી સુન્નત છે. અઝાનની ઘણી ફઝીલત છે જેને આપની સેવામાં રજૂ કરીએ છીએ. અલ્લાહ તઆલા આપણને એ ફઝીલતો પ્રાપ્ત કરવાની તૌફીક અતા ફર્માવે.

### ❖ આખો દિવસ અઝાબથી સલામતી ❖

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ વસ્તીમાં અઝાન આપવામાં આવે તો અલ્લાહ એને એ દિવસ માટે પોતાના અઝાબથી સલામત રાખે છે." *(તિબ્રાનીએ સગીરમાં)*

### ❖ રાત અઝાબથી સલામત ❖

હઝરત મઅકલ બિન યસારથી રિવાયત છે. કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જે પણ કૌમમાં સવારમાં અઝાન આપવામાં આવી તો સાંજ સુધી એમના માટે અઝાબથી સલામતી** છે અને જે કૌમમાં **સાંજે અઝાન આપવામાં આવે એમના માટે સવાર સુધી અલ્લાહના અઝાબથી સલામતી છે."** *(તિબ્રાનીએ કબીર)*

### ❖ આકાશના દરવાજા ખુલે છે ! ❖

હઝરત અનસથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે અઝાન આપવામાં આવે આકાશના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ કબૂલી લેવામાં આવે છે." *(અબૂશ્શૈખ અઝાનમાં)*

### ❖ પાંચ અમલની ફઝીલત ❖

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "આકાશના દરવાજા પાંચ વસ્તુ માટે ખોલવામાં આવે છે, કુર્આનની તિલાવત માટે, બે સૈન્યના સામના વખતે, વરસાદ પડતી વખતે, મઝલૂમની દુઆ માટે અને અઝાન માટે." *(તબ્રાની મુઅજ્જમે સગીરમાં)*

### ❖ દુઆ કબૂલ થાય છે ❖

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે

અઝાન આપવામાં આવે છે તો શૈતાન પીઠ ફેરવીને નાસે છે રવહા સુધી, ત્યાં સુધી કે અઝાનનો અવાજ ન સાંભળે. આકાશના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ કૃબૂલી લેવામાં આવે છે.'' *(તબ્રાની મુઅજ્જમે ઔસતમાં)*

**ફાયદો** : રવહા મદીનાથી ૩૬ માઈલ દૂર છે.

### ❖ અઝાનની અસર શૈતાન પર ❖

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે મુઅઝ્ઝિન અઝાન આપે છે તો શૈતાન હવા ખારિજ કરતો નાસે છે.'' *(મુસ્લિમ)*

### ❖ અઝાનનો સવાબ ગણતરીથી બહાર ! ❖

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જો લોકોને જાણ થઈ જતી કે અઝાન અને પહેલી સફમાં શું (સવાબ) છે પછી તેઓ ન પામી શકે પરંતુ એના પર ચિટ્ટી ફેંકવાની હોય તો ફેંકે.'' *(બુખારી, મુસ્લિમ, બયહકી, સુનનમાં)*

### ❖ નબીની દુઆ મુઅઝ્ઝિન માટે ❖

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈમામ જવાબદાર છે અને મુઅઝ્ઝિન અમાનતદાર. અય અલ્લાહ ! ઈમામોને સત્ય માર્ગ બતાવ અને મુઅઝ્ઝિનોની મગફેરત ફર્માવ, એક માણસે કહ્યું, અય અલ્લાહના રસૂલ આપે અમને છોડયા એ હાલતમાં કે અમે એ પછી અઝાન માટે મુકાબલો કરીશું. આપે ફર્માવ્યું, તમારા બાદ જમાનો આવશે એમના અઝાન આપનારા એમનામાં બેઈજ્જત હશે.'' *(અબૂશ્શૈખ અઝાનમાં, બયહકી સુનનમાં)*

### ❖ નિર્જીવ પણ દુઆ કરે ! ❖

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, તેઓ નબી ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, ''મુઅઝ્ઝિન માટે જ્યાં સુધી એનો અવાજ પહોંચે મગફેરતની દુઆ કરે છે, દરેક ભીનું, સુકુ એના માટે ગવાહી આપશે. નમાઝ માટે હાજરી આપનાર માટે પચ્ચીસ નમાઝો લખવામાં આવે છે અને બે નમાઝોની વચમાં જે છે એનો કફ્ફારો બની જાય છે.'' *(અબૂ દાવૂદ, નસાઈ, ઈબ્ને માજા, બયહકી સુનનમાં)*

### ❖ કિ્યામતના દિવસે દરેકની ગવાહી ❖

હઝરત અબૂ સઈદથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તું અઝાન આપે બુલંદ અવાજથી આપ કારણ કે જે કોઈ એનો અવાજ સાંભળશે કિ્યામતના દિવસે તારા માટે ગવાહી આપશે.'' *(બુખારી, બયહકી સુનનમાં)*

### ❖ મુઅઝ્ઝિન માટે મગફેરતની દુઆ ❖

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુઅઝ્ઝિન માટે જ્યાં સુધી એનો અવાજ પહોંચે મગફેરતની દુઆ કરે છે અને એનો સવાબ જે એની સાથે નમાઝ પઢે એના સવાબ જેવો છે.

**ફાયદો** : એટલે કે એની અઝાન સાંભળીને જેટલા લોકો નમાઝ માટે આવે સર્વને એમની નમાઝનો સવાબ મળશે પણ અઝાન આપનારને સર્વ જેટલો સવાબ મળશે કારણ કે, લોકોના આવવામાં દા'વત મુઅઝ્ઝિનની છે.

### ❖ મુઅઝ્ઝિનના માથે અલ્લાહનો હાથ ❖

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે મુઅઝ્ઝિન પોતાની અઝાનમાં વ્યસ્ત હોય છે અલ્લાહ પોતાનો યદે કુદરત (કુદરતનો હાથ) એના માથા પર રાખે છે અઝાનથી ફારેગ થતાં સુધી આમ જ રાખેલો રહે છે. એનો અવાજ પહોંચે ત્યાં સુધી એના માટે મગફેરતની દુઆ કરે છે, પછી જ્યારે ફારેગ થાય છે તો રબ ફર્માવે છે મારા બંદાએ સાચુ કહ્યું અને....'' *(હાકિમ તારીખમાં, દૈલમી*

મુસ્નદુલ ફિરદૌસમાં)

### ❖ જંગલમાં પણ અઝાન કહો ! ❖

અબ્દુર્રહમાન બિન અબી સઅસઅ અન્સારીથી રિવાયત છે કે હઝરત અબૂ સઈદ ખુદરીએ એમને કહ્યું, "હું જોઈ રહ્યો છું કે તમને બકરીઓ અને જંગલ પસંદ આવે છે. જ્યારે તમે તમારી બકરીઓમાં હોય અથવા જંગલમાં તો નમાઝ માટે અઝાન કહો, પોતાનો અવાજ અઝાનમાં બુલંદ રાખો કારણ કે અઝાનનો અવાજ ઈન્સાન, જિન અને કોઈપણ વસ્તુ સાંભળશે તો એ તમારા માટે કિયામતના દિવસે ગવાહી આપશે." અબૂ સઈદે કહ્યું કે મેં એને રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું." *(માલિક, શાફેઈ, બુખારી, નસાઈ, ઈબ્ને માજા, બયહકી, સુનને કુબ્રા)*

### ❖ આગલા ગુનાહ માફ ❖

હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જે પાંચ વખતની અઝાન આપે ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવશે. અને જેણે પોતાના દોસ્તોની ઈમામત કરી પાંચ નમાઝમાં ઈમાન અને સવાબની નિય્યતે એના આગલા ગુનાહ બખ્શી દેવામાં આવશે." *(બયહકી)*

### ❖ દરેક વસ્તુ મુઅઝ્ઝિનની તસ્દીક (સમર્થન) કરે છે ❖

હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી રિવાયત છે. કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મુઅઝ્ઝિન માટે એનો અવાજ જ્યાં સુધી પહોંચે મગફેરતની દુઆ કરે છે અને દરેક ભીનું, સુકુ એની વાત સ્વીકારે છે." *(ઈબ્ને અબી શયબા, અબૂ દાવૂદ, તિયાલિસી, બયહકી સુનનમાં)*

### ❖ બધા નમાઝીઓના બરાબર સવાબ ❖

હઝરત બરાઅ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મુઅઝ્ઝિન માટે એનો અવાજ પહોંચે ત્યાં સુધી મગફેરતની દુઆ કરે છે અને દરેક ભીનું, સુકુ એનો જવાબ આપે છે જે સાંભળે, અને એના માટે એની સાથે જે નમાઝ પઢે એના જેવો સવાબ છે." *(અબૂશ્શૈખની રિવાયત)*

### ❖ કિયામતના દિવસે ઈજ્જતવાળા ❖

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "લોકોમાં લાંબા ગળાવાળા કિયામતના દિવસે અઝાન આપનારાઓ હશે." *(ઈમામ અહમદ)*

**ફાયદો** : ગળુ લાંબુ હોવાનો મતલબ ઈજ્જતવાન હોવું છે.

### ❖ મુઅઝ્ઝિનને તરસ નહીં લાગે ! ❖

અબૂબક્ર બિન અબૂ દાવૂદથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં મારા પિતાથી સાંભળ્યું : ફર્માવે છે, "મારી પાસે નબી ﷺનું ફર્માન છે, મુઅઝ્ઝિનોનું કિયામતના દિવસે લાંબુ ગળુ હશે. એમનાં ગળાં એટલે લાંબાં થશે કે લોકો કિયામતના દિવસે તરસ્યા હશે પછી જ્યારે માણસને તરસ લાગશે એનું ગળુ વળી જશે અને મુઅઝ્ઝિનોને તરસ નહીં લાગે તો એમના ગળાં સીધાં રહેશે." *(બયહકી સુનનમાં)*

### ❖ મોઅઝ્ઝિન જહન્નમથી મુક્ત ! ❖

અમીરુલ મુ'મિનીન ઉમર બિન ખત્તાબથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "જે ગોશત આગ પર હરામ છે મુઅઝ્ઝિનોનો ગોશત છે અને એમનું લોહી છે. અને જે પણ માણસ સાત વર્ષ અઝાન આપે જેમાં એની નિય્યત સાચી હોય તો એ જહન્નમથી મુક્ત છે." *(અબૂશ્શૈખ)*

### ❖ મોઅઝ્ઝિન માટે જન્નત વાજિબ છે ! ❖

હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે બાર વર્ષો

સુધી અઝાન આપે એના માટે જન્નત વાજિબ છે અને એની અઝાન પર એના માટે દરરોજ સાઈઠ નેકીઓ અને ઈકામત પર ત્રીસ નેકીઓ લખવામાં આવશે.'' *(ઈબ્ને માજા, હાકિમ, બયહકી સુનનમાં)*

**❖ અઝાન પછી દુરૂદ પઢો ! ❖**

હઝરત થૌબાન رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેણે એક વર્ષ સુધી સતત અઝાન આપી એના માટે જન્નત વાજિબ છે.'' *(બયહકી શુઅબુલ ઈમાન)*

**❖ સર્વ મુઅઝ્ઝિન બિલાલ પાછળ ❖**

હઝરત થૌબાનથી રિવાયત છે. એમણે કહ્યું કે મેં બિલાલને ખુશખબરી આપી તો એમણે મને કહ્યું, ''અય અલ્લાહના બંદા ! તમે કઈ વાતની મને બશારત આપો છો ?'' તો મેં કહ્યું, રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે બિલાલ ક઼િયામતના દિવસે એવી સવારી પર આવશે જેના પગ સોનાના, લગામ મોતી અને યાકૂતની, એમની પાસે ઝંડો હશે, મુઅઝ્ઝિનો એમની પાછળ પાછળ હશે, આપ એમને જન્નતમાં દાખલ કરશે, એટલે સુધી કે આપ જેણે ચાલીસ દિવસ અલ્લાહને રાજી કરવાના ઈરાદાથી અઝાન આપી એને પણ દાખલ કરશે.'' *(તબ્રાની સગીરમાં)*

**❖ શહીદો પછી મુઅઝ્ઝિનો જન્નતમાં ❖**

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. પૂછવામાં આવ્યું, ''અય અલ્લાહના રસૂલ ﷺ ! જન્નતમાં પ્રથમ પ્રવેશનાર કોણ છે ?!'' ફર્માવ્યું, ''નબીઓ પછી શહીદો પછી કા'બાના મુઅઝ્ઝિનો, પછી બયતુલ મુકદ્દસના મુઅઝ્ઝિનો, પછી મારી આ મસ્જિદના મુઅઝ્ઝિનો પછી સઘળા મુઅઝ્ઝિનો પોત પોતાના અમલો પ્રમાણે.'' *(હાકિમે તારીખમાં, બયહકી શુઅબુલ ઈમાનમાં)*

**❖ ઈચ્છે એની શફાઅત કરે ! ❖**

મૂસા તબીલથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે એક વર્ષ સુધી સાચી નિય્યતે અઝાન આપી જેના પર બદલાની માંગ ન કરે તો એને ક઼િયામતના દિવસે બોલાવવામાં આવશે. એ જન્નતના દરવાજા પાસે ઉભો રહેશે તો એને કહેવામાં આવશે કે જેની ઈચ્છે શફાઅત કર ! *(અબૂ અબ્દુલ્લાહ જાફર બિન હુસૈન જુરજાની અમાલીમાં, હમ્ઝા બિન યૂસુફ સહમી મુઅજ્જમમાં, ઈબ્ને અસાકિર, રાફેઈ, ઈબ્ને નજ્જાર)*

**❖ મુઅઝ્ઝિનો જુમ્આ સાથે ❖**

અબૂ મૂસાથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, હશ્રમાં જુમ્આને ઉજળો ચમકતો લાવવામાં આવશે, જન્નતવાળા એને ઘેરી વળશે દુલ્હન માફક. જે પોતાના પતિના ઘરે જઈ રહી હોય, સવાબની નિય્યતે અઝાન આપનારાઓ એની પાસે હશે.

**❖ મુઅઝ્ઝિનો હશ્રમાં બેફિકર ❖**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, ''ક઼િયામતના દિવસે મુઅઝ્ઝિનોને ભેગા કરવામાં આવશે જન્નતની ઊંટડીઓ પર, એમની આગળ બિલાલ હશે, બુલંદ અવાજથી અઝાન આપતા સર્વ એમને જોશે. પૂછવામાં આવશે આ કોણ છે ? તો કહેવામાં આવશે, મુહમ્મદ ﷺની ઉમ્મતના મુઅઝ્ઝિનો. લોકોને બીક લાગશે એમને નહીં લાગે, લોકો ચિંતામાં હશે તેઓ નહીં.'' *(ખતીબ, ઈબ્ને અસાકિર)*

**❖ અઝાનનો જવાબ અને ફાયદો ❖**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, અમે રસૂલુલ્લાહ ﷺ સાથે હતા એટલામાં બિલાલ ઉભા થઈ અઝાન આપવા લાગ્યા. પછી જ્યારે આપ ચૂપ થયા, રસૂલુલ્લાહ

ﷺએ ફર્માવ્યું, "જેણે કહ્યું કહેવા માફક યકીન સાથે, જન્નતમાં દાખલ થશે. *(હાકિમ મુસ્તદરકમાં)*

### ❖ આ દુઆ ભૂલો નહીં ❖

સઅદ બિન અબી વક્કાસ રઝિ.થી રિવાયત છે. આપ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, જે મુઅઝ્ઝિનથી સાંભળે ત્યારે પઢે, "હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદે બરહક્ક નથી, એ એકલો છે એનો કોઈ શરીક નથી, હું ગવાહી આપું છું કે મુહમ્મદ એના બંદા અને રસૂલ છે. (ﷺ) હું અલ્લાહના રબ હોવા પર, ઈસ્લામના દીન હોવા પર અને મુહમ્મદ (ﷺ)ના નબી હોવા પર ખુશ છું, એના ગુનાહ બખ્શી દેવામાં આવશે." *(માલિક, મુસ્લિમ, અબૂ દાવૂદ, ઈબ્ને માજા)*

### ❖ જવાબ અને ગુનાહોની માફી ❖

હઝરત મુગીરા બિન શુઆબાથી રિવાયત છે. આપ નબી ﷺથી રિવાયત કરે છે, "જ્યારે મુઅઝ્ઝિન અઝાન આપે એના જેવું જે કહે એના ગુનાહ માફ કરી દેવામાં આવશે." *(અબૂશ્શૈખે કિતાબુલ અઝાનમાં)*

### ❖ એક હજાર દરજાની બુલંદી પ્રાપ્ત ❖

મયસરાથી રિવાયત છે : તેઓ પોતાના અમુક ભાઈઓથી રિવાયત કરે છે, તેઓ નબી ﷺથી. આપે ફર્માવ્યું, અય ઔરતોની જમાઅત ! જ્યારે તમે આ હબ્શીથી સાંભળો કે અઝાન આપે છે અને ઈકામત કહે છે તો કહો જેમ તેઓ કહે, બેશક ! અલ્લાહ તઆલા તમારા માટે લખશે **દરેક કલ્મા પર એક લાખ નેકીઓ,** અને તમારા **એક હજાર દરજા બુલંદ** કરવામાં આવશે, અને તમારાથી **એક હજાર ગુનાહ માફ** કરી દેવામાં આવશે. તેણીઓએ વિનંતિ કરી, આ ઔરતો માટે છે, તો પુરૂષો માટે શું ? ફર્માવ્યું, મર્દો માટે એનું બમણુ." *(ઈબ્ને અસાકિર)*

### ❖ દરેક શબ્દ લાખનો ❖

ઉમ્મુલ મુ'મિનીન મયમુના રઝિ.થી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અય ઔરતોની જમાઅત ! જ્યારે તમે આ હબ્શીથી અઝાન અને ઈકામત સાંભળો તો જેમ એ કહે છે તમે કહો, બેશક ! તમારા માટે **હર હર શબ્દે હજાર હજાર દરજા** છે. ઉમરે કહ્યું, આ ઔરતો માટે છે તો પછી પુરૂષો માટે શું ?! ફર્માવ્યું, અય ઉમર ! **પુરૂષો માટે ડબલ.** *(તિબ્રાની કબીરમાં)*

### ❖ નેકીઓ જ નેકીઓ ! ❖

હઝરત ઈબ્ને ઉમર રઝિ.થી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "કહો જેમ કહે છે મુઅઝ્ઝિન, બેશક ! તમારા માટે **દરેક શબ્દના બદલામાં બે હજાર નેકીઓ** છે. ઉમરએ કહ્યું, અય અલ્લાહના રસૂલ ﷺ ! આ ઔરતો માટે છે, તો પછી પુરૂષો માટે શું ?! આપે ફર્માવ્યું, અય ઈબ્ને ખત્તાબ ! એમના માટે ડબલ છે." *(ખતીબ)*

**ફાયદો :** આખા દિવસની પાંચ નમાઝોની પાંચ અઝાન અને પાંચ ઈકામત ટોટલ દસ થઈ. અઝાનમાં બાર કલેમા અને ઈકામતમાં ૧૪, આમ એક સમયના ૨૬ કલેમા થયા જેથી બાવન લાખ નેકીઓ મળે જો જવાબ આપવામાં આવે અને સ્ત્રીઓને ૨૬ લાખ. બાવન હજાર દરજાની બુલંદી અને બાવન હજાર ગુનાહની માફી પુરૂષો માટે જો જવાબ આપે અને ૨૬ હજાર દરજાતની બુલંદ અને ૨૬ હજાર ગુનાહોની માફી સ્ત્રીઓ માટે જો જવાબ આપે.

### ❖ સવાબનો કુલ ટોટલ ❖

આખા દિવસની અઝાન અને ઈકામતના સવાબનો સરવાળો કરવામાં આવે તો એ **બે કરોડ**

**૬૦ લાખ નેકીઓ** થાય છે. અને સ્ત્રીઓ માટે **એક કરોડ ત્રીસ લાખ, એક લાખ ત્રીસ હજાર દરજાતની બુલંદી** સ્ત્રીઓ માટે અને **બે લાખ ૬૦ હજાર દરજાતની બુલંદી સ્ત્રીઓ માટે** અને બે લાખ ૬૦ હજાર દરજાતની બુલંદ પુરૂષો માટે, એક લાખ ત્રીસ હજાર ગુનાહોની માફી સ્ત્રીઓ માટે અને એનું ડબલ બે લાખ ૬૦ હજાર પુરૂષો માટે.

જુમ્આના દિવસે એક અઝાન બીજા દિવસોથી વધારે હોય છે તો ૨૪ લાખ નેકીઓ ઉપરના ટોટલમાં જુમ્આના દિવસે વધી જશે.

જો ''અસ્સલાતુ ખૈરૂમ મિનન્નૌમ''ને પણ અઝાનમાં સામેલ માની લેવામાં આવે તો મર્દોના ટોટલમાં ચાર લાખનો અને ઔરતોના ટોટલમાં બે લાખનો દરરોજનો વધારે થશે. ચાર હજાર દરજાતની બુલંદી પુરૂષો માટે અને બે હજાર સ્ત્રીઓ માટે અને ગુનાહોની માફીમાં આમ જ દરરોજના ટોટલમાં વધારો થશે.

જયારે અઝાન અને ઈકામતના જવાબનો આટલો બધો સવાબ છે તો પછી આપણે સમયસર નમાઝ માટે હાજરી આપવી જોઈએ અને અઝાન, ઈકામત સાંભળી એનો જવાબ આપવો જોઈએ અને પોતાને સવાબથી માલામાલ કરવું જોઈએ.

### ❖ અઝાનનો જવાબ આપો અને જન્નતમાં પ્રવેશો ! ❖

અમીરુલ મો'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

''જયારે મુઅઝ્ઝિન اَللّٰہُ اَکۡبَرُ કહે તો તમારામાંથી કોઈ કહે اَللّٰہُ اَکۡبَرُ પછી કહે اَشۡهَدُ اَنۡ لَّا اِلٰهَ اِلَّا اللّٰه તો કહે اَشۡهَدُ اَنۡ لَّا اِلٰهَ اِلَّا اللّٰه પછી કહે اَشۡهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوۡلُ اللّٰهِ તો કહે اَشۡهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوۡلُ اللّٰهِ પછી કહે حَیَّ عَلَی الصَّلٰوۃ તો કહે لَاحَوۡلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰه પછી કહે حَیَّ عَلَی الۡفَلَاحۡ તો કહે لَا حَوۡلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰهِ પછી કહે اَللّٰہُ اَکۡبَرُ તો કહે اَللّٰہُ اَکۡبَرُ પછી કહે لَا اِلٰهَ اِلَّا اللّٰه તો કહે لَا اِلٰهَ اِلَّا اللّٰه પોતાના દિલથી તો જન્નતમાં દાખલ થશે. *(મુસ્લિમ, અબૂ દાવૂદ, નસાઈ, તહાવી)*

આ હદીષ શરીફથી અઝાનનો જવાબ કે આપવો એ પૂરવાર થાય છે તો મુઅઝ્ઝિનના દરેક કલેમા પર એ કહે તો કહેવું પણ હય અલતૈનમાં ''લાહૌલા વલા કુવ્વતના ઈલ્લા બિલ્લાહ'' કહેવામાં આવશે.

ઈકામત અઝાન માફક છે અને એનો જવાબ અઝાન માફક આપવામાં આવશે, જેમ કે ઉપરોક્ત જવાબની હદીષમાં વર્ણન થયું. હા ! ઈકામતમાં **قدقامت الصلوٰة** બે વખત બોલવામાં આવે છે જે અઝાન પર વધારો છે, એનો જવાબ **اقامها الله وادامها** છે. હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે કે બિલાલે કહ્યું **قدقامت الصلوٰة** તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું **اقامها الله وادامها** *(અબૂશૈખ)* (આ પ્રમાણે અબૂ દાવૂદ, ઈબ્ને સિનની અને બયહકીમાં પણ રિવાયતો છે.)

ફજરમાં اَلصَّلٰوۃُ خَیۡرٌ مِّنَ النَّوۡمِનો વધારો થાય છે તો એના જવાબમાં :–

**صَدَقۡتَ وَ بَرَرۡتَ وَ بِالۡحَقِّ نَطَقۡتَ** કહેવામાં આવે. કામ સેકન્ડોનું અને ફાયદો જિંદગીનો.''

હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જયારે તમે અઝાન સાંભળો તો કહો જેમ એ કહે છે, **પછી મારા પર દુરૂદ** પઢો કારણ કે, જે મારા પર દુરૂદ પઢશે, અલ્લાહ તઆલા એના પર દસ રહમતો

ઉતારશે, પછી મારા માટે અલ્લાહ પાસે વસીલો માંગો એ જન્નતનું એક પદ છે, એ અલ્લાહના કોઈ એક બંદા માટે જ છે, હું ઉમ્મીદ રાખું છું કે એ હું પોતે જ છું, તો જેણે અલ્લાહથી મારા માટે વસીલાની માંગ કરી એના માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ.'' *(ઈમામ અહમદ, મુસ્લિમ, અબૂદાવૂદ, તિર્મિઝી, નસાઈ)*

**ફાયદો** : અઝાન સમાપ્ત થાય તો અઝાન બાદની દુઆ પઢતાં પહેલાં નબી ﷺની બારગાહમાં પ્રથમ દુરૂદ પઢવું જોઈએ અને કોઈ પણ દુઆ હોય એનાથી પહેલાં દુરૂદ હોવું જોઈએ.

### ❖ અઝાન પછીની દુઆ ❖

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કહે જ્યારે અઝાન સાંભળી લે :–

**اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّامَّةِ وَالصَّلٰوةِ الْقَائِمَةِ اٰتِ مُحَمَّدَنِ الْوَسِيْلَةَ وَالْفَضِيْلَةَ وَابْعَثْهُ مَقَامًا مَحْمُوْدَنِ الَّذِىْ وَعَدْتَّهٗ حَلَّتْ لَهٗ شَفَاعَتِىْ يَوْمَ الْقِيَامَةِ**

એના માટે મારી શફાઅત હલાલ થઈ. *(અહમદ, બુખારી, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ)*

### ❖ આ દુઆ પણ મેળવી લો ! ❖

સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે અઝાન સાંભળ્યા પછી કહે :–

**اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّ بِمُحَمَّدٍ رَّسُوْلًا وَّ بِالْاِسْلَامِ دِيْنًا غُفِرَ لَهٗ ذُنُبُهٗ**

તો એના ગુનાહ માફ કરી દેવામાં આવશે.'' *(મુસ્લિમ)*

### ❖ નેકીઓનો ખજાનો ❖

મૂસા બિન જાફરથી રિવાયત છે : તેઓ પોતાના પિતાથી અને પોતાના દાદાથી રિવાયત કરે છે. આપે કહ્યું રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે કહે જ્યારે મુઅઝ્ઝિનથી અઝાન સાંભળે **مَرْحَبًا بِالْقَائِلِيْنَ عَدْلًا مَرْحَبًا بِالصَّلٰوةِ اَهْلًا** અલ્લાહ એના માટે વીસ લાખ નેકીઓ લખવામાં આવશે. વીસ લાખ ગુનાહ માફ કરવામાં આવશે અને વીસ લાખ દરજાત બુલંદ કરવામાં આવશે. *(ખતીબ)*

સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું જે કહે જ્યારે મુઅઝ્ઝિન અઝાન આપે :

**اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّ بِالْاِسْلَامِ دِيْنًا وَّ بِمُحَمَّدٍ نَبِيًّا غُفِرَ لَهٗ ذُنُوْبُهٗ**

તો એના ગુનાહ બખ્શી દેવામાં આવશે. તો એક માણસે એમને સવાલ કર્યો, અય સઅદ ! એના આગલા પાછલા ગુનાહ ? એમણે કહ્યું, આ પ્રમાણે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે.'' *(ઈબ્ને અબી શયબા)*

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે કહે જ્યારે અઝાન સાંભળી લે :–

**اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّامَّةِ اٰتِ مُحَمَّدَنِ الْوَسِيْلَةَ وَابْعَثْهُ الْمَقْعَدَ الْمُقَرَّبَ الَّذِىْ وَعَدْتَّهٗ وَجَبَتْ لَهٗ شَفَاعَتِىْ**

તો એના માટે મારી શફાઅત વાજિબ છે.'' *(દારકુતની ઈફરાદમાં)*

હઝરત ઈબ્ને મસઊદથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે નમાઝની અઝાન સાંભળે તો મુઅઝ્ઝિન કહે એ તકબીર કહે, મુઅઝ્ઝિન લાઈલાહા ઈલ્લલ્લાહ અને શહાદત આપે મુહમ્મદુર્રસૂલુલ્લાહની તો એ એની શહાદત આપે અને કહે :–

اَللّٰهُمَّ اَعْطِ سَیِّدَنَا مُحَمَّدَنِ الْوَسِیْلَةَ وَاجْعَلْ فِی الْعَالَمِیْنَ دَرَجَتَهٗ وَ فِی الْمُصْطَفِیْنَ مَحَبَّتَهٗ وَ فِی الْمُقَرَّبِیْنَ ذِکْرَهٗ اِلَّا وَجَبَتْ لَهُ الشَّفَاعَةُ مِنِّی یَوْمَ الْقِیَامَةِ

એના માટે મારી શફાઅત વાજિબ છે કિ્યામતના દિવસ. *(ઈબ્ને સિન્ની)*

**ફાયદો** : અઝાન બાદની દુઆની અલગ અલગ રિવાયતો છે અને અમુકમાં થોડો શબ્દાર્થી ફરક છે, તો એમાંથી કોઈ પણ દુઆ પઢી શકાય છે, દુઆનો મૂળ હેતુ વસીલાની માંગ છે અને એ દરેક રિવાયતમાં છે.

**નોંધ** : આપણે અઝાન બાદની દુઆમાં અંતમાં આ શબ્દોનો વધારો કરીએ છીએ :–

وَارْزُقْنَا شَفَاعَتَهٗ یَوْمَ الْقِیٰمَةِ اِنَّکَ لَا تُخْلِفُ الْمِیْعَادَ

તો એ એટલા માટે કે દરેક રિવાયતી દુઆમાં શફાઅતની ખુશખબરી સંભળાવવામાં આવી છે તો આપણે કહીએ છીએ, ''અમને કિ્યામતના દિવસે આપની શફાઅત અતા ફર્માવશે, બેશક ! તું વાયદા ખિલાફી નથી કરતો. સારાંશ એ કે જે શફાઅતનો વાયદો છે એ શફાઅતની આપણે આપણા માટે માંગ કરી રહ્યા છીએ.

બીજો ખુલાસો એ છે કે જેની બશારત અને ખુશખબરી આપવામાં આવી છે એ ત્યારે મળે છે જ્યારે આપણો એ અમલ કબૂલી લેવામાં આવે. એટલે શફાઅતની માંગથી અમલ કબૂલી લેવાની માંગ છે. આ પ્રકરણમાં અઝાન, મુઅઝ્ઝિન, જવાબ આપનાર અને અઝાન બાદની દુઆ આમ ચાર પ્રકારની વાતો છે તો એ ચારેવની ફઝીલતમાં અમે ચાલીસ હદીષોનો અમૂલ્ય તોહફો તમને અર્પણ કર્યો. અલ્લાહ તઆલા આપણને અમલની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન.

પેજ નં. **૨૩** નું ચાલુ....

સાંભળો ! હઝરત મુગીરહ બિન શોઅબા સહાબીએ રસૂલ رضی اللہ عنہ છે એમનું બયાન છે. એકવાર હુઝૂર ﷺ કૌમના......ની પાસે તશરીફ લઈ ગયા, ઈસ્તિંજા કર્યો પછી આવ્યા. મેં પાણી પેશ કર્યું તો હુઝૂરે વુઝૂ કર્યું અને સરકાર ﷺએ પોતાના ચોથાઈ માથાનો મસહ કર્યો. તો તમામ હનફી ઈમામોની એ વાત પર એકમતિ છે કે ફર્માવે છે કે કુર્આને પાકની તે આયતે કરીમા મુજમલ (અધ્યાહન) છે, માથાંનો મસહ કરો, કેટલાનો ૧/૨, ૧/૪, ૧/૩ નો ? માપ સંબંધે આયતે કરીમા મુજમલ છે અને સરકાર ﷺએ જ્યારે એક હદીષે પાકમાં ૧/૪ માથાનો મસહ કર્યો, **તો એ હદીષે પાક એ કુર્આને પાકની આયતની શરહ (ખુલાસો કરનાર) થઈ ગઈ કે માથાનો મસહ કરો, કેટલો ? જેટલો હુઝૂરને કરતાં જોયા !**

તો જેવી રીતે અહીં સહાબીએ રસૂલ હઝરત મુગીરહ બિન શોઅબા رضی اللہ عنہની રિવાયતથી એ સાબિત થઈ ગયું કે કુર્આન પાકની આયતે કરીમામાં જે ઈજમાલ (ટૂંકમાં વર્ણન) છે તેનો ખુલાસો આ હદીષે પાક છે. એ જ પ્રમાણે હું કહું છું કે જનાબ રહ્મતુલ લિલ્ આલમીન ﷺની હદીષે પાક **''અવ ફુલ્લુહા''** ''દાઢીઓ વધારો !'' એમાં જે ટૂંકમાં વર્ણન છે એનો ખુલાસો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની આ હદીષે પાક છે. **જેનાથી સાબિત થઈ ગયું કે એક મુઠ્ઠી દાઢી રાખવી એ વાજિબ છે.** અને ખૂદ સરકાર ﷺનો નિયમ એ હતો કે સહાબાએ કિરામ ફર્માવે છે કે **આપની દાઢી છાતીને ભરેલી રહેતી હતી તો જ્યારે દાઢી છાતીને ભરેલી રહેતી હતી તો એક મુઠ્ઠીથી ઓછી હશે જ નહીં, પણ એનાથી વધારે જ હશે.**

સારાંશ કે આ બંનેવ હદીષોને મિલાવીને સાબિત થઈ ગયું કે, **''એક મુઠ્ઠી દાઢી રાખવી વાજિબ છે.''**

**દયાદરા પંથકમાં ખુશીઓની લહેરો દોડી ઉઠી !**

# હુઝૂર તાજુશ્શરીઅહ્‌નું ભાવભર્યું આગમન !

**કાર્યાલય**

સુન્ની આલમની અજોડ શખ્સિયત, ઈલ્મ તથા તકવામાં જેમનો આજે કોઈ ષાની મળવો મુશ્કેલ છે, ઈલ્મે શરીઅત તથા તરીક઼તના સંગમસમી મહાન હસ્તી નબીરએ આ'લા હઝરત, પીરે તરક઼ત, પેશ્વાએ રૂહાની, તાજુશ્શરીઅહ્‌, ક઼ાઝીયુલ ક઼ુઝાત હઝરત અલ્લામા મૌલાના મુફ્તી **અખ્તર રઝાખાં અઝહરીમિયાં** સાહબ ક઼િબ્લા જાનશીને મુફ્તીએ આ'ઝમે હિંદ مدظلہ العالی તા.૨૫ ઓકટોબર ૨૦૦૭ જુમેરાતેના રોજ વડોદરા એરપોર્ટ પર આવી પહોંચતાં હઝરત મુઈને મિલ્લત હઝરત સૈયદ મુઈનુદ્દીનબાવાની સદારતમાં આપનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું. ત્યાંથી સીધા હઝરત દયાદરા તશરીફ લાવ્યા તો દયાદરા ગામમાં પ્રવેશ દ્વારે આતુરતાથી રાહ જોતા ગ્રામ્યજનો, તલબા વગેરે અકીદતમંદોએ પુરજોર નારાઓ સાથે હઝરતનું સ્વાગત કર્યું. અકુજી હોલના ખાસ કમરામાં હઝરતને ઉતારો અપાયો. હતો. અસરબાદ ગામની બહાર ગામની ઔરતોને પર્દાની વ્યવસ્થા સાથે તેમજ કેટલાક મર્દો, યુવાનો, બાળકોને મુરીદ બનાવ્યા. મગરિબની નમાઝ હઝરતે દયાદરા મુખ્તારુલ મસાજિદ મસ્જિદમાં પઢાવી. ત્યારબાદ અસંખ્ય લોકો ભરચક મસ્જિદમાં મુરીદ તથા તાલિબ થયા અને બાદમાં હઝરત કસીદા બુર્દા શરીફ પઢયા તો ઐતિહાસિક રૂહાની મંઝર સજી ગયો હતો. ખૂબ જ ખુશ્નુમા રૂહાની વાતાવરણ છવાઈ ગયું હતું. સૂરત, વડોદરા, ભરૂચ, નર્મદા જિલ્લાઓમાંથી દૂર દૂરથી મસ્લકે આ'લા હઝરતના શયદાઈઓ ઉમટી પડયા હતા. રાત્રે ખલીફા તાજુશ્શરીઅહ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાની સદારતમાં ''યવમે ઈમામ અહમદ રઝા'' ઈશા બાદ અકુજી કોમ્યુનિટી હોલ બહાર મેદાનમાં યોજાયો જેમાં હજારોની સંખ્યામાં સુન્ની ભાઈ બહેનોએ હાજરી આપી હતી, ઔરતોને બેસવા અલગ ઈન્તેઝામ હતો. હઝરત સાથે આપના દામાદ હઝરત મૌલાના શોએબ રઝા સાહબ, હઝરત સૈયદ ઝયનુદ્દીનબાપુ નડિયાદવાળા, હઝરત સૈયદ શૌકતઅલીબાપુ જંબુસરી, હઝરત સૈયદ હશ્મતબાપુ મજુમિયાં તેમજ ઘણા ઉલમા સાદાત રોનકે સ્ટેજ હતા. હઝરત સૈયદ સલીમબાપુ તેમજ હઝરત મૌલાના શોએબ રઝા સાહબે શાને આ'લા હઝરતમાં ઈમાન અફરોઝ બયાનો કર્યા હતાં. મુંબઈથી આવેલા નઅતખ્વાં જનાબ ખાલિદ રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ હઝરતના લખેલ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા ત્યારે અવામ જઝબાતમાં બેકાબૂ બની ઝુમી ઉઠી હતી. છેવટમાં હઝરત તાજુશ્શરીઅહ્‌ના નૂરાની ચેહરાના જમાલથી આપની રૂહાનિયતથી પ્રભાવિત હજારોનો મજમો એકબીજાની પીઠ પર હાથ રાખીને કેવળ આગલી હરોળમાં ચાદર રાખીને મુરીદ તથા તાલિબ થયો હતો. અંતમાં હઝરતે પીરી મુરીદીની અસ્લ તથા સાચા પીરની પેહચાન કુર્આન હદીષની રોશનીમાં દર્શાવી તેમજ સિરાતે મુસ્તક઼ીમ કોને કહેવાય, મસ્લકે આ'લા હઝરત શું વગેરે વાતો સમજાવી તો મજમો રૂહાની ઈમાની કૈફિયતથી જોશમાં આવી ગયો હતો. ખૂબ જ ખુશ્નુમા મંઝર રચાયો હતો. બીજા દિવસે જુમ્આની નમાઝ ભરૂચ બાદશાહી મસ્જિદ ખાતે હઝરતે પઢાવી ત્યાં પણ પુષ્કળ મર્દો તેમજ ઔરતો સિલસિલામાં દાખલ થયાં. પછી હઝરત વડોદરા જવાના રવાના થયા તો અંકલેશ્વર અન્સાર માર્કેટની ઉડતી મુલાકાત લીધી ત્યાં સેંકડો લોકો બયઅત થયા હતા. આ દૌરા દરમ્યાન હુઝૂર તાજુશ્શરીઅહ્‌એ સુન્નિયતની તથા મસ્લકે આ'લા હઝરતની ખિદમતને લક્ષમાં રાખીને પટેલ શબ્બીર અલી રઝવી **તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)**ને પણ એમના ઘરે **''ખિલાફત તથા ઈજાઝત''થી નવાઝયા** હતા.

**સુન્ની દા'વતે ઈસ્લામીના ભરૂચમાં થયેલ**

કાર્યાલય

# સુન્ની ઈજતેમાની ઈમાન અફરોઝ ઝલકો !

**'સુન્ની દા'વતે ઈસ્લામી'**ના સુન્ની ઈજતેમાનું નામ પડતાં જ લોકોના દિલો દિમાગ પર એક નૂરાની રૂહાની ચિત્ર અંક્તિ થઈ જાય છે. અલ્હમ્દુલિલ્લાહ ! કે આ ઈજતેમામાં ઈશ્કે નબી ﷺની શમ્અ તેઝતર થાય છે, મર્દ ઔરતોના દિલોની સફાઈ, ગુનાહોની ગંદકીને ત્યજવા અને નેકીભરી પાકીઝા જિંદગી જીવવાની તા'લીમ, નઅતેપાકના મનમોહક નગ્માઓ અને જેહાલતના અંધકારને દૂર કરતા ઉલમાએ કિરામ તથા મુફ્તિયાને કિરામ તેમજ મુબલ્લિગોનાં બયાનો, ઈસ્લામી બારીક પેચીદા મસાઈલની સમજ આપતા પ્રોગ્રામો, નમાઝના વગેરેના મસાઈલની પ્રેક્ટિકલ તા'લીમના પ્રોગ્રામો વગેરે સર્વ દીનને શીખવા ઈમાનને પુખ્તા કરવાના રૂહાની મંઝરો અહીં થતા હોય છે. જાહિલોને જ્ઞાન મળે છે અને ઈલ્મવાળાના ઈલ્મોમાં વધારો થાય છે. બસ ! એ જ પ્રમાણેના રૂહાની મંઝરોની પુર બહાર ઝલકોથી દિલોની દુનિયાને રોશન કરવા તા. ૧૦/૧૧ નવે. ૦૭ના ભરૂચ સબ જેલ ગ્રાઉન્ડ પર ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો પુરનૂર બે દિવસીય સુન્ની ઈજતેમા ખલીફા તાજુશ્શરીઅહ પીરે તરીકત આલિમે બેમિષાલ આલે રસૂલ નાઈબે રસૂલ હઝરત અલ્લામા સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર) તથા હઝરત સૈયદ હશ્મતઅલી બાપુ બરકાતી (જંબુસર)ની સદારતમાં બે દિવસ માટે યોજાયો. જેમાં પ્રથમ તા. ૧૦ શનિવારે બેવાગ્યાથી મગરિબ બાદ સુધી બહેનોનો ઈજતેમા યોજાયો જેમાં ભરૂચ શહેર ઉપરાંત જિલ્લાની બહેનોએ હજારોની સંખ્યામાં હાજરી આપી. પર્દાનો સંપૂર્ણ એહતેમામ ગ્રાઉન્ડ પર રહ્યો અને પર્દા હેઠળ હઝરત મૌલાના રફીઉદ્દીન પરભનીવાળા, જનાબ સૈયદ અમીનુદ્દીન માલેગાંવી, જનાબ રાશિદભાઈ–મુંબઈ, જનાબ હાફેઝ અ. રહીમ ભોલાવવાળા વગેરેએ ઔરતોને લગતા જરૂરી મસાઈલભર્યાં ઈસ્લાહી બયાનો, નઅતો રજૂ કરી તથા મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન સાહબે બહેનોના મજમામાંથી આવેલા દીની, પ્રશ્નોના જવાબો રજૂ કર્યા. અંતમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી સાહબે રિક્કતઅંગેઝ બયાન કરી બહેનોમાં ઈસ્લામી અખ્લાક અપનાવવા ગંભીર વાતાવરણ ખડુ કરી દીધું હતું. મગરિબ બાદ ઝિક્ર દુઆ બાદ બહેનોનો ઈજતેમા પૂર્ણ થયો હતો. બીજા દિવસે રવિવારે ૧૦ વાગ્યાથી ઈજતેમા શરૂ થયો જેમાં મુબલ્લિગો મૌલાના રફીઉદ્દીન પરભનીવાળા, રાશિદભાઈ, હાફેઝ અ. રહીમ, સુલ્તાન રઝા, મુઈનુદ્દીનભાઈ, ઈમ્તયાઝભાઈ ભીવંડીવાળા વગેરે મુબલ્લિગોએ નઅતે પાક, બયાનો, મસાઈલ તથા ફઝાઈલ રજૂ કર્યા હતાં ત્યાર બાદ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબે વલવલાઅંગેઝ બયાન કર્યું ત્યારબાદ બુલબુલે બાગે મદીના કારી રિઝવાન સાહબે નઅતે પાક તથા ફઝાઈલ મસાઈલની ઈલ્મી વાનગી પોતાના અનોખાં અંદાઝમાં રજૂ કરતા રહી નિઝામત સંભાળી. અસર બાદથી ઈશાની અગાઉ સુધી સવાલ જવાબનો શેશન ચાલ્યો જેમાં હજ્જ, દાઢી, શેરબજાર, મિચ્યુઅલ ફંડ.... વગેરે વિશે લાજવાબ પ્રશ્નોતરી હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી થકી ચાલી હતી. ઈશા બાદ વિવિધ પ્રોગ્રામોમાં હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી સાહબને કા'બા શરીફમાં પ્રવેશની જે સઆદત મળી તે બદલ તેમનું સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શાખા વતી હઝરત સૈયદ સલીમ બાવા તથા સૈયદ હશ્મતબાપુ બરકાતી–જંબુસરી થકી શાલ ઓઢાડી સન્માન કરાયું, તેમજ મુફતી નિઝામુદ્દીન સાહબની ''મશીની ઝબીહા'' કિતાબને ગુજરાતીમાં તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)એ કરેલ તેનો રસ્મે ઈજરાનો પ્રોગ્રામ થયો ત્યારબાદ મુબારકપુર જામિયા અશ્રફિયાથી આલિમ ફાઝિલ થનાર ત્રણ મિસ્બાહી આલિમો તેમજ ઓઝાગંજ તથા લેડી સ્મિથથી મુફતીની સનદ પામનાર બે મુફતીઓનો ઈસ્તકબાલિયા પ્રોગ્રામ થયો. છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ પોતાની આગવી શૈલીમાં બીજાને કામ આવવા સંબંધે ઈસ્લામી આદેશને, કોઈના દુઃખમાં સહભાગી થવા વિશે કુર્આનની ઘણી આયતો પેશ કરીને ભાવયુક્ત બયાન કર્યું હતું. છેવટે ઝિક્ર દુઆમાં રડી રડીને લોકોએ દુઆ ગુજારી. છેવટે હઝરત સૈયદ સલીમબાવાની દુઆ પર ઈજતેમા પૂર્ણ થયો.

## બરકાતે ખ્વાજાની ટપાલ
કાર્યાલય

### અલ્લાહ જઝાએ ખૈર આપે !

**ખોજબલ** : ના જનાબ "દાઉદ શેઠ" સાહબે "મસ્જિદે રઝા–કલાદરા" માટે તેમના મર્હૂમ વાલિદૈનના સવાબ અર્થે પોતાની જમીન લિલ્લાહ આપી છે. દુઆ કરશો કે રબ્બે કરીમ તેમની આ કુર્બાનીને કબૂલ ફર્માવે અને તેમની બંને દુનિયા આબાદ ફર્માવે તથા મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

–પ્રમુખ : ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા

### કિતાબ "ધર્મોમાં ભેળસેળથી બચો !" ખૂબ ગમી

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની પ્રકાશિત "કૌમી એકતાના નામે ધર્મોમાં ભેળસેળથી બચો" કિતાબ સમયોચીત છે. કિતાબમાં વર્ણવેલ બાબતો ઘણા સ્થળે વધુ પ્રમાણમાં બની રહી છે. કહેવાતા લીડરો પોતાના સ્વાર્થ ખાતર શરીઅત વિરુધ્ધ વર્તી રહ્યા છે. એવા લોકોએ આ કિતાબ અવશ્ય વાંચવી જોઈએ અને વાસ્તવિક્તા જાણવી જોઈએ. તેઓ માટે આ કિતાબ લાલ બત્તી સમાન છે. .......બરકાતે ખ્વાજા (માસિક) પણ મસ્લકે આ'લા હઝરતનો ડંકો વગાડી રહેલ છે જે પ્રસંશનીય સરાહનીય છે. *–અ. હબીબ તરકવાડીયા–જસદણ*

### લેખ ખૂબ પસંદ પડયો !

ઓકટોબર–૨૦૦૭ના અંકમાં મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરાનો લેખ વાંચી ખૂબ જ ખુશી થઈ. "માનવી આદમની ઔલાદ છે વાનરની નહીં !" ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો પર્દો ચિરાઈ ગયો. રજૂ કરવા બાબત ખૂબ ખૂબ આભાર ! –યૂસુફ રંગૂનવાળા પોરબંદર

### શાદી મુબારક

ખલીફા તાજુશ્શરીઅહ હઝરત સૈયદ મુહમ્મદ ફખ્રુદીન મોહયુદીન કાદરી રઝવી–બળૌદાની નેક દુખ્તર સૈયદ તસ્નીમબાનુની શાદી હઝરત સૈયદ શૌકતઅલી કાદરી–જંબુસર (ખલીફા નૂરાનીબાવા પેટલાદી)ના નેક ફરઝંદ મુહમ્મદ આસિફઅલી સાથે તા. ૫–૧૧–૦૭ના રોજ કુરેશી હોલ બરોડા ખાતે રાખવામાં આવી. બંને તરફથી દા'વતનામા આવ્યાં હતાં. (દુલ્હા–દુલ્હન તથા બંને કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : હાજી યાકૂબભાઈ કુરચણવાળાની નેક દુખ્તરો શાહીનાબાનુની દયાદરાના શબ્બીર અલી ગની સાથે તેમજ સીરીનબાનુની શાદી દયાદરાના રઝાઉદ્દીન યાકૂબ મજે સાથે તા. ૧૨–૧૧–૦૭ના રોજ રાખવામાં આવી. દુલ્હનો–દુલ્હાઓ, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : સૈયદ મેહમૂદમિયાં હસ્સુમિયાં (ચાંચવેલવાળા)ની નેક દુખ્તર ફરહાનાબાનુની શાદી સૈયદ જાવિદ અલી (S/o. સૈયદ મેહરઅલી–સમીયાલા) તથા નેક ફરઝંદ સૈયદ રિયાઝુદ્દીનની શાદી ખાલિદાબાનુ (D/o. સૈયદ લિયાકત અલી–રાજપીપળા) તા. ૨૭/૨૮–૧૦–૨૦૦૭ના દિવસોમાં રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સૂતરેલ** : ના મુહમ્મદ વલી પટેલની નેક દુખ્તર નસીમાબાનુની શાદી સારણના મર્હૂમ આદમ વલી પટેલના નેક ફરઝંદ મુહમ્મદ આરિફ સાથે તા. ૨૯–૧૦–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### કારી રિઝવાન સાહબની નઅતિયા મેહફિલો

જનાબ હાફેઝ આદમ કંબોલીવાળા (હાલ : લેસ્ટર, યુ.કે.)ની નેક દુખ્તરના શાદી પ્રસંગ નિમિત્તે તા. ૭–૧૨–૨૦૦૭ જુમ્આના રોજ ઈશાની નમાઝ ભરૂચ–મદીના પાર્ક ખાતે બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) મુંબઈથી તશરીફ લાવી નઅતે પાક પેશ કરશે.

તેમજ તા. ૧૬–૧૨–૨૦૦૭ રવિવારે ઈશા બાદ **દયાદરા** મુકામે પણ જનાબ કારી રિઝવાન સાહબ મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહીના શાદી પ્રસંગ નિમિત્તે તશરીફ લાવી મેહફિલે નઅત સજાવશે. આશિકાને મુસ્તફાને વધુને વધુ સંખ્યામાં હાજર રહેવા હાર્દિક નિમંત્રણ છે. ઈશા પછી તરત શરૂ થઈ પ્રોગ્રામો ૧૨.૧૫ વાગે ખત્મ થઈ જશે.

★ જંબુસરથી સૈયદ હશ્મતઅલી બાપુ બરકાતી લખી જણાવે છે કે 'બરકાતે ખ્વાજા' (માસિક)ના વડોદરા ગ્રાહક નંબર ૫૯૬ જનાબ બશીરખાં યુ. પઠાણ **ONGC** વાળાની સાહબઝાદી શાહીનબાનુની નિકાહખ્વાની ભરૂચના ઝહીરુદ્દીન એ. સૈયદના સાહબઝાદા સૈયદ મક્બૂલહુસૈન સાથે તા. ૪/૧૧/૦૭ના રવિવારે રાત્રીના ઈશાની નમાઝ બાદ તેમના નિવાસસ્થાન બાવામાન વડોદરા ખાતે યોજાયેલ જેની ખુશીમાં જનાબ બશીરખાં પઠાણ સાહબ તરફથી ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરાને રૂા. ૫૧/– મોકલવામાં આવેલ છે. નિકાહખ્વાની મૌલાના સૈયદ વજીહુદ્દીન બાપુએ પઢાવી હતી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ખિલાફ્ત અપર્ણ

**વડોદરા** : મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા)ના સાહબઝાદા હઝરત સૈયદ મૌલાના કારી અમીરુદ્દીનબાવા સાહબને "ઉર્સે અઝીમે મિલ્લત"ના મુબારક અવસરે તા. ૨૬–૧૦–૦૭ જુમ્આના રોજ ઈશા બાદ પુષ્કળ સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામ તેમજ હજારો સુન્ની અવામ વચ્ચે હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા અખ્તરરઝા અઝહરીમિયાં (બરેલી શરીફ)એ ખિલાફતો ઈજાઝતથી નવાઝયા. સુબ્હાનલ્લાહ ! આ મુબારક અવસરે અમારા તરફથી અમીરબાવાને ખૂબ ખૂબ મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વડોદરા** : દારુલ ઉલૂમ આ'લા હઝરત (વડોદરા)ના ઉપક્રમે તા. ૧૨–૯–૨૦૦૭ના રોજ જામિઆ સિદ્દીકા અલ બનાત (થામ) અને જામિઆ આઈશા મદરસતુલ બનાત (ધ્રોલ)માંથી ફારિગ થયેલ આલિમા ફાઝિલા છોકરીઓનો ઈસ્તેકબાલિયા પ્રોગ્રામ દારુલ ઉલૂમના નૂરી હોલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં મુબલ્લિગા મુમ્તાઝબાનુ કહાનવાલા અને આલિમા રૂબીના બાનુ પાલેજવાલાએ રૂહપરવર બયાન કર્યું હતું. બયાન પછી છોટે સરકારે કિબ્લા હઝરત પીરે તરીકત સૈયદ મુઈનુદ્દીનબાવા (જુમ્આ મસ્જિદવાળા)નાં સાહબઝાદીના મુબારક હાથે આલિમા ફાઝિલાઓને ફૂલહાર કરવામાં આવ્યો હતો અને દરેકને "કિતાબ ફઝાઈલે આમાલ" ભેટ આપવામાં આવી હતી. અંતે સલાતો સલામ અને નિયાઝ બાદ જલ્સો સંપન્ન થયો હતો. (રજૂ. જનાબ હાજી અ. અઝીઝ ડી. ધનાની સાહબ, વડોદરા)

**રૂા. ૪૦/– M.O. કરીને કિતાબ મંગાવો**

**કુર્આનના હેરતનાક કિસ્સા** (પેજીસ : ૧૩૧)

લેખક : મર્હૂમ હાજી અ. ગફ્ફાર ચોલા

પ્રકાશક : મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી), ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

## ઈન્તેકાલ પુરમલાલ !

**પોરબંદર** : ખાતે હઝરત મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી સાહબનાં વાલિદા તા. ૨૬–૧૦–૨૦૦૭ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં તેમની દફનવિધિ અસરની નમાઝ બાદ કરવામાં આવી. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે નૂર મુહમ્મદ કોંગોવાળાનાં મધર જુલેખાંબેન તા. ૧૪–૧૧–૦૭ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હાડગુડ** : રમઝાન શરીફના ૨૬ મા રોઝાએ તા. ૧૦/૧૦/૦૭ના રોજ મહીયુદ્દીન સૈયદની ૧૧ વરસની પુત્રી હીનાબાનુનો ઈન્તેકાલ થઈ ગયો. મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૧૦૧/– મળ્યા છે. મૌલા તઆલા મર્હૂમાની મગફેરત કરે, જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ આપે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અત કરે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઇંટોલા** : મુકામે નાઝિમે આ'લા દા.ઉ. ખદીજતુલ

કુબ્રા, મલેક ઈબ્રાહીમ વાસણવાળા ટૂંકી માંદગી બાદ તથા ૨૨–૧૦–૨૦૦૭ના (૯ શવ્વાલ હિ.સ.૧૪૨૮) સોમવારે ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમ નેક ખયાલના, દીનદાર, સાદાત–ઉલમાના ચાહક, દીની કામોમાં, ઈલ્મે દીનના ફેલાવવામાં દિલચસ્પી ધરાવનાર હતા. તેમનો જનાઝો સલાતો સલામ સાથે સાદાત ઉલમાની મૌજૂદગીમાં ઉઠયો હતો. મૌલા કરીમ તેમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને પાછળનાંઓને સબ્રે જમીલ આપે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મર્હૂમ યાકૂબ મુન્શી માસ્તરના ચાલીસાના મોકા પર તેમના જમાઈ જનાબ અઝીઝ માસ્તરે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને રૂા. ૧,૦૦૦/– મર્હૂમના સવાબઅર્થે આપ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેમની આ સખાવત કબૂલ કરે અને મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હલદરવા** : હાજી હસન મહમદ સુબાના વાલિદ સાહબ ૧૫ રમઝાન શરીફ જુમ્આના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. એમના સવાબ અર્થે બરકાતે ખ્વાજા (માસિક)ને પાંચ ગ્રાહકોના પૈસા તેમના તરફથી મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ પાક તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત કરે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**માંચ** : જહાંગીર નૂર મુહમ્મદના ફરઝંદ ''મુહમ્મદ હમ્ઝા''ની ''બિસ્મિલ્લાહખ્વાની'' હઝરત બાવા રૂસ્તમ દરગાહે પઢાવી તેની ખુશીમાં રૂા. ૨૦૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને મોકલ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા ફરઝંદને તેના હબીબ ﷺના સદકામાં નેક બનાવે, માંબાપની આખોની ઠંડક બનાવે, ઈલ્મે દીનનો, દીનો મિલ્લતનો ખાદિમ તથા પાબંદ બનાવે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**''બેહતરીન હજ્જ'' સંબંધે ખુલાસો** : બેહતરીન હજ્જ કિતાબના સંપાદક હાજી ખાદિમ હુસૈન. યુ. મન્સુરી (ગાંધીનગર) જણાવે છે કે, ''હવે પછી છપાનાર ચોથી આવૃત્તિમાં જ્યાં ''જમાઅત સાથે'' શબ્દો વાપર્યા છે તે રદ કરી દઈશ અને ચાલુ કિતાબમાં ''જ્યાં જ્યાં જમાઅત સાથે શબ્દો લખેલ છે તે રદ ગણવા'' તેવા મતલબની કાપલી કે સિક્કો લગાડી દઈશ. આ પ્રમાણે ખુલાસો એમના પત્રમાં છે તો એ પ્રમાણે સુધારો થઈ જાય તો પછી એ કિતાબ ''બેહતરીન હજ્જ'' સંબંધે અમને કોઈ વાંધો રહેશે નહીં. સુન્નીઓ મંગાવી તથા વાંચી શકે છે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**જરૂરી ખુલાસો** : ''સીરતે સૈયદુલ મુરસલીન'' ﷺ કિતાબ જેની અમોએ જાહેરાત કરી હતી તેના સંપાદકોમાં પ્રથમ નામ : (૧) હઝરત મૌલાના સૈયદ કમરૂદ્દીનબાવા કારંટવી સાહબ અને (૨) જનાબ હાજી જી. એ. મોમિન અશરફી પાટડીવાળા છે જેની દરેકે નોંધ લેવી. શરતચૂકથી બાવા સાહબનું નામ છપાવાનું રહી ગયેલું જે બદલ અમો દિલગીર છીએ. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* **નોંધ** : હવે આ કિતાબ અમારી પાસે સ્ટોકમાં નથી જેથી ૧૦–૧૧ મહિનામાં મેમ્બર તથા રિન્યૂ થયેલા બાકી હશે તેમને ''સીરતે મુસ્તફા'' ﷺ (અઝ : આઝમી સાહબ) તથા અન્ય કિતાબ આપવામાં આવશે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**માસિક અંક/કિતાબો સંબંધે ફરિયાદ માટે** : બરકાતે ખ્વાજા (માસિક) અથવા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની કિતાબો મળે ન મળે એ સંબંધી ફરિયાદ માટે અથવા સરનામુ વગેરે બદલવા સુધારવા સંબંધે ગ્રાહક/મેમ્બર નંબર જણાવી આ ફોન નંબરે સમય સવારના ૮ થી ૧૨ બપોરે ૨ થી ૪ સુધીમાં વાત કરવી :–

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨ એ ન મળે તો. (મો.) ૯૪૨૭૪ ૬૪૪૧૧ અથવા ૯૪૨૭૮ ૧૭૩૯૯

---

**વજન વધારો/ઘટાડો** : દવા/કસરત/આડ અસર/વિઝીટ વિના શ્રેષ્ઠ આયુર્વેદિક હર્બલ કોમ્બીનેશન દ્વારા વિવિધ કિંમતોમાં ઉપલબ્ધ. સંપર્ક : **ઈસ્માઈલ સાલેહ**, મોટા ચકલા, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ (ગુજરાત–ઈન્ડિયા), ફોન : (૦૨૬૪૨) ૩૨૫૫૨૨, ૨૮૨૩૨૨ (કુરીઅર/કાર્ગો દ્વારા પણ મળી શકશે.)